# પ્રકરણ પાંચમું

## શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની રસસૃષ્ટિ

 Chapter-4

## પ્રકરણ ૪

### શ્રીમાન્ વિશ્વવંદ્યનો વાઙ્મયવિહાર

સામાન્ય જનસમાજમાં "શ્રી માસ્તર સાહેબ"ના હુલામણા નામથી પરંતુ "વર્ગ"માં તો તે નામ ઉપરાંત, સદ્‌ગુરુએ સર્વોત્તમ શિષ્યને પ્રેમપૂર્વક નવાજેલા "વિશ્વવંદ્ય"ના સાચા-સાર્થક નામથી પ્રસિધ્ધિ પામેલા શ્રી છોટાલાલ જીવનલાલનું જીવન ક્રમિક વિકાસના કુદરતના નિયમના નિરપવાદ દૃષ્ટાંતરૂપ હતું. તેમની સર્વતોભદ્ર દૃષ્ટિ વ્યાપક અને વિશાળ હતી. પહેલ પાડેલા પાસાંયુક્ત હીરાની જેમ તેમના દીપ્તિમંત જીવનની પ્રતિભાનો પ્રકાશ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પથરાયેલો રહેતો. કોઈ કુશળ બહુરૂપીની જેમ તેમનું તેજસ્વી વ્યક્તિત્વ આદર્શ શિક્ષક, શિષ્ય, સાધક, યોગી, સમાજસેવક, સંયોજક, કવિ, સાહિત્યકાર, તંત્રી.....વગેરે અનેકવિધ સ્વરૂપોમાં ઝળહળી રહ્યું. પરંતુ એ સર્વ વિવિધ ભાસતા વેષ-પરિવેષના કેન્દ્રમાં તેમની સદ્‌ગુરુચરણાનુરક્તિ, નિષ્કામ નિઃસ્પૃહ સેવાવૃત્તિ અને આધ્યાત્મિક એકતાની કડી છેક સુધી -- ઝંઝાવાતોની મધ્યે પણ - અખંડ અને અનવદ્ય રહી છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીના સ્વરૂપાવસ્થાન પછી તો તેમના પર "વર્ગ"ના નેતૃત્વની ભારે જવાબદારી આવી પડી, એટલું જ નહીં પણ માત્ર બાર વર્ષના કિશોર ઉપેન્દ્રમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીના તનુજ તરીકે અલૌકિક પરમાત્મનિષ્ઠાનું નિર્વહણ કરવા ઉપરાંત તેમના અંગત માર્ગદર્શક શિક્ષક અથવા વ્યાવહારિક અર્થમાં ગુરુજન તરીકે રહી તેમનામાં અંતર્હિત રહેલી શક્તિઓને ખીલવવાની સેવા-ફરજ બજાવવાની કપરી કસોટીમાંથી તેમને પસાર થવું પડ્યું હતું. વળી, પોતાના પરમ જ્ઞેયોપાસ્ય સદ્‌ગુરુશ્રીના તનુનું તિરોધાન થવાથી વિશાળ સાધકસમુદાય એક પ્રકારની અસહાય વિષણ્ણ શૂન્યાવસ્થામાં ગરકાવ થઇ કિંકર્તવ્યવિમૂઢ બની રહ્યો હતો. ચાતકની ગગનમીટની જેમ

સૌ કોઈની આંખો – અંતરની આંખો – સર્વની સેવા કરી સર્વના સેવ્ય થવાને અધિકારી બની ચૂકેલા વિશ્વવંદ્ય પ્રતિ મીટ માંડી રહી હતી.....અને એ સૌની આશાના કેન્દ્ર સમા વિશ્વવંદ્યે તેમની શ્રધ્ધાની વેલ સુકાવા ના દીધી. વિવિધ પ્રકારના ઉત્સવાદિનું આયોજન અને તદાનુષંગિક વિપુલ પ્રમાણમાં સતત સાહિત્યસર્જન કરીને તેમણે "વર્ગ"ની વાડીને સીંચી-પ્રફુલ્લિત કરી. એટલી બધી સેવા કરતા હોવા છતાં તેમણે તો માત્ર સદ્ગુરુએ આરંભ કે નિર્ણય કરેલાં સર્વ કાર્યો યથામતિશક્તિ – કેવળ ગુરુકૃપાના અમોઘ બળને આધારે જ – સર્વજનહિતાય પાર પાડવાનો પ્રચંડ પુરુષાર્થ કરવામાં જ જીવનની કૃતાર્થતા માની. આ છે એમની અપ્રતિમ વિનમ્રતા.

અહે આપણે તેમના વિપુલ વાઙ્મયનું વિહંગાવલોકન કરીશું. તેમણે ગદ્ય-પદ્ય બન્ને પ્રકાર સારી રીતે ખેડયા છે. છતાં સંખ્યા અને સમાજવ્યાપી સચોટ અસરની દ્રષ્ટિએ, તેમનું ગદ્યલખાણ વધુ વિપુલ, સમર્થ અને તેજસ્વી હોવાનું પ્રતીત થાય છે. સૌ પ્રથમ આપણે તેમની કવિતા વિશે સંક્ષેપમાં વિચારીશું.

પદ્ય : "શ્રીસુધાસ્ત્રોતસ્વિની" (પ્રથમ અને દ્વિતીય કલ્લોલ)

શ્રીમન્નૃસિંહાચાર્યજીના સમાગમમાં આવતાં અગાઉ અને ત્યારપછી કિશોરહૃદયમાં જે પ્રાથમિક ભાવો જાગ્યા તેની, તથા "વર્ગ"ની સ્થાપના અને સદ્ગુરુના અનુગ્રહના પ્રભાવને ઝિલાયા પછી સાધકહૃદયમાં જે વિવિધ પ્રકારના અનુભવો અને સંવેદનો સ્ફુર્યાં તે સ્પંદનોની અભિવ્યક્તિ રૂપે શ્રી માસ્તર સાહેબે લગભગ ૫૬ પદો રચ્યાં. તેનો સમાવેશ "શ્રીસુધાસ્ત્રોતસ્વિની – પ્રથમ કલ્લોલ"માં કરવામાં આવ્યો છે. આ ગ્રંથની પ્રસિધ્ધિ પણ, સાધકોના આગ્રહથી, શ્રીમન્નૃસિંહાચાર્યજીના દેહોત્સર્ગ પછી વિ.સં. ૧૯૫૪માં કરવામાં આવી.

ત્યારબાદ, આપણે ઉપર જણાવી ગયા તે પ્રમાણે વર્ગની સંપૂર્ણ જવાબદારી પોતાને શિર આવી હતી. "વર્ગ"નાં વિવિધ સામયિકોમાં તથા "વર્ગ"ના બે પ્રધાન ઉત્સવો પ્રસંગે પ્રકટ થતી "સદુપદેશશ્રેણી"માં અને અન્ય ઉત્સવો નિમિત્તે પણ માસ્તર સાહેબ ભિન્ન ભિન્ન પ્રકારનાં કીર્તન-કાવ્યો રચીને પ્રકટ કરતા. આવાં લગભગ ૪૩૦ જેટલાં પદ્યોનો સમાવેશ વિ.સં. ૧૯૬૬ના શ્રાવણ માસમાં પ્રસિધ્ધ થયેલ "શ્રી સુધાસ્રોતસ્વિની - દ્વિતીય કલ્લોલ"માં કરવામાં આવેલો છે.[1]

અધ્યાત્મજ્ઞાનપ્રાપ્તિના માર્ગમાં સાધકોને અત્યંત ઉપયોગી નીવડનારા આ બન્ને કાવ્યસંગ્રહો વર્ષોથી અનુપલબ્ધ હતા. તેથી આ બન્ને કલ્લોલ (વિભાગ)ને એક જ પુસ્તકમાં સંકલિત કરી તથા તેમાં શ્રી માસ્તર સાહેબરચિત કેટલાંક નવીન અપ્રકટ પદ્યોનો પણ સમાવેશ કરી, "શ્રીઉપેન્દ્રભગવત્સ્મારકગ્રંથાવલિ"માં ૧૯૬૪ના ઓક્ટોબરમાં તેનું પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું છે તે અભિનન્દનીય છે. આ પ્રકરણમાં અપાતા પદ્યસંદર્ભોનો પૃષ્ઠ-આધાર આ છેલ્લા ગ્રંથનો આપવામાં આવ્યો છે.

---

૧. "શ્રી સુધાસ્રોતસ્વિની" - દ્વિતીય કલ્લોલની પ્રસ્તાવનામાં શ્રી માસ્તર સાહેબ પોતે જ નોંધે છે :-

"આ ગ્રંથના પ્રથમ વિભાગને પ્રકટ થયે આજે લગભગ બાર વર્ષ પૂર્ણ થવા આવ્યાં છે. આ બાર વર્ષમાં શ્રી મહાકાલમાં, પ્રાતઃકાળમાં, સદુપદેશશ્રેણીના આજસુધીમાં પ્રકટેલા ત્રેવીશ વિભાગમાં, સાધનસમારંભના અગિયાર ઉત્સવોમાં, તથા ચિતિપ્રદીપપ્રકટીકરણોત્સવના સાત ઉત્સવોમાં, જે જે પદ્યો તથા છંદો લખવાનો મને સુયોગ પ્રાપ્ત થયો હતો, તે સર્વનો આ દ્વિતીય વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે."

(પ્રસિધ્ધિ સાલ ૧-૯-૧૯૧૦)

પ્રકરણ ૨માં જણાવ્યું છે તેમ માત્ર ૧૫-૧૬ વર્ષની નાની વયમાં "બાળાનંદ સમાજ", "ગુર્જરોધ્ધારક સમાજ" અને "પ્રાર્થનાસમાજ" જેવી સમાજસુધારક સંસ્થાઓની સ્થાપના અને તેના સંચાલનમાં શ્રી છોટાલાલભાઈએ અપ્રતિમ ઉત્સાહ અને ખંત દર્શાવ્યાં હતાં. ઇ.સ. ૧૮૭૭-૭૮નાં એ સંઘર્ષકાલીન વર્ષોમાં સમાજસુધારો અને કેવળ દેશાભિમાનની વૃત્તિથી પ્રેરાઇને જ તેમણે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. ત્યારે તે સંસ્થાઓના આશ્રયે મળતી સભાઓ સમક્ષ એ તેજસ્વી કિશોર દેશોન્નતિપ્રેરક ઉન્નત વિચારોને પ્રભાવશાળી પ્રવચનો દ્વારા વહેતા મૂકતો એટલું જ નહીં પણ કદી કદી વાતાવરણને સભર બનાવી દે એ પ્રકારના પ્રસંગોચિત દોહરા, સોરઠા વગેરે રચીને હૃદયસ્પર્શી અવાજે લલકારતો. આ હતી શ્રીમાન્ વિશ્વવંદ્યની કવિતારચનાની સાદી પણ સહજ શરૂઆત. એમાં સીધી દલપતશાઈ રજૂઆત હતી એટલું જ નહીં પણ ઘણે સ્થળે છંદોભંગ પણ થતો હતો. જેમ નર્મદે પતનની ખાઇમાં પડેલા પ્રજાજનોને આળસ, ઈર્ષા, દૌર્બલ્યાદિ દોષો ખંખેરીને કમર કસવા પડકાર ફેંક્યો હતો તેમ ખીલતા યૌવનના આરંભકાળમાં બાલકવિ શ્રી છોટાલાલભાઈએ પણ જનમન જાગૃત કરવાની દિશામાં જ પોતાની પ્રારંભની પદ્યરચનાના વહેણને વળવા દીધું હતું. શ્રીમન્નૃસિંહાચાર્યજીના સમાગમમાં આવતાં સુધીમાં તેમની કવિતાના વિષયો સમાજસેવા, દેશોન્નતિ, શિક્ષણ, સ્ત્રીકેળવણી, નીતિ, પ્રાર્થના.....વગેરે પૂરતા મર્યાદિત હતા. પોતાના લગ્નનું વર્ષ (ઇ.સ.૧૮૭૮) પોતાને લંબાવવું હતું. પરંતુ માતૃવાત્સલ્ય આગળ વિવેકી પુત્રનું કાંઇ ન ચાલી શકવાથી, લગ્નપૂર્વે અને પછી તેમણે પોતાની હૃદયવ્યથા અને તીવ્ર મનોમંથન દોહરા અને હરિગીત છંદમાં વ્યક્ત કર્યાં હતાં.

"નિર્દોષ મારી બાલસ્થિતિ, નહિ ફરીને સાંપડે,
તે કાળની એકાંત ગમ્મત, મુજને ફરી નહિ જડે.
વળી ચિત્તમાં થાશે ઘણેરી, લગ્નથી મુજને વ્યથા,
ઓ ઈશ ! કર તું એમ કે, મુજ લગ્ન થાયે નહિ કદા."

અને ત્યારપછી તો સંસારપ્રવેશ કર્યા પછી સાધકજીવની દૃષ્ટિએ દામ્પત્યને દીપ્તિવંત કર્યું અને નિરક્ષર "જડાવબા"ને પણ ક્રમશઃ પ્રેમપ્રબોધ દ્વારા, સહધર્મચાર માટે સાચાં અધિકારિણી બનાવ્યાં. તેથી તો તેમનાં કેટલાંક પદોમાં અને "યોગિનીકુમારી"માં પણ સ્ત્રીવિષયક ઉચ્ચ વિચારોનું પ્રતિબિંબ પડેલું જોવા મળે છે. તેઓ માત્ર સ્ત્રીને જ પતિવ્રતાધર્મનો બોધ આપવાનું કરતા નથી પરંતુ સ્ત્રીપુરુષ ઉભયના વાસ્તવ ધર્મપાલન પર ભાર મૂકે છે.

"કે પત્નીવ્રત ભૂષણ પુરુષોતણું રે, પતિવ્રત સ્ત્રીનો જેમ શૃંગાર જો"
– એ ગરબીમાં પત્નીવ્રત વિનાના સદ્ગુણી પુરુષના વ્યક્તિત્વને નાક વિનાના શરીર જેવું ગણ્યું છે.

"પત્નીવ્રત સદ્ગુણવિણ માનવી, માનવી નથી પણ જાણો શ્વાન જો,
જન્મ ધર્યો તે ન ધર્યો જાણવો, માતૃગર્ભે તે પાષાણ જો."

(સુ. પૃ. ૧૦૮)

વળી,

"ઈચ્છે છે પતિ જેવો સ્ત્રીતણો, નિજપ્રતિ નિર્મલ અપૂર્વ પ્રેમ જો,
સત્પતિએ પણ નિજ પત્નીપ્રતિ, ધરવો પ્રેમ નિરંતર એમ જો."

છેવટે

"અખંડ સુખની ઈચ્છા જેમને રે, તે આ વચને ધરી વિશ્વાસ જો,
દૃઢ પત્નીવ્રત પ્રીતે પાળીને રે, કરશે સચ્ચિત્સુખપદ વાસ જો."

(એજન)

આ પ્રકારનાં સામાજિક બોધનાં, નૈતિક મૂલ્યોની જાળવણીનાં વચનો તેમનાં ઘણાં પદોમાં જોવા મળે છે. શ્રી માસ્તર સાહેબનાં ઘણાં પદોમાં આત્મવૃત્તાન્ત અને આત્માનુભવ કરવામાં અવરોધ કરનારાં પ્રત્યવાયો કે પ્રતિબંધોને પોતે ગુરુકૃપા અને ગુરૂપદિષ્ટ સાધનથી કેવી સુગમતાથી પાર કરી ગયા તેનો પડઘો સંભળાય છે. પરંતુ તેમાં સર્વત્ર સમાન કોટિનું કાવ્યત્વ ઝળકતું નથી. પોતાના ગજબના જીવનપલટાની વાત પોતે જ કેવી રીતે કરી છે તે સ્વલ્પમાં જોઇએ. "ઉદ્ગાર" શીર્ષક નીચે લખેલા ૭૮ પંક્તિઓના દોહરામાં તેમણે નિષ્ઠાપૂર્વક નિખાલસ ભાવે નિવેદન કરેલું છે. સદ્ગુરુને મળતા પહેલાં પોતે કેવા મંદતમ અધિકારી હતા અને સદ્ગુરુના પ્રથમ સમાગમ વખતે (નરેન્દ્રે શ્રીરામકૃષ્ણ પરમહંસને જેમ પૂછયા હતા એવા) ગુરુને વિચિત્ર અને અયુક્ત કહી શકાય એવા પ્રશ્નો પૂછયા હતા તેનો તેમાં ઉલ્લેખ છે. આ કાવ્ય સૌપ્રથમ ઇ. સ. ૧૯૦૫માં જાન્યુઆરીના "મહાકાલ"માં પ્રકટ થયું હતું.

"વેદધર્મનિંદક હતો, બાળપણે હું મૂઢ,
નાસ્તિક અવિચારી અતિ, અભિમાને આરૂઢ.
તોપણ ત્યજયો ન મુજને, પણ ગ્રહી ઉલટી બાંહ્ય,
ક્રમથી ઉર્ધ્વ ચઢાવિયો, જ્ઞાન પ્રેરી ઉરમાંહ્ય.
અપર સ્વરૂપ પોતાતણું, સચ્ચિત્ સદ્ગુરુરૂપ,
આકર્ષ્યો ત્યાં પ્રેમથી, અનુગ્રહ કરી અનુપ.
સદ્ગુરુએ મુજને કહયું, પ્રભુ તુજથી નથી ભિન્ન,
તું તે ઈશ્વરરૂપ છે, ઈશ્વર ને તું અભિન્ન.
રુચ્યો ન મુજને બોધ એ, હૃદય થયો પરિતાપ,
"હું ઈશ્વર" એ માનવું, કહયું ગણું હું પાપ.
સદ્ગુરુ હસીને બોલિયા, આજે ન ગમે જેહ,
સમય જતાં તે દૃઢ રીતે, સમજીશ નિઃસંદેહ."

(સુ. પૃ. ૪૩૦)

ત્યારપછી વર્ષો પર્યંત ઇષ્ટગુરુના શરણને મધ્યબિન્દુમાં રાખીને જીવનની સમૂળી ક્રાન્તિની કેડી પર તેમણે એક પછી એક સોપાનો સર કર્યાં અને છેવટે શિખરારૂઢ થયા તેનો સ્પષ્ટ એકરાર "ઉદ્ગાર"માં કરતાં કહે છે,

"ગુરુપ્રબોધિત સાધને, પછી સાંધ્યો મેં સ્નેહ,
અલ્પશ્રમે, અનુગ્રહ થયો, અકથ્ય શબ્દે જેહ.
મુજ હૃદયે સદ્ગુરુ દીઠા, મુજ આત્માથી અભિન્ન,
જોયું મેં મુજ હુંપણું, કલ્પિત ને પરિચ્છિન્ન."

{એજન}

આરંભમાં "હું જ ઇશ્વર છે" એવો ગુરુનો બોધ ગળે ઉતરતો ન હતો. પણ હવે તો,

"હું ઇશ્વર" એ ગુરુતણો, સમજયો બોધ યથાર્થ,
મુજ પ્રભુપદને ભેટીને, થયો હું સધ કૃતાર્થ.
જાણીને તે દિવસથી, મુજ જીવનઆધાર,
હુંપણું વીસરી, હરિવિષે, વહું થઈ એકાકાર."

{એજન}

[1]આ અનુભૂતિ પછી નિર્ભય અને નિઃશંક બનેલ અધિકારી મન ખુમારીથી ઊર્મિપદમાં ગાય છે કે :

---

૧. "અંધારા રણમાં અંધ ભટકાં હું મારતો તો,
રસ્તો બતાવો કોઇ દુઃખે પોકારતો તો."

– છેવટે,

"નરહરિ નાથ ભેટયા, ઓચિંતાં નેત્ર પ્રકટયાં,
રણસ્થળે બ્રહ્મ ભાળી ભયભ્રાંતિ સધ ખોતો."

{સુ. પૃ. ૩૧૯}

"મારે માથે છે સદ્ગુરુદેવ રે,
હવે બ્રહ્માંડમાં હું ન કોથી બીતો,
નિર્ભય નાથે કીધો, માની સેવ રે ; મારે૦
ભાલે રવિ ધરનારને, તિમિર ન બાધે જેમ,
શિરપર ગુરુવર સ્થાપી હું, નિર્ભય ગર્જું તેમ.
હવે છો ને રસાતલ વિશ્વ જતું, છો ને બ્રહ્માંડ આખું
વિરોધી થતું, ધરી અહમેવ રે. મારે૦"
(સુ. પૂ. ૨૧૬)

આવી વીર્યભાવથી ભરેલી - સાધકોના કંઠે હંમેશા રણકતી - પંક્તિઓ બીજાં પદોમાં પણ આવે છે. સાધકોમાં અતિપ્રિય અને ખૂબ ગવાતા, પ્રસન્નતાનો પ્રબોધ કરતા કાવ્યમાં આ વીર સાધક પ્રબોધે છે :

"છો ને વિવિધ વ્યાધિ શરીરમાં આવી ઘર કરીને રહે,
છો ને મળેલી સર્વ સંપદ અન્ય સ્થળમાંહી વહે.
છો ને સગાં સંબંધીઓ, પ્રિય મિત્ર નયને ના પડે,
છો સપ્ત ઉદધિ સુકાય, છો બ્રહ્માંડ આખું ગડગડે.
તોપણ આત્મસ્વરૂપ અવલોકી, મુખથી મલક મલક હસીએ ;
પ્રસન્નતાને કદી ના ત્યજીએ, પ્રસન્ન સઉ સ્થિતિમાં રહીએ."
(સુ. પૂ. ૩૨૬)

સ્વરૂપાનંદાનુભવના સહજ ઉદ્ગાર કાઢતું બીજું સુંદર ઊર્મિપદ :

"બ્રહ્માનંદ ઉરે ઉભરાય,
સર્વ કરણ તેમાં ડૂબી જાય,
ધીમે ધીમે તદાકાર થાય,
હું તું તે બ્રહ્મરૂપ ભળાય.
અસત્ય જડ દુઃખ પૂર્વનું, બ્રહ્મરૂપે પલટાય,
સચ્ચિતિસુખરૂપ થઇ રહ્યું, અભ્યંતર ને બાહ્ય ;

દેશકાલાદિ ભેદ વિલાય,
એક ચિદ્રસ પૂર્ણ સોહાય. બ્રહ્માનંદ૦
ઉલટે વારિ અગાધ સ્તર – પાતાળનું : જ્યારે : ભેદાય,
મહાનંદ ઉલટયો, જતાં, પંચમ કોશની માંહ્ય ;
બ્રહ્માનંદોદધિમાં રમાય,
રમતાં રમવાનું ભાન ભુલાય. બ્રહ્માનંદ૦"
: સુ. પૃ. ૩૮૦ :

સદ્‌ગુરુના પ્રબોધ અને કરુણાકટાક્ષથી, તત્ત્વજ્ઞાનના દીર્ઘ અભ્યાસને અંતે અલૌકિક અનુભવ થતાં શ્રી વિશ્વવંદ્યની વાણી પ્રકટ થયા વિના રહેતી નથી. અનુભવના ઉદ્‌ગાર કેવા સચોટ અને અસરકારક હોય છે !

"ગાળીને જીવપણું શિવમાં, કરી સાધીને સદ્‌ગુરુજ્ઞાન રે,
મ્હાલું, સિધ્ધપદે હું સુખેથી.
આભૂષણ આ હેમ નાં જેમ સદાસર્વદા હેમ,
બ્રહ્મનું કાર્ય હું બ્રહ્મથી, ક્ષણ એક ન જુદું તેમ રે ;
મ્હાલું, સિધ્ધપદે હું સુખેથી.
તત્ત્વદૃષ્ટિ આ ઉઘડતાં, સ્થિર થઇ જોયું સધ,
જીવત્વ ન મુજમાં કદી, ચિન્મય હું અનવધ.
દૃશ્યપ્રપંચ જે અન્યને, તે મુજને સ્વરૂપવિલાસ,
ભેદ ન બુધ્ધિ સ્વીકારતી જુએ ભેદમાંહી ચિદાકાશ રે ;
મ્હાલું, સિધ્ધપદે હું સુખેથી."
(સુ. પૃ. ૩૪૯)

શ્રી વિશ્વવંદ્ય બીજા લેખોમાં વર્ણવે છે તેમ આવી બ્રાહ્મી સ્થિતિને પામેલામાં દ્વૈત હોતું જ નથી. તેઓ સ્તુતિ કરે તોપણ અભિન્નરૂપે જ.

"પ્રભુ સચ્ચિતિ સુખસાગર છો, હું હું મોજું આપનું,
જળરૂપથી ન મુજથી પર છો, અભિન્નપણું છે આપણું.
ઉછળું હું ઊંચે ઊંચે હું કદી,
મુજ પાછળ પણ જવ હો છો, બળ તેથી તે આપનું.
શમી પ્રભુ હું આપમાં, તરંગપણું ત્યજી દઉં,
સચ્ચિતિ સુખસાગરરૂપે, અનાયાસ થઈ જઉં.
ગર્જું હું મસ્તીથી સચ્ચિતિઉદધિ."

{સુ. પૃ. ૩૪૫}

ધ્યાનાવસ્થામાં સ્થિર થયા પછી કે શાંભવી મુદ્રામાંથી ઉત્થાન પામતી વખતે – ક્ષણે, જે ચિન્મય પ્રકાશનો પારાવાર અનુભવાય છે તે પણ અનહદ અને અલૌકિક હોય છે – જેમાં "આનંદનદી આ શી વહી" એટલું જ વર્ણન શકય બને છે. એ ચિદ્દિવાકરની દિવ્ય ધુતિ – ભ્રાન્તિનાશ કરી – યથાર્થાનુભવ પ્રકટ કરે છે.

"જેવું જેનું છે સ્વરૂપ, તેવું તેનું ભાસે રૂપ,
દીસે ન અતત્ કદી તત્‌રૂપ, ભ્રાંતિ સઉ શમી ગઈ;
સર્વ પ્રભામય કરતી, સઉની ભિન્નતા હરતી,
હુંનું પણ હુંપદ હરતી, ચમત્કૃતિ ન જતી કહી ;
હું આ પ્રભારૂપ થાતાં, પરિચ્છેદ સઉ વિલાતા,
ચિત્પ્રભામાં સઉ શમાતાં, વાણી પરાતીત થઈ.
દિવ્ય પ્રભા ચિદ્રવિની, ઝગઝગી શી આ રહી."

{સુ. પૃ. ૩૪૦}

તે જ પ્રમાણે તત્ત્વાભ્યાસનિરત સાધક અન્ય પદોમાં પણ એ જ સ્થિતિનું શબ્દચિત્ર આંકે છે :

"મને બ્રહ્મ વિના બીજું ના દીસતું,
એ ચિન્મયે મુજ મન સ્થિર વસતું.
નામ ને રૂપ ન નયને આવતાં, અસ્તિ ભાતિ પ્રિય તે સ્થળ તો થત
હું પણું પણ મુજ થતું અછતું ; મને બ્રહ્મ વિના૦
ભ્રાંતિ જીવત્વની ના કદી ઊઠતી, તન્મયતા તો પ્રતિક્ષણ વાધતી,
શબ્દાતીતે સઉ જઈ શમતું ; મને બ્રહ્મ વિના૦
દૂધમાં દૂધ ને આજ્ય જ આજ્યમાં - ભિન્ન ન રહે તેમ આ
મહારાજ્યમાં,
ભેદ ટળી ચિતિરૂપ સઉ થતું ; મને બ્રહ્મવિના૦"
(સુ. પૃ. ૩૯૭)

આ સ્થિતિમાં જે અપૂર્વ શાંતિનો અનુભવ કવિને થયો છે તે જ અનુભવની રસલ્હાણ કરવા તેઓ અન્ય સાધકોનાં મન પ્રતિ પણ અનુરોધ કરે છે :

"દશ દિશ શાંતિ કેવી છવાઈ, જો । મન વીર તું,
રોમેરોમ શી સુખદાયી, અનુભવ વીર તું.
સચ્ચિતિસુખ વિના નથી કાંઈ,
ક્યાં પછી જગત્રૂપ ભવાઇ, કહે મન વીર તું.
લયચિંતનક્રમે જઈ માંહી,
ચિદ્રસસિંધુમાંહી શમાઈ, રહે મન વીર તું."
(સુ. પૃ. ૩૯૭)

જગભવાઈ અને ચિદ્રસસિંધુના રૂપકથી તથા તેના સંગીતતત્ત્વથી અત્યંત મનોહર બની રહેલા આ પદનું - આજ પર્યંત - બેત્રણ કલાકના સમૂહધ્યાનમાંથી નિવૃત્ત થયા બાદ મંદગંભીર સ્વરે ગાન કરવામાં આવે છે ત્યારે ધ્યાનાવસ્થામાં અનુભવેલી અવર્ણ્ય શાંતિનું બાહ્ય વાતાવરણમાં વિસ્તરણ થતું હોવાનું પ્રતીત થાય છે. ચિદ્સાગરના રૂપકના અનુસંધાનમાં અહ્રે એવું બીજું સુંદર પદ ઉધ્ધૃત કરવાનો મોહ

જતો કરી શકાય તેમ નથી. એ પદમાં કવિતા અને વેદાન્તતત્ત્વનો તથા સંગીતનો કેવો ત્રિવેણીસંગમ થયેલો જણાય છે ! આ રહ્યું એ પદ :

"ચિતિદરિયે ગળી જજે, હે મન ! ચિતિદરિયે ગળી જજે.
લવણતણી બની પૂતળી પ્રિય આજે ;
ચિતિસિંધુ દશદિશ નીરખીને, સર્વાંગે મહીં નહાજે,
આલિંગી જળને અણુઅણુથી, પ્રતિપળ જળમય થાજે." [1]

(સુ. પૃ. ૩૨૭)

લવણની ઢીંગલી ક્ષારજળમાં મળતાં મૂળસ્વરૂપમાં ઓગળી જવાનો વેદાન્તવિચાર અહીં કાવ્યશિલ્પમાં જડાઈ ગયો છે. પછી લવણપૂતળીની પરિચ્છિન્નતા રહેતી નથી.

"મૂળ તુજરૂપ જળ જાણી જળ થા, અપૂર્વ ગુરુતા કાજે,
નરહરિચિતિમાં ચિતિરૂપ રહેતાં, દુંદુભિ સ્વર્ગે વાજે."

(એજન)

આગળ જણાવી ગયા છીએ તેમ "ચિતિ" શબ્દનો પ્રયોગ શ્રીમાન્ વિશ્વવંદ્યે "વર્ગ"માં પ્રચલિત કર્યો. ત્યારપછી તો "વર્ગ"ના તમામ લેખકોનાં કાવ્યોમાં અને લેખોમાં ચિતિ શબ્દ અન્ય સામાન્ય શબ્દોની જેમ યોજાતો રહ્યો છે. ચિતિ અને ચિદ્‌ની જોડે રસ, સમુદ્ર, રવિ, કિરણ, જ્યોતિ.....વગેરે રૂપકોના સહકારથી

---

1. "નરહરિઉપેન્દ્રમાં મતિ સ્થિર થઈ,
લવણપૂતળી ઉદધિમાં ભળી ગઈ,
પૃથક્ ન હાવે થવી ઘટે ;
લાગી, જાગી, લાગી લગની નહિ છૂટે."

(સુ. પૃ. ૪૨૩)

અર્થદ્યોતન વધુ સ્પષ્ટ અને વિશદ બની રહે છે.[1] પાછળથી તો "વર્ગ"ના આચાર્યો અને શ્રીમાન્ વિશ્વવંદ્યની પુણ્યતિથિઓના દિવસે શાંતગંભીરપણે પાલન કરાતા ઉત્સવોનું નામ પણ "ચિતિપ્રદીપપ્રકટીકરણોત્સવ" રાખવામાં આવ્યું અને એ ઉત્સવો નિમિત્ત ચિતિવિષયક કાવ્યો-કીર્તનોનું જ સર્જન અને અનુગાન થતું.

શ્રી માસ્તર સાહેબે "ચિતિશક્તિ" વિશે આમ તો વિપુલ પ્રમાણમાં લેખો લખ્યા છે, પરંતુ તેમાંથી "ચિતિશક્તિ એટલે શું ?" એ સમજાવતો અને તેઓશ્રીના વિચારો સ્પષ્ટપણે વ્યક્ત કરતો એક નાનકડો ફકરો ઉધ્ધૃત કરું છું :

"ચિતિશક્તિ એ શબ્દ તમે કદી શ્રવણ કર્યો છે ? કોઈ ચિતિશક્તિને પરમાત્મા કહે છે, કોઈ તેને પરબ્રહ્મ કહે છે, કોઈ તેને ઈશ્વર અથવા પરમેશ્વર કહે છે, કોઈ શિવ, વિષ્ણુ, નારાયણ, હરિ, રામ, કૃષ્ણ, વગેરે વિવિધ શબ્દોથી તેને ઓળખે છે. આ ચિતિશક્તિ અથવા પરમાત્મા સમગ્ર જ્ઞાન, સમગ્ર સુખ, સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર સામર્થ્ય, સમગ્ર વૈભવના અનન્ત અને અપાર મહાસાગર છે.

---

૧. (૧) આજે ચિતિમય દૃષ્ટિ અમારી, શાંતિ અણુઅણુમાં ભરનારી. (સુ. પૃ. ૩૯૮)

(૨) આવે આજે રશ્મિ, ચિદર્કરશ્મિ આવે. (સુ. પૃ. ૨૫૯)

(૩) ચિતિજ્યોતિ રમ્યમૂર્ધમાં પ્રકાશે, કરે સર્વ ચિતિરૂપ નિજ પ્રકાશે. (સુ. પૃ. ૨૯૪)

(૪) ચિતિતત્ત્વરૂપી સૂર્ય હું છું. (સુ. પૃ. ૪૦૩)

(૫) દિવ્યપ્રભા ચિદ્રવિની ઝગઝગી શી આ રહી. (સુ. પૃ. ૩૪૦)

(૬) મમ હૃત્પદ્મે રાજે સચ્ચિતિઆનંદ નૃહરિ રે. (સુ. પૃ. ૧૯૮)

(૭) મુજ રૂપ મેં લહ્યું સચ્ચિતિસુખ. (સુ. પૃ. ૩૭૯)

(૮) રે આજે ચિદ્રસ વર્ષે ; પી લો, તૃષાતુર હર્ષે રે, ઝરમર ઝરમર ધારા. (સુ. પૃ. ૨૭૯)

બ્રહ્મલોકના, વિષ્ણુલોકના કે મહેશ્વરલોકના દૈવી વૈભવો એ પરમાત્મામાંથી ઉત્પન્ન થયા છે. ઈશકોટિસ્થિત પુરુષોત્તમો, સિધ્ધો, દેવો, ઋષિમુનિઓ જે અખંડ અને અનન્ત સુખનો અનુભવ કરે છે, તે સુખ આ પરમાત્મામાંથી જ તેમણે પ્રાપ્ત કર્યું છે. આ બ્રહ્માંડમાં અને બ્રહ્માંડની બહાર જે જે ઐશ્વર્યવાન પુરુષો ગણાય છે, તેમણે સર્વેએ પોતપોતાનું ઐશ્વર્ય આ પરમાત્મામાંથી જ મેળવ્યું છે. લૌકિક તથા અલૌકિક જ્ઞાનસંપત્તિ, લૌકિક તથા અલૌકિક સામર્થ્યસંપત્તિ, જયાં જયાં દૃષ્ટિએ પડે છે, ત્યાં ત્યાં તે સર્વનું મૂલ ઉત્પત્તિસ્થાન આ ચિતિશક્તિ અથવા પરમાત્મા જ છે. એ સર્વનું આદિ કારણ, એ સર્વ જેમાંથી પ્રકટે છે, તે અન્ય કોઇ નથી, પણ આ ચિતિશક્તિ અથવા પરમાત્મા જ છે."[1]

આવાં બ્રહ્માનુભૂતિનાં કેટલાંક પદોમાં શ્રીમાન્ વિશ્વવંદ્ય, તે પૂર્વની દૃષ્ટિ-વૃત્તિની પરિસ્થિતિ અને ત્યારપછીની ચેતનાવસ્થાની તુલના કરતા હોય છે અને તેમાં પોતાના સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યનો અનુગ્રહપ્રભાવ જ પ્રધાન હેતુરૂપ હોવાનું જણાવી, તેનાં મુક્તમનથી ગુણગાન કરતાં થાકતા નથી. વિસ્તારભયે ઉદાહરણાર્થે માત્ર થોડીક પંક્તિઓ રજૂ કરું છું :

"હા, હું છું બ્રહ્મ, જીવ નથી એ, આજ ગુરો ! સમજાય છે,
જીવપણું ગળી જાય છે, ભ્રાંતિના રાશિ વિલાય છે ;"

... ...

"દારુણ અંધારું જયાં હતું પૂર્વે ત્યાં, ધ્રુતિ ચિતિની ઝળકાય છે,
છે જેવું તેવું ભળાય છે, અવનવો અનુભવ થાય છે ;"

છેવટે,

"અશ્રુતપૂર્વ આ અનુગ્રહનું પ્રભુ ! મૂલ્ય ન આંકયું એકાય છે,
બદલો ન વાળ્યો વળાય છે, અણછતી મતિ ગુણ ગાય છે."
(સુ. પૃ. ૩૮૮)

---

૧. "અધ્યાત્મબલપોષક ગ્રંથમાલા – પ્રથમ અક્ષ", પૃ. ૫

આવી ઈષ્ટાશ્રયને પ્રાપ્ત વૃત્તિ સદા નિર્ભયતાથી વિચરે છે :

"સમર્થનું સામર્થ્ય પણ, મારા શ્રીગુરુરાય,
એક રૂવું કોઈથી ન કદી, મારું ઉખેડાય ;
સિંહ નિકટે જો સસલે અવાય, સંકટે મુજ સામું તો તો જોવાય ;
અપાર મસ્તી વિષે રહું, પામી હું પ્રભુછાય,
પામર જીવ આ જગતના, લહે ન મુજ મહિમાય ;
મહાનંદોદધિ રેલાય કૂપદદુરે શું કલ્પાય."

: સુ. પૂ. ૩૮૭ :

કૂવાના દેડકાથી જેની કલ્પના પણ ન થઇ શકે એવી આ સ્વરૂપાનંદાનુભૂતિની ઊર્મિની અભિવ્યક્તિ કદી કદી ઉત્કટતાથી હિંદી ગીતોમાં સહજતાથી વહેતી હોય છે :

"મૈં તો મસ્ત ભઈ, મિલી શ્યામકો,
મિલી મેરે શ્યામકો, નીરખી મેરે રામકો.
હૃત્પદ્મમેં જોઈ નાથ નિકટ ક્યોં, ખોજું મૈં તીર્થ અરૂ ધામકો ;
સ્પર્શમણિરૂપ મેરે પાઈ કે પિયુકો, ક્યોં મૈં રહૂં યહ તુચ્છ દામકો."

અંતમાં,

"જીવપદ મુજસેં અલગ ભયા અબ, શિવપદ જુટા મેરે નામકો,
નરહરિ જગદીશ્વર લહી ભીતર, પામી મૈં અચલ વિરામકો."

(સુ. પૂ. ૨૦૭-૨૦૮)

આ પ્રકારનાં મિશ્રભાષાનાં પદોની સંખ્યા - શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં પદોની તુલનામાં - અત્યલ્પ છે. પણ છે તેમાં સાક્ષાત્કારના અનુભવની આત્મખુમારી વ્યક્ત થયેલી જોવા મળે છે.

અત્યારસુધી આપણે શ્રી વિશ્વવંધનાં તત્ત્વજ્ઞાન અને સ્વસ્વરૂપાવબોધનું નિરૂપણ કરનારાં, કેટલાંક ઉત્તમ કોટિનાં કાવ્યોનો - ખાસકરીને - ટૂંકાં ઊર્મિગીતોનો સટીક ઉલ્લેખ કર્યો. તે સિવાયનાં તેમનાં બીજાં ૨૫૦ થી ૩૦૦ કાવ્યોની ઊડતી સમાલોચના કરીશું તો

તેમાં આપણને અતિઉચ્ચકક્ષાનું કાવ્યત્વ નહીં મળે, એટલું જ નહીં પણ તેમનાં પધો (એને "પધો" જ કહેવાં જોઇએ)ની મર્યાદાઓનો પણ આપણને ઠીક ઠીક પરિચય થશે. આપણે અહીં થોડાંક જ દ્દષ્ટાંતો જોઇશું.

મોટાભાગનાં પધોમાં સાધકની ભિન્ન ભિન્ન ભૂમિકાઓનું પ્રતિબિંબ પડતું હોઈ, સાધક પોતાના સંયમમાર્ગમાં પ્રબળ પુરુષાર્થ કરવા છતાં સત્વરે સફળતાને વરતો નથી એટલે ઈષ્ટગુરુપરમાત્મા પાસે પોતાની નિષ્ફળતા અને નિરાધારતાનું નિખાલસતાપૂર્વક નિવેદન કરતો હોય છે અને ઈશ્વરાભિન્ન સદ્ગુરુ પ્રતિ મલવિક્ષેપા-વરણાદિ દોષવિદારણ, સામર્થ્યવિતરણ અને કરુણાકટાક્ષ માટે પ્રપન્નભાવે પ્રાર્થના કરતો હોય છે. તેમાં સ્પષ્ટપણે શરણાગતિનો સૂર સંભળાય છે. આ નિમિત્તે તેમાં સાધકનો ઉપાસનાક્રમ, જપતપાદિયોગવિધિ, જ્ઞાનોપાર્જન માટેની માનસિક પ્રક્રિયાઓ, ધારણા-ધ્યાનની વિવિધ અવસ્થાઓ, નવધાથી માંડી પ્રેમલક્ષણાપર્યંત ભક્તિની વિવિધ કલાઓ, અને મન તથા માનવમાત્ર પ્રતિ ઉપાલંભાદિ વચનો સહ અપાતો ઉપદેશ, - ઉપરાંત જીવ, જગત અને ઈશ્વરનું સ્વરૂપ, ગુરુગૌરવ, આત્મમાર્ગમાં આવતા અવરોધો અને તેના શાસ્ત્રોક્ત ઉપાયો - ઉપચારો, સાચા અને દંભી જ્ઞાની કે સંતોનાં લક્ષણો..... વગેરે તમામ વિષયોનું નિરૂપણ થયેલું જોવા મળે છે. આથી આ સંગ્રહમાં એકબાજુથી વૈવિધ્ય જોવા મળે છે તો બીજીબાજુથી ભિન્નભિન્ન પદોમાં વિરોધી વિધાનો પણ મળી આવે છે. પરંતુ આ બાબતનો ખુલાસો લેખકે પોતે જ આ પ્રમાણે કરેલો છે,

"આ ગ્રંથનાં સર્વ પધો અંતઃકરણની એક જ પ્રકારની ભૂમિકા ઉપરથી લખવામાં આવેલાં ન હોવાથી એક જ જાતિનાં પધોનો બીજી જાતિનાં પધો સાથે મોટો વિરોધ વારંવાર દ્દષ્ટિએ પડયા વિના રહેશે નહિ ; પરંતુ આવાં સર્વ સ્થળોમાં ભૂમિકાભેદનો

વિચાર કરી સદ્‌વિવેકીએ વૃત્તિને સમાધાનમાં સ્થાપવી યોગ્ય છે. અનેક ભેદવાળા અધિકારીઓ માટે લખાયલા હિતકર ગ્રંથોમાં આવા વિરોધો સર્વદા હોય જ છે, પણ તેમની વસ્તુતઃ વિરોધમાં ગણના થતી નથી. કર્મનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓનો, ઉપાસના તથા જ્ઞાનનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ સાથે, ઉપાસનાનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓનો કર્મ તથા જ્ઞાનનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ સાથે, અને જ્ઞાનનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓનો કર્મ તથા ઉપાસનાનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ સાથે, ઉપરથી જોનારને પ્રબળ વિરોધ ભાસે છે, એ કોણ નથી જાણતું ? તથાપિ તે સર્વમાં જેમ નિરંતર અવિરોધ હોય છે, તેમ આ ગ્રંથનાં જ્ઞાનની સ્થિતિનાં, ભાવનાનાં, અભ્યર્થનાનાં, એમ વિવિધ પ્રકારનાં પદ્યોમાં આપાતતઃ વિરોધ જણાતો છતાં, તે સર્વમાં નિરંતર અવિરોધ જ છે. એમ છતાં જેને જે પદ પોતાના નિશ્ચયથી વિરોધવાળું ભાસે તેણે તે પદ પોતાની ભૂમિકાનું નથી, એવો નિર્ણય કરી, પોતાની ભૂમિકાનાં પદ્યો પ્રતિ વૃત્તિને પ્રેરવી. આખા ગ્રંથમાં ગમે તે મનુષ્યને પોતાના અધિકારનાં અનેક પદ્યો મળી આવ્યા વિના રહે તેમ નથી."[૧]

શ્રી વિશ્વવંદ્યની પદ્યવાણીમાં સામાન્ય રીતે વાપરવામાં નથી આવતા એ રીતના શબ્દપ્રયોગો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. કેટલાક નવા સામાસિક શબ્દો બનાવ્યા હોય છે, તો કેટલેક સ્થળે મૂળ ધાતુ અથવા ક્રિયાપદ પરથી નામ વગેરે રૂપ ઉપજાવી કાઢેલાં હોય છે, તો ક્યાંક ક્રિયાપદ તરીકે ભાગ્યે જ વપરાશમાં હોય તેવાં રૂપો પણ મળી આવે છે. અલબત્ત, આ રીતના પ્રયોગો ભાષાના ખેડાણમાં ઉપયોગી નીવડયા છે, તો કેટલેક સ્થળે,

---

૧. "શ્રી સુધાસ્રોતસ્વિની", દ્વિતીય કલ્લોલ, પ્રસ્તાવના, તા. ૧-૯-૧૯૧૦.

યોગાદિ પારિભાષિક વિચારોના સંદર્ભમાં વિચિત્ર અથવા અપરિચિત લાગતો શબ્દપ્રયોગ ક્લિષ્ટતા કે દુર્બોધતા પણ આણે છે. દા.ત. સ્થિતિની અતીવ આતુરતાવાળી વૃત્તિની ઇષ્ટ પ્રત્યે કરેલી અભ્યર્થનામાં નીચેના જેવી પંક્તિઓ આવે છે :

"નેત્રોનાં આ નિમિષોન્મેષ ટળી જઈ,
અચલપણે રહે સહજ આ નયનો સ્ફાર જો ;
પણ ચાક્ષુષ વૃત્તિ હૃદયે કે મૂર્ધમાં,
અનુસંધાઈ થઈ રહે સ્વરૂપાકાર જો."

{સુ.પૃ.૧૯}

અહીં સમાધિવિહારની સહજાવસ્થા - સમયની બાહ્ય શારીરિક સ્થિતિનું સવિગત સુરેખ શબ્દચિત્ર કવિએ દોરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રકૃતિજન્ય પલકારા મારવાનો આંખોનો સ્વભાવ સ્થગિત થઇ જાય છે, અને નેત્રો નિશ્ચલ સ્થિતિમાં ઉઘાડાં રહે છે. "ઉઘાડાં" વિશેષણ માટે કવિએ "સ્ફાર" શબ્દ યોજ્યો છે, એટલું જ નહીં પણ શાંભવી મુદ્રાના ક્રમને અનુસરીને વૃત્તિ હૃદયમાં કે મૂર્ધમાં સ્વસ્વરૂપાનુસંધાન સાંધે છે, તે ભાવ દર્શાવવા કવિએ "અનુસંધાઈ" ક્રિયાપદનો પ્રયોગ કુશળતાપૂર્વક યોજ્યો છે. એ જ પદમાં, આવાગમન માટે કવિએ યોજેલ "ગતિઆગતિ" શબ્દપ્રયોગ "આવનજાવન"ની જેમ હજુ આપણા સાહિત્યમાં રૂઢ થયો નથી.

"ભૂતોની ગતિ આગતિ છે તેમ જાણીને,
જ્ઞાનથી પૃથક ન, જ્ઞાનસ્વરૂપે રહાય જો."

{સુ.પૃ.૧૮}

ઘણાં પદોમાં કવિ -- સામાન્ય વર્ણનની વચ્ચે પણ - યોગની પરિભાષાના શબ્દો વાપરે છે :

"ઇશ્વરી ઉત્થાને એ સત્વર, મૃત્યુ થતી વદતા ઋષિમુનિવર,
ચાહું, કરુણા કરી દો એ વર, થાય ભુજંગી ઉછાળો રે."

{સુ.પૃ.૧૬}

સાત જ પંક્તિઓના આ નાનકડા પદમાં, મનને હંમેશાં વિવૃત રાખનારી વૃત્તિનું ક્રમશઃ ઉત્થાન કરવા સાધક પ્રાર્થે છે તેમાં, ઈશ્વરી, ભુજંગી (કુટિલાંગી વગેરે) જેવાં કુંડલિનીનાં વિશેષ નામોનો પ્રયોગ કરેલો છે. પારિભાષિક શબ્દોનો આ પ્રકારનો પ્રયોગ તો મોટાભાગનાં પદોમાં મળી આવે છે. પરંતુ કેટલેક સ્થળે, કવિએ અભિપ્રેત કરેલો અર્થાન્વય વાચકપક્ષે વિશેષ શાસ્ત્રાધ્યયનની અપેક્ષા રાખે છે. અલબત્ત કોઈ કોઈ સ્થળે કવિએ પાદટીપમાં અર્થસૂચનો કરેલાં છે પણ સર્વત્ર તે અર્થપ્રકાશ એક જ પ્રકારનો જણાતો નથી. દા.ત.

"ષટ્ચક્રોનો ક્રમથી સાધી વેધને
મેરુ માર્ગે કરી નભમાંહિ પ્રવેશ જો ;
અથવા ત્રિકુટી દ્વારા જઇ મહામંદિરે,
સદ્રૂપમાં ભળી ઠાણું જીવરૂપ વેષ જો."

અહીં (૧) મેરુ (૨-૩) નભ અને મહામન્દિર અને (૪) સદ્રૂપનું અનુક્રમે (૧) પૃષ્ઠદંડના માર્ગે, (૨-૩) બ્રહ્મરંધ્ર અને (૪) ઈશ્વર... ....એવું અર્થઘટન કરવું પડે છે. પરંતુ અન્ય પદોમાં એ જ સંદર્ભમાં "નભ" અને "મન્દિર" શબ્દોનો બ્રહ્મરંધ્ર તથા "સદ્રૂપ" શબ્દનો ઈશ્વરતત્ત્વ એવો અર્થ ઘટાવેલો જોવા મળતો નથી.

"આરોહણ - અવરોહણ વાયુનું કરી,
માર્ગ ગહન અતિ ગુપ્ત ઉઘાડે કોય જો,
રક્ષક કુટિલાંગી મુખ ભેદી મહા બળે,
પ્રવેશી ચઢી અંતે તે સ્થળને જોય જો."

: સુ.પૃ.૪ :

અહીં આરોહણ-અવરોહણ દ્વારા પ્રાણાયામની પરાકાષ્ઠા રૂપ ભસ્ત્રિકાની પ્રક્રિયાનો નિર્દેશ થયેલો છે. તે જ પ્રમાણે,

"તલાતલેથી બ્રહ્મરંધ્ર, જોતાં એકાકાર,
રિપુદલ લય થઇ વર્ત્યો સઘળે, શબ્દનો જયજયકાર ;
ઓ શબ્દ ગાજે છે,
ગુરુવકત્રનભેથી આજ, ઓ શબ્દ ગાજે છે."
(સુ. પૃ. ૨૮)

અહીં સદ્ગુરુના વદનમાં ગગનનું આરોપણ કર્યું છે. તત્ત્વપરામર્શના સમયે અધિકારી સાધક નખથી શિખા પર્યંત (From top to toe) અણુઅણુમાં એક જ તત્ત્વની સભરતાનો અનુભવ કરે છે અને ઉત્તરોત્તર ચઢતા ક્રમકાલે, માત્ર શરીરમાં જ નહીં પણ અંતરબહિર્ સર્વત્ર – ચૌદે લોકમાં – સર્વ દૃશ્યપ્રપંચના લોપપૂર્વક, એક જ તત્ત્વને અનુભવે છે. આ વિરાટ વિચારને કવિએ "તલાતલેથી બ્રહ્મરંધ્ર" એ બે જ શબ્દોના લાઘવ દ્વારા સૂચવ્યો છે. વળી આ લાંબા કાવ્યમાં (બીજાં કાવ્યોની જેમ) સર્વત્ર "શબ્દ" દ્વારા કવિ સદ્ગુરુના બોધવચનનો જ પુરસ્કાર કરે છે. શીર્ષના શિરોભાગ – ખોપરી – માટે "બ્રહ્મરંધ્ર" શબ્દનો પ્રયોગ શ્રીમન્નૃસિંહાચાર્યનાં કેટલાંક કાવ્યોમાં તથા શ્રી વિશ્વવંદ્યનાં ઘણાં કાવ્યોમાં થયેલો જોવા મળે છે. પણ તેના ઉચ્ચારણમાં ગેયકાવ્યને અનુરૂપ વર્ણમાધુર્ય કે ધ્વનિલાલિત્ય પ્રકટ થતું નથી. એવા કઠોર ઉચ્ચારણવાળા, જોડાક્ષરવાળા અને દીર્ઘસમાસયુક્ત શબ્દોનો – પછી ભલે તે યૌગિક પરિભાષાના હોય તો પણ – ઉપયોગ "શ્રીસુધાસ્રોતસ્વિની"માં વધુ પ્રમાણમાં થયેલો જોવામાં આવે છે.

અખો કવિ સૂત્રશૈલીથી પ્રતિપાદ્ય સિધ્ધાન્તનું બેચાર શબ્દોમાં કે એકાદ કડીમાં કથન કરીને તેના સમર્થનમાં ધરગથ્થુ દૃષ્ટાંતોની હારમાળા પ્રયોજે છે. શ્રીમાન્ વિશ્વવંદ્ય પણ પોતાના કથયિતવ્યને સચોટતાથી ઠસાવવા માટે ઘણીવાર દૃષ્ટાંતો અને રૂપકો યોજે છે.

"આ તત્ત્વવિચારવિના સદ્ગુણ કો જોશે,
કર્દમથી વસ્ત્ર મલિન કેમ કરી ધો....શે.
છાલથી ભૂખ ન ટળશે, મૃગજળથી તૃષા ન ખળશે,
ના ઈન્દ્રિવારણું ગળશે,
જન વ્યર્થ વૃષભને દોહશે."

o o o

"પીંછાનું કરવત કાષ્ઠ કેમ કરી કા.....પે
નિંબે કદી દ્રાક્ષ ન આવે, દૂધ મૂળમાં નિત્ય સિંચાવે."
(સુ. પૃ. ૨૩૬)

પરંતુ તફાવત એટલો છે કે શ્રી વિશ્વવંધની કવિતામાં લંબાણ વધારે હોય છે. ઘણી ગરબીઓ, ઘણાં પદો તો ત્રણથી ચાર પાનાં સુધીનાં લાંબાં હોય છે અને તેમાં કાવ્યતત્ત્વની દૃષ્ટિએ કંઈ વિશેષ ધ્યાનપાત્ર હોતું નથી. વિશેષમાં, ઉપર જણાવી ગયા તે પ્રકારના અપરિચિત શબ્દોનો, સમાસોનો અને કલ્પનાને જયાંથી મળી આવે ત્યાંથી ઉપાડાતી ઉપમાઓનો ઉપયોગ થતો હોય છે. યોગ અને વેદાન્તશાસ્ત્રના પારિભાષિક શબ્દો પદ્યમાં જેમના તેમ યોજવાથી, કાવ્યના લાવણ્યને તથા ઘણી વખત સુગમ અર્થદ્યોતનને પણ ધોકો પહોંચે છે.

"શાસ્ત્રઅધીતિ નિષ્ફલ, મિથ્યા શ્રમ માત્ર છે,
તત્ત્વતણો જો સાધ્યો ના અભ્યાસ જો,
પાકનિમિત્તે શ્રમ વેઠયો શા અર્થનો,
ક્ષુત્શમનાર્થ મળયો જો એક ન ગ્રાસ જો.
(સુ. પૃ. ૩૭)

તે જ પ્રમાણે,

"સુખ સાચું આપાત રમણીયે ના મળે,
તો પણ ઉર પ્રકટે ના શુધ્ધ વિવેક જો."
(એજન)

{ ૧ } બ્રહ્માનંદરસાર્ણમધ્યે, તન્મય થઈ જે વસતા રે. {પૃ. ૩૧}

{ ૨ } વિતૃષ્ણાર્ણુજપત્રાંબરને, સર્વાંગે ધરી લીધાં રે. {પૃ. ૩૧}

{ ૩ } વાસનાબીજક જે યોગીનાં, જ્ઞાનાગ્નિમાં બળિયાં રે,
જનનમરણવૃક્ષાંકુર તેને, પુનઃ ઉગી ન નીકળિયાં રે. {પૃ. ૩૧}

{ ૪ } સમાધિસ્થિતયોગી નિદ્રિતજન-મનસમ કાંઈ ન કરતું રે. {પૃ. ૨૯}

{ ૫ } જીવત્વલયયુક્ત્યર્થ અહીં આરાધ્ય શ્રી ગુરુપાય છે. {પૃ.૪૫}

{ ૬ } વિક્ષેપમલલયઆશ પછી શી જે મહા અંતરાય છે. {પૃ.૪૫}

{ ૭ } ચૈતન્યૈકસમુદ્રની લહરી, ભેદ હૃદયથી ગાળે રે. {પૃ. ૩૦}

{ ૮ } મહોદધિનિસ્તરણીતણો ના ચટિકા જાણે ઉપાય.

{ ૯ } પ્રભુભક્તિબોધચૂને જનનાં, મન મેલાં જયાં ત્યાં છોવાં છે. {પૃ. ૩૯૩}

{ ૧૦ } હાથેળીસ્થિતવારિતુલ્ય દીસતો, જે સ્થાનમાં સુતર. {પૃ. ૪૨૮}

{ ૧૧ } દિવ્યસુગુણતરુરાજિ તત્ક્ષણ, નવયૌવનથી ખીલતી. {પૃ.૪૦૪}

{ ૧૨ } શ્રી નરહરિપરમાત્મપદપદ્મે વિજય જીવનો કરો. :પૃ.૪૬:

{ ૧૩ } સચરાચર સંધું, વંદીશ ગણી મનથી બંધું. {પૃ. ૩૭૦}
{અહીં "સંધુ" એટલે સઘળું અથવા બધું એવો અર્થ અભિપ્રેત છે !}

{ ૧૪ } ............. મૃત્યુકાષ્ઠપર ટાંગું,
પ્રભુનો અનુગ્રહપાત્ર થવાને, તપશુચિમાં તન દાધું. {પૃ.૪૨૫}

{બળું-બાળું એ અર્થમાં "દહ્" ધાતુ ઉપરથી "દાધુ"-દાધ્યો.....એ રૂપ લગભગ પચીસ કરતાં વધારે વખત કાવ્યોમાં વપરાયું છે}

{ ૧૫ } શરણે આવ્યું હું દાધ્યું સંતાપનું રે. {પૃ.૫૨}

{ ૧૬ } નરહરિવૈદ્યે નેત્રઉપરનો, જેનો પડદો દાર્યો છે. {પૃ. ૩૪૨}

{ ૧૭ } ફળ શું તો પછી પાડવે, તદર્થ અશ્રુધાર. {પૃ. ૩૭૪}

{ ૧૮ } દારો અંધ - નેત્રબંધ. {પૃ. ૩૬૮} {નયનના પડદા કાપો એ અર્થ અભિપ્રેત છે.}

{ ૧૯ } જપ્યા વિના નરહરિનાથને એકતંતે,
કલ્પે ના તારો છે નિસ્તારો. {પૃ. ૩૬૬}

{ ૨૦ } અધિક હવે કસી નયનાશ્રુ ન ખરાવજો રે. {પૃ. ૨૨}

(૨૧) લહી કરુણાને વાવરશો રે. (પૃ. ૧૪)

(૨૨) ઘડી રહી પછી વેણુ વાજવશે. (પૃ. ૧૦)

(૨૩) જનનમરણવૃક્ષાંકુર તેને, પુનઃ ઉગી ન નીકળિયા રે. (પૃ. ૩૧):

(૨૪) મૃતિજનનરહિત ચિતિ જાણી, નિર્ભય થયાં આજ. (પૃ. ૨૦૬)

("જનિમૃતિ" અને "જનનમરણ" - આ બે પ્રયોગો "જન્મમરણ"ના ફેરાના અર્થમાં બહુ જ વખત થયા છે. "જનિમૃતિ" જેવો શબ્દપ્રયોગ "ચિતિ"ની માફક કદાચ શ્રીમાન્ વિશ્વવંદ્યનાં જ કાવ્યોમાં પ્રથમ વાર થયેલો હોવાનું જણમાં છે.)

: ~~"જનિમૃતિ" . . . . . જણાવે છે~~ :

(૨૫) પય કામધેનુતણું પર્યાપ્ત પામી કો,
પીવા પય શૂનીતણું ધાય મોહથી. (પૃ. ૩૮૨)

(કામધેનુનું દૂધ છોડીને શૂની-કૂતરી- અથવા ગર્દભીનું દૂધ પીવાની વૃત્તિ રાખનારા સંસારી જીવો માટેનું આ રૂપક કવિએ બંને કાવ્યસંગ્રહોમાં વારંવાર યોજ્યું છે. તેમાં તેઓશ્રી કામધેનુ માટે સુરસુરભિ, કામગાય.....જેવા શબ્દો યોજે છે. "સુરસુરભિ"નાં બે સંસ્કૃત પદો સાથે "દૂધ" જેવા દેશ્ય અથવા પ્રાકૃત શબ્દનો ઉત્તરપદ તરીકે ઉપયોગ કરી બનાવેલા સમાસમાં વૈચિત્ર્ય નથી લાગતું ?)

(૨૬) ગોદુગ્ધ ત્યજીને, ખરસાણી દૂધે નહિ મ્હોજે. (પૃ. ૧૮૯)

(૨૭) મૂર્ધ વિષે ચઢી અજરામર થા, પી સુરસુરભિદૂધ રે. (પૃ. ૨૮૮)

(૨૮) સુરસુરભિ લહી દોહે તું જેને, તે છે શૂની જો ને રાની રે. (પૃ. ૪૦૭)

(૨૯) આ અજાગલસ્તન પય સ્રવે, એવું ઉપાયે થઈ શકે,
વંધ્યાતણા પરિવારને પણ યત્નથી કોઈ નીરખે. (પૃ. ૪૬)
("બકરીના ગળા ઉપરના આંચળ"ની કલ્પના પણ કાવ્યોમાં અનેક સ્થળે પુનરુક્તિ પામી છે).

(૩૦) અજાગલસ્તનવત્ તે જીવન, પ્રાપ્તવ્ય જો નવ પામ્યા રે, -
જનનમરણના ભ્રમણથી ન છૂટી, આત્મસુખે ન વિરામ્યા રે. (પૃ. ૬૩)

{૩૧} મુજ મન મુજ દુઃખ પ્હાડ છે, આપને ખસખસ ફાડ છે.

{૩૨} પણ દીનનાં દારિદ્રય કદી એ, નૃપલિંગી શું હરતાં રે ? {પૃ. ૩૬}

{૩૩} અભ્યંતર રે, વૃત્તિ ઉતારી ન દીધી, અપકીર્તિ સંતમાં લીધી. {પૃ. ૨૩}

{અહીં "સંતમાં" એટલે ખોબામાં લીધી એ અર્થ છે.}

{૩૪} સંસૃતિપેષણીનો ન જયાં, કોલાહલ લવલેશ. {પૃ. ૩૮૨}
{અહીં સંસૃતિપેષણી" એટલે સંસારરૂપી મીલ (Mill) – ગિરણી – એવો અર્થ અભિપ્રેત છે.}

{૩૫} ઉદયકરી રે, જ્ઞાનનો ભાનુ સુખાળો. {પૃ. ૨૨}

{૩૬} નિશદિન વાસનાના હોડા રે. {પૃ. ૧૩}

{૩૭} પદ્માલયાને પામતાં સુખ તો મળે બહુ માનતા. {પૃ. ૪૪}
{અહીં સામાન્ય ધનસંપત્તિ માટે લક્ષ્મીવાચક "પદ્માલયા" સમાસનો પ્રયોગ પણ એટલો જ વિચિત્ર લાગે છે !}

{૩૮} હોજો પ્રકટ, જગદક્ષ ! {પૃ. ૫૨}

{૩૯} આવૃત્તિ આ ભેદી પ્રકટાવું. {પૃ. ૫૨}

{૪૦} ગુરુસેવના વિણ સુખ બ્રહ્મશતાંતરે ન પમાય છે. {પૃ. ૪૬}

આ તો માત્ર થોડા નમૂના આપ્યા છે[1] ; ઉપરનિર્દિષ્ટ જેવાં ક્રિયાપદો, સમાસો વગેરેની પુનરુક્તિ બીજાં અનેક પદોમાં પણ મળી આવે છે. ઉપરના સમાસો પૈકી એક બે ઉપર સહેજ વિચાર કરતાં જણાશે કે તેવા પ્રયોગોથી કાવ્યતત્ત્વને જ માત્ર હાનિ પહોંચે છે એમ નથી પરંતુ અર્થબોધની સ્પષ્ટતા પણ જોખમાય છે.

---

૧. આ સિવાય નીચે પ્રમાણે "શ્રીસુધાસ્રોતસ્વિની"માં પ્રલંબસમાસો મળી આવે છે :– કુદષ્ટિકર્દમ, વૃત્તિ આધિપત્ય, ભવદાવાનલઝાળ, સુખબુભુક્ષુ, નરહરિ અનુગ્રહભાનુ, તત્ત્વવિચારાંજન, ખાનપાનવિભવાદિ, નિરોધ ઉર્ધ્વધિતલે વગેરે.

દા.ત. ઉપરના ક્રમાંક ૨માં "વિતૃષ્ણાબુંજપત્રાંબર"માં વિતૃષ્ણારૂપી કમલના પત્રરૂપી વસ્ત્ર યોગીજનો પહેરે છે એટલે તેમનાં શરીર મોહજલથી ભીનાં થતાં નથી, એ ભાવ કેટલો દુરાકૃષ્ટ લાગે છે ! અને "વિતૃષ્ણા" શબ્દથી નિસ્તૃષ્ણાનો ભાવ પ્રતીત કેવી રીતે થાય ?

તે જ પ્રમાણે ક્રમાંક ૪માં "સમાધિસ્થિતયોગી નિદ્રિત જનમનસમ"ના સુદીર્ઘ સમાસમાં, સમાધિમાં સ્થિત એવા યોગીના મનની પેઠે અને નિદ્રાધીન સુષુપ્તાવસ્થામાં પડેલા માણસના મનની પેઠે – એવા બેવડા વિકલ્પોનો અર્થ કવિને અભિપ્રેત છે તે સુગમતાથી સ્પષ્ટ થાય છે ખરો ? આ પ્રકારનું સામાસિક સાંકર્ય કાવ્યના સુંદર વિચારોની અભિવ્યક્તિને કદી કદી ક્લિષ્ટતા અર્પે છે. ઉપરનાં દૃષ્ટાંતોમાં એ પણ જોવા મળે છે કે બે કે અધિક તત્સમ શબ્દોનો જ સમાસના પદ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો એમ નથી, પરંતુ સંસ્કૃત અને દેશ્ય બંનેનો (સુ(૭) યોગ પણ સાધવામાં આવ્યો છે.[1] તે જ પ્રમાણે ક્રમાંક ૩૮માં વિશ્વાત્માના અર્થમાં કવિએ "જગદક્ષ" જેવો અપરિચિત સમાસ યોજ્યો છે તથા "આવૃત્તિ" શબ્દ વેદાન્તના "આવરણ"ના અર્થમાં યોજ્યો છે. અલબત્ત "આ વૃ" ધાતુમાંથી જ બંને નામો બને છે પણ અર્થચ્છાયામાં એકતા નથી. આથી અર્થની સરળતાને અને પ્રસાદગુણને થોડી હાનિ પહોંચે છે.

આશારહિતપણાના ભાવ માટે કવિશ્રી "નૈરાશ્ય" અને "નિરાશતા" શબ્દો વાપરે છે. તેનું વર્ણન, યોગી પુરુષોની અખંડ સુખમય સ્થિતિનું ચિત્ર આપતા એક અપૂર્ણ કાવ્યમાં કરતાં કહે છે,

---

૧. ગુજરાતી કવિતામાં પ્રો.બળવંતરાય ઠાકોરે તેમની આરંભની જાણીતી કૃતિ "એક તોડેલી ડાળ"માં આ જાતના પ્રયોગો કરેલા છે. દા.ત. સમરબિચ, જુવાની અવસર વગેરે.

"રંભાથી ના, ચંદનથી ના થાય જો -
મૌક્તિકમાલાથી કે હિમરશ્મિ થકી,
નૈરાશ્યે થતું જે યોગિઉરમાંહ્ય જો ;
રાજ્યથી સ્વર્ગથી માધવથી પ્રિય સ્ત્રીથકી,
થાય ન કદી પણ તે સુખકેરો ભોગ જો."

{સુ. પૂ. ૩૯}

"ત્રિભુવનથી પણ તૃણવત્ ભાસે જે વડે,
પરાનિર્વૃત્તિ પામી તે યોગીશ જો,
નૈરાશ્યે, નિજપદમાં ભેદ ભૂલી વહે,
સચ્ચિદ્ આનંદમય થઈ સર્વાધીશ જો.
નિરાશતા પરશુરૂપ વિપદકરંજને
આત્યંતિકી શાંતિનું અદ્ભુત સ્થાન જો,
શમતરુકેરો રમણીય પુષ્પસમૂહ છે,
સેવન કરી યોગી શું કરે દુઃખભાન જો ?
વિધવિધ આશારૂપ પિશાચો જેહના,
હૃન્મંદિરમાં કરી ના શકતા પ્રવેશ જો,
મોહવિવશ જીવહૃદય શ્મશાને જે થતા,
ઉત્પાતો તે ત્યાં થાયે કેમ લેશ જો ?"

{અંજન}

આ અવતરણમાંની બેત્રણ વિચિત્રતાઓ અને વિલક્ષણતાઓ ધ્યાનપાત્ર છે. પ્રથમ તો આગળ જણાવ્યું તેમ તીવ્ર વૈરાગ્યના પર્યાયરૂપે "નિરાશતા" કે "નૈરાશ્ય" શબ્દોનો પ્રયોગ સહેજ કઠે એવો છે. વળી, "રંભા" દ્વિઅર્થી શબ્દ હોવાથી કદલીસ્તંભના બદલે સુંદરી નારીનો અર્થાન્વય કરતાં પાઠ્યસંદર્ભમાં અનર્થ થવાનો સંભવ રહે છે ! તે જ પ્રમાણે, "હિમરશ્મિ" અને "માધવ" અનુક્રમે ચન્દ્ર અને વસંતના પર્યાય તરીકે વપરાયા છે એવો ભાગ્યે જ ખ્યાલ

આવે. જે પરાનિર્વૃત્તિ એટલે કે સર્વોચ્ચ કોટિનો શાંતિમય આનંદ પ્રાપ્ત કરવા માટે યોગી ત્રિભુવનના વૈભવોને પણ તૃણવત્ તુચ્છ લેખે છે તેને સધાવનાર વૈરાગ્યને કવિએ વિપત્તિરૂપ કરંજના એટલે કે કાકચના વૃક્ષને છેદનાર પરશુ (કુહાડા)ની ઉપમા આપી છે. આશાઓને પિશાચો, હૃદયને મન્દિર અને જીવહૃદયને સ્મશાનનું જે રૂપક આપ્યું છે તેમાં કવિની કલ્પનાશક્તિની અને અલંકારયોજનાની કુશળતાની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

ગુરુકૃપાપાત્ર અનુભવી યોગીનું ચિત્ત અખંડ સુખમાં સ્થિર રહે છે. તેના અનવધ આનંદની કલ્પના વિષયાસક્ત ભોગીને શી રીતે આવે ? તે વિચાર કવિ વિવિધ દૃષ્ટાંતો અને પ્રશ્નોથી કરે છે :

"આશામાત્ર ત્યજી વિષમય વિષયોતણી,
ગગન વિષે જે વિચરે નિત્ય અબધ્ધ જો,
ભૂચર આ મતિમંદ જીવો કળી શું શકે ?
તે યોગીનું અનંત સુખ અનવધ જો.
મહાજલનિધિ નયને જેણે નથી ન્યાળિયા,
તે દર્દુર જાણે જલનિધિ નિજ કૂપ જો.
ઈન્દ્રિયગ્રાહ્ય સુખે જે જીવ રાચી રહ્યા,
તે શું લહે ઈન્દ્રિય પર સુખ અનુપ જો ?
તિમિર વિષે જે ઉલૂક આદિ રાચતા,
તે માને ના સુખપ્રદ ભાનુપ્રકાશ જો,
નરકતણા કીટ પીયૂષે ધરતી ના રુચિ,
(તદ્વત્ ) યોગીસુખ લહે તુચ્છ વિષયના દાસ જો."

(સુ. પૃ. ૩૮)

કારણ કે,

"બહિર્ અને અંતર્ આ દૃશ્ય સમગ્ર જે,
શાંત ચિદાત્મા વિવર્તરૂપથી સ્થિત જો,
તેથી ભિન્ન ન અર્થ કશો એ નિશ્ચયે,
અખંડ સુખમાં સ્થિર રહે યોગિચિત્ત જો."

(એજન)

જીવભાવનાથી દીનત્વ ધરાવતા સાધકને સ્વરૂપભાવનાથી વીરત્વ ધરવા પ્રબોધ અપાતાં દસ-બાર કાવ્યોમાં સમરાંગણનો અને સિંહનો ઉપમાન તરીકે જુદાજુદા સંદર્ભમાં કવિએ ઉપયોગ કર્યો છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીની યુધ્ધરૂપકની પરિપાટીનું તેમાં અનુકરણ છે કે જેમાં કામક્રોધાદિ ષડરિનો અને જપતપસંયમ, ગુરુમંત્ર-ઉપદેશ અને વિચાર-વિવેક વગેરે શસ્ત્રાસ્ત્રનો નિર્દેશ થયેલો હોય જ. પરંતુ સિંહ અને સસલું કે બકરીનાં ઉપમાનોનો વિનિયોગ કવિએ જુદાં જુદાં કાવ્યોમાં - એક જ હેતુથી પણ - ભિન્ન ભિન્ન સંદર્ભમાં કરેલો જોવા મળે છે. તેમાં ઉપાસ્ય સદ્ગુરુનું નામ પણ નૃસિંહ કે નરહરિ હોવાથી ઘણીવાર શ્લેષની છાયા પણ આવી જાય છે. જીવને વાસ્તવસ્વરૂપનું ભાન કરાવતા પદનું ઉદ્ઘાટન જ કેવું પ્રોત્સાહક છે ?

"વીરા તું છે કેસરી, રાંકડી ન બકરી,
જોઇ પોતાને હરિ, રહે સુખમાં ઠરી."

(સુ. પૃ. ૨૮૬)

શ્રી ઇષ્ટરૂપની સત્તા-સહાયની અપ્રતીતિથી દુર્બળતા-દીનતાને સેવતા સાધકો પ્રતિનાં આ પ્રકારનાં ઉદ્બોધનોમાં વીર્યભાવ ખીલી ઊઠે છે :

"કેમ બકરી તું કેસરિ ! થાય રે,
આખા વનનો વીરા તું તો છે રાજવી,
વાત છે ના નવી, વૃધ્ધો ગાય રે."
(સુ. પૃ. ૩૧૯)

તથા અન્યત્ર,

"સિંહ શિશુ થઇને વીરો, અજાતણી ચીસે રે,
ફડક ફડક ઉર કેમ થાતાં રે,
દેવી દીધાં છે અસ્ત્રશસ્ત્ર પતિએ,
જણે રણે કાટવાળાં કાતાં રે,
સાધક વીરો ! કસી કટિ રણે ઘૂમો રે,
વેળ ઘૂમ્યાની માનો છે આવી રે,
શસ્ત્ર સજીને દાખી વીરત્વ સાચું,
ધરણી મૂકો આ ધીર ધ્રુજાવી રે."

o o o

"બકરી શું આવતી, ગર્જના મહતી, સિંહની જયાં થતી રે,
ભીતિ ગળી, ચરણો રળી."
(સુ. પૃ. ૨૯૩)

તો કેટલેક સ્થળે કવિએ પ્રાસાનુપ્રાસ અને શ્લેષને યોજવામાં કૌશલ પણ દાખવ્યું છે. વિવેકજાગૃતિ માટે જીવને સુબોધ કરતા પદમાં અંતમાં આ રીતે વર્ણવિન્યાસ દ્વારા લય સાધ્યો છે :

"નરહરિનાથ ત્રિભુવને જડે શોધતાં ના,
શોધે તું જન્મ જો હજારો રે જી,
સમજણમાં શમતાં પણ ઘર બેઠે ભાળશે ભાઈ,
શમ તેથી સમજણમાં સવારો રે ;
હો જીવડા ! સમજણના ઘરમાં કાં ન આવે રે જી."
(સુ. પૃ. ૩૩૨)

તે જ પ્રમાણે, સ્વરૂપાન્વેષણાર્થે સાધકોને નિમંત્રણ કરતા પદમાં,

"વૈખરી મધ્યમામાંહી શમાવી, જોવો પશ્યંતીનો તટ,
ત્યાંથી આગળ વહી પરામાં, નિકટ નીરખવો સ્વરૂપમઠ.
શશિસૂર્યપાવકની પણ જયાં પ્રભા પડી જાતી નિકૃષ્ટ,
જેના તેજે ત્રિલોકનાં આ તેજની દીપ્તિ રહે વિસ્પષ્ટ."
(સુ. પૃ. ૩૫૬-૩૫૭)

અહીં "પશ્યંતીનો તટ" અને "સ્વરૂપમઠ" શબ્દ સુંદર રીતે યોજાયા છે અને પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી-ના નાદસૂચક યૌગિક પરિભાષાના શબ્દો પણ યથાસ્થાને ગોઠવાયા છે. પરંતુ "વિસ્પષ્ટ" શબ્દનો અર્થ સુસ્પષ્ટ થતો નથી. વિ = વિશેષ રીતે કે નકારના અર્થમાં ?

દ્વિતીય કલ્લોલમાં આવાં એક બે કે ત્રણ જ અંતરાવાળાં નાનાં ઊર્મિપદોમાં શરણાગતની વિજ્ઞપ્તિ અથવા સાધકને તત્ત્વબોધ સિવાય અન્ય વિષય હોતો નથી. આવાં બધાં કાવ્યો સમગ્રરૂપે ઊર્મિચિન્તનના સમન્વયરૂપ ઉત્કૃષ્ટ કલાકોટિનાં બની રહેતાં નથી. પરંતુ તેમાં વિદ્યુત્-ઝબકારાની જેમ યોજાયેલી અલંકારવાળી પંક્તિઓ કે કોઈ કોઈ સ્થળે અભિવ્યક્તિની નિખાલસ સરળતાવાળી પંક્તિઓ સચોટતા સાધી રહે છે.

(૧) "કોઈ સ્હાજો આ જ્ઞાનનો પંથ રે,
જેને સ્હાતાં આ પથરાના હીરા બને,
સ્ત્રી ના રહે સ્ત્રીપણે, બને કંથ રે."
(સુ. પૃ. ૨૧૫)

અહીં ત્રીજી પંક્તિની માર્મિક સૂચકતા કાવ્યમય છે.

(૨) "આપ મેઘ છો તરસ્યો બપૈયો હું છું,
આપ ચંદ્ર છો હું તો -
પ્રેમી ચકોર છું, રહેજો પાસ રે,
પ્રભુ, હું તો તમારો છું દાસ રે."
(સુ. પૃ. ૨૧૪)

મેઘ-બપૈયો અને ચંદ્રચકોરનાં ઉપમાનો તો પરંપરિત છે પરંતુ અહીં આ ગીતમાં જે રીતે યથાસ્થાને કવિએ તેને યોજ્યાં છે તે પ્રપન્નતાના ભાવને સઘન બનાવવા ઉપરાંત ગીતના લયમાધુર્યને પણ પોષક નીવડે છે.

(૩) પ્રભુને પ્રેમે હૃદયમંદિરમાં પધારવાનું નિમંત્રણ આપતાં ભક્તે જાપનાં વાજાં બેસાડ્યાં છે, ભાવનાનું આસન રચ્યું છે, વૈરાગ્યના દીપ મૂકયા છે અને "હુંપણા"નું નૈવેદ્ય ચરણમાં નિવેદન કરવાની તૈયારી કરી છે. તે અત્યંત આર્દ્રતા અને આર્જવભર્યા અંત:કરણથી કહે છે,

"શમદમચૂને મેં ઘર આ ધોળ્યું છે, હું રંકની ઝૂંપડી દીપાવજો."

(સુ. પૃ. ૨૧૭)

(૪) તેવું જ આર્દ્રતા અને આર્જવભર્યું નિષ્કિંચન ભક્તનું નિમંત્રણ પદ, સાધકોમાં જાણીતું છે.

"આવી મારી ઝૂંપડીમાં આજ,
પાવન કીજે આ દીન દાસ,
કોણ જાણે મારી આપ વિના દાઝ
કરશો મને ના નિરાશ.
નથી આસન રૂડું પ્રભુ બેસાડવા,
નથી ષડ્રસ ભોજન જમાડવા,
મારો સ્વીકારો રોટલો ને છાશ. મારા સ્વામિ !

o o o

નથી મારે વૈભવોને નાથ માગવા,
ઈચ્છું સામર્થ્યને ન, આપથી આગવાં,
યાચું એ જ રાખો નિત્ય ચરણપાસ. મારા સ્વામિ !"

(સુ. પૃ. ૩૦૯)

ભાવની અને અભિવ્યક્તિની કેટલી ઋજુતા, નિખાલસતા (Frankness) અને સરળતા !

કેટલાંક પદોમાં ઉપાડ સૂચક, આકર્ષક અને આલંકારિક હોય છે. પણ પછી અંત સુધી કાવ્યની ઉચ્ચકક્ષા જળવાઇ રહેતી નથી. અલબત્ત, વચ્ચે વચ્ચે આવતા અલંકારોમાં કવિકલ્પનાની દક્ષતા ગોચર થયા વિના રહેતી નથી. પોતાના સ્વરૂપનું નિત્ય અનુસંધાન કરવા જીવને હંસરૂપે ઉદ્બોધેલું નાનું પદ સુંદર છે.

"મોતી તત્ત્વવિચારનાં, ઊંડે હત્સરમાંહય,
મત્સ્યો વિષયવિચારનાં, મધ્યે જયાં ત્યાં ધાય,
તેને ખાતાં તું હંસનો બગલો બન્યો, શિવનો જીવ થઈ તું,
દુઃખમાં ગાળે દિનો; વહી હાય રે.
હંસ થઈને કાં મત્સ્ય તું ખાય રે,
તારો ચારો છે મોતીનો હે હંસલા !
મત્સ્યમાં બગલા, જો ! લોભાય રે."
(સુ. પૃ. ૨૧૫)

તે જ પ્રમાણે અન્ય પદમાં સર્વદા સર્વત્ર રાજતા પરમતત્ત્વને સૂર્યની ઉપમા આપીને જીવરૂપી ધૂવડને મીઠો ઉપાલંભ આપ્યો છે.

"કેમ સૂર્યને રાત્રિરૂપે ભાળતા, પ્રજ્ઞ વિશ્વ આ તત્ત્વરૂપે
ન્યાળતા, જ્ઞાનારૂઢજી.
કેમ જોતા ન સૂર્યને હે ધૂડ જી,
સઉને દિન જે, ગણી તેને રાત્રિ તમે,
ભૂલ્યા મિથ્યા ભ્રમે, બની મૂઢ જી."
(સુ. પૃ. ૨૧૬)

યોગીશ્વર શ્રીમન્નૃસિંહાચાર્યજીના પટ્ટશિષ્ય અને યોગ દ્વારા જ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરનાર યોગી શ્રી વિશ્વવંદના કવિતા-સર્જનમાં, જ્ઞાનભક્તિની સાથે "યોગ"ને પણ સ્થાન હોય એ સ્વાભાવિક

છે. અલબત્ત, સદ્ગુરુનાં યોગવિષયક કાવ્યોમાં જે સર્વત્ર અનુભવની ખુમારી અને – ઉપદેશ છતાં – કવિતાની ફુમાશ વરતાય છે તેવું શિષ્યનાં તે પ્રકારનાં તમામ કાવ્યોમાં – અને તે પણ આખાય કાવ્યમાં સળંગ રીતે – જોવા મળતું નથી. તેમનાં આ પ્રકારનાં કાવ્યોમાં લાંબાં વર્ણનો અને યોગપ્રક્રિયા કેમ કરવી તે વગેરેનું અસલ પારિભાષિક શબ્દોમાં જ કરાતું વર્ણન વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેમ છતાં; કેટલાંક કાવ્યોમાં સ્વાનુભવનો રણકો સંભળાય છે ત્યાં કવિત્વ ઝળહળી ઊઠે છે. મનમાં વિહંગનું આરોપણ કરીને ગગનમંદિરમાં પ્રગમન કરવા અપાતા એક આવાહન-પદમાં, યોગ મંત્ર તંત્ર અને કાવ્યશાસ્ત્રનો સહયોગ સધાયો છે. તેમાં ચાતુરી પણ છે. સાથે સાથે આલંકારિક વર્ણનની છટા પણ છે. અભિમન્યુના નવ કોઠાની જેમ અહીં કવિગુરુ મનપંખીને સાત તબક્કા વટાવી આઠમા તબક્કામાં સ્થિર થવા પ્રબોધે છે. બધા જ તબક્કાનાં વર્ણનોમાં બાવન અક્ષરો પૈકી અમુક અમુક વિશિષ્ટ અક્ષરોમાં સમૂહબીજ મંત્રો રૂપે આવેલાં છે. તેની મંત્ર-યોગશાસ્ત્રીય માહિતી પણ સુચવાઇ છે. દા.ત.

"બંકનાલના અધોભાગમાં આવ્યું છે, પહેલું તબક જો ! તું પેલું,
ગઢ ચારવાળું જે છે, ગણપતિ ઈશ જેના,
वं शं षं सं બીજથી આંકેલું."

(સુ. પૃ. ૩૬૭)

સ્વાધિષ્ઠાનનું બીજું बं થી लं સુધીનું બ્રહ્માનું "તબક" છ ગઢવાળું છે; મણિપૂરકનું डं થી फं અક્ષરાંકિત ત્રીજું "તબક" દશગઢયુક્ત છે; હૃત્પદ્મનું ચોથું "તબક" આઠ ગઢવાળું છે; कं થી ठं બીજાલંકૃત સદાશિવનું પાંચમું "તબક" અનાહત નામે ઓળખાય છે. अं થી अः સુધીના ષોડશબીજથી યુક્ત છઠ્ઠા વિશુધ્ધ "તબક"માં તો

"ધરી ધ્યાનને યોગીઓ, ઉપરના માર્ગમાં સિધાવે."

ૐ આથી અંકિત બે ગઢવાળું સાતમું ત્રિકુટિસ્થ આજ્ઞાતખક વટાવ્યા બાદ,

"ત્યાંથી ઉપર છેલ્લું તખક છે આઠમું, શોભે જે સહસ્ત્ર ગઢેથી,
સચ્ચિતિ નરહરિનાથ જયાં રાજે,
જેને વેદો કહે છે નેતિ નેતિ.
દક્ષિણાંગે વામાંગે વસ્તુ અવસ્તુરૂપા, છાયારૂપે જયાં રહે માયા,
તે પ્રભુને તું સ્પર્શી સંધ પ્રભુમાં શમાજે,
શમે દેહમાંહી જેમ છાયા."

{અંજન}

આ પ્રકારનાં ચોક્કસ સ્થાનોનો અને સાધનાક્રમનો નિર્દેશ કરનારાં, તથા સાધકની ઉર્ધ્વગતિની અનુભૂતિનો રણકો પાડનારાં, શાસ્ત્રીય જ્ઞાનપ્રકાશ નાખનારાં કાવ્યો ગુજરાતી સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળશે. શ્રેયસ્સાધક વર્ગની આચાર્ય-ત્રિપુટીનાં - શ્રીમન્નૃસિંહાચાર્યજી, શ્રીમત્ ઉપેન્દ્રાચાર્યજી અને શ્રીમત્સુરેશ્વરાચાર્યજીનાં - કાવ્યોમાં અને સ્વલ્પ પ્રમાણમાં શ્રી જયંતીદેવી, શ્રી અરવિંદાદેવી અને વર્ગના બીજા કવિસાધકોનાં કાવ્યોમાં આ "યોગ" વિષય ખેડાયેલો જોવા મળે છે.

"ન ફર રે, ભ્રમરા, ફૂલપાંખડીએ બની અંધ,
નથી મળતી ત્યાં સાચી સુગંધ,
તો યે અટવાતો કાં મતિમંદ રે."

{સુ. પૃ. ૩૪૪}

આ પદમાં કવિએ યોગશાસ્ત્રાનુસાર ભૂમિ, આપ, અનલ, અનિલ, ખ, ચિત્ત, બુધ્ધિ અને આઠમી અહંકારપાંખડીનું કાવ્યમય શૈલીમાં નિરૂપણ કર્યું છે અને પ્રકૃતિની એ અષ્ટવિધ પાંખડીઓના ભિન્નભિન્ન નવા નવા સ્વાદ ગ્રહણ કરવાની ભ્રમણશીલ વૃત્તિને ત્યાગવા મનભ્રમરને બોધ કરતાં કહે છે.

"પદ્મની મધ્ય કલિકામાં નભ છે, અંગુષ્ઠ પૂર પ્રમાણ,
તેમાં વિરાજે છે વસ્તુ મનોહર, અદ્‌ભુત અમૃતખાણ રે."
(સુ. પૃ. ૩૪૪)

આ વસ્તુતત્ત્વનો અનુભવ થતાં, ભ્રમરપણું ટળી જવાનો "મહાચમત્કાર" સર્જાય છે. તેથી –

"આમ છે માટે સમજી સવેળા, કર કલિકામાં પ્રવેશ,
આલિંગી નરહરિનાથને બની જ, આવે નૃહરિ હૃષીકેશ રે."
(એજન)

સચ્ચિદાનંદ ચિતિસ્વરૂપ સર્વદા ત્રિકાલાબાધિત હોઈ, માત્ર મધ્યમાં ભાસતું દૃશ્ય નામરૂપ કલ્પિત અને અસત્ય છે. અને તે જ જીવને, સ્વરૂપનું સતત અનુસંધાન અવિચ્છિન્ન રાખવામાં આવરણરૂપ નીવડે છે.

"અસ્તિ ભાતિ, પ્રિય બધે, ક્યાંહિ ન નામ ન રૂપ,
અહં ઈદં ત્વં ત્રિપુટી ના, સમગ્ર ચિતિસ્વરૂપ."
(સુ. પૃ. ૨૦૯)

સર્પને સ્થાને સાચું રજ્જુદર્શન કરવા મલ–વિક્ષેપ–આવરણ દૂર કરવા કવિયોગી ચતુર્વિધ યોગની સાધનાનો અને તદન્તર્ગત પરાભક્તિનો બોધ કરે છે :

(૧) <u>મંત્રયોગ</u>

"જપનો આ માર્ગ જુઓ જતો, ઠેઠ પ્રભુસદને પહોંચે રે,
મંત્રવાહને બેસી છે જવું, ક્રમે અનુભવ ટોચે રે."
(સુ. પૃ. ૧૦૪)

"વાચકથી વહી ઉપાંશુમાંહી, મનોમયે ચઢ વીર,
ધ્યાન તથા શૂન્યે વધી ગુરુવર – જોજે અંતરબહિર."
(સુ. પૃ. ૨૨૮)

(૨) <u>રાજયોગ</u>

"સાધી ધારણા ધ્યાનાગ્નિથી, વાસના બીજને બાળો રે."

o o o

"ધ્યાતા ધ્યેયને ધ્યાનાદિ ત્રિપુટી, અસંપ્રજ્ઞાતે પ્રજાળો રે જી."

(સુ. પૃ. ૧૩૩)

(૩) <u>હઠયોગ</u>

"ષટ્ચક્ર આદિ વિવિધ પથો, મહામંદિરે જતા રે,
દુર્ગમ પણ ગુરુબાલથી, અલ્પ આયાસે સધાતા રે."

(સુ. પૃ. ૧૦૪)

(૪) <u>લયયોગ</u>

"કાર્યપ્રપંચ કરી પ્રકૃતિમાં લય, પ્રકૃતિ શબલમાં ઓગાળો રે જી,
બહિરંતર અનુભવો હરિ, સાધી,-તત્ત્વાભ્યાસ રસાળો રે."

(સુ. પૃ. ૧૩૩)

:૫: <u>પરાભક્તિ</u>

"ભાન ભૂલો નિજ તનમનધનનું, પ્રકટાવી પ્રેમઉછાળો રે જી,
પ્રેમલક્ષણાના મહાપૂરે, ત્રોડો આ મહામોહમાળો રે."

(સુ. પૃ. ૧૩૩)

શ્રીમન્નૃસિંહાચાર્યજી અધિકાર પ્રમાણે સાધકોને યોગક્રમની દીક્ષા આપતા, એ આપણે વારંવાર જોઈ ગયા છીએ. આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં તેઓશ્રીની આજ્ઞાથી તથા તેમના સ્વરૂપાવસ્થાન પછી સ્વતંત્ર રીતે શ્રી માસ્તર સાહેબ પણ સાધકોને યોગક્રિયાના વિષયમાં પ્રત્યક્ષ માર્ગદર્શન આપતા, અને કાવ્યાદિ સાહિત્ય દ્વારા પણ પ્રબોધ કરતા. એટલે એ પ્રકારનાં કાવ્યો તેમણે પણ રચ્યાં હોય એ સ્વાભાવિક છે. તેમાં વિવિધ મુદ્રાઓનું પણ વર્ણન આવે છે. પતંજલિ

મહારાજે વર્ણવ્યા પ્રમાણે શાંભવી અને ખેચરી મુદ્રાઓનું જ્ઞાન સર્વને સુલભ હોતું નથી. એ શાંભવીમુદ્રાનું સુંદર કાવ્યમય શબ્દચિત્ર એક પદમાં અંકિત થયું છે.

"દુર્લભ આ છે, શાંભવી જેને તેને સિધ્ધ ન થાતી,
નરહરિકરુણા - વિણ નિષ્ફળતા યત્ને સદા પમાતી,
ગુરુપદમાં રે, વિવેકી નિત્યે નમે, સ્વલ્પ તો શ્રમે, દુઃખ દે જારી,
કહું શાંભવી મુદ્રા કરે સહજ જે જીવને શિવ અવિકારી."

(સુ. પૃ. ૨૯૧)

શાંભવીમુદ્રાનું આગવું વૈશિષ્ટ્ય દર્શાવવા કવિશ્રીએ કેવી રોચક રમણીય અને સચોટ ઉપમા યોજી છે ! -

"ગણિકા જેવા ચાર વેદ, ષટ્શાસ્ત્ર પુરાણો નાણો,
સર્વે સાધે, સાધુ અસાધુ, મૂર્ખ અપંડિત શાણો,
પણ શાંભવી રે, ગુપ્ત કુલવધૂ ખરે, ન જ્યાં ત્યાં ફરે, વરે અધિકારી."

(એજન)

અહીં શાંભવીને માટે "ગુપ્ત કુલવધૂ"ની ઉપમા ખરેખર અપૂર્વ અને સૂચક છે. અંતર્લક્ષ્ય પર લક્ષણાવૃત્તિ સ્થાપીને, દૃષ્ટિ બાહ્ય છતાં પણ બહાર ન વ્યાપે એ રીતે અનિમિષ નેત્રોને ધારણ કરનાર શાંભવી-સ્થિત યોગી કે સાધકનું સ્પૃહણીય ચિત્ર ઉપસ્થિત થયું છે. સાધકોએ અનેક વખત શ્રીમાન્ વિશ્વવંદ્યની આ વિરલ સ્થિતિનાં દર્શન કર્યાં છે તેનું જ અહીં જાણે પ્રતિબિંબ પડી રહ્યું હોય એમ જણાય છે.

"અંતર્ ધ્યેયે, ચિત્તપવન યોગીનાં વિલાયે જ્યારે,
ખુલ્લાં નેત્રો, રહે, કશું પણ દૃષ્ટિ ન જોતી, ત્યારે,
શાંભવી મુદ્રા, સિધ્ધ યોગીને થતી, વાણીમનમતિ, જાય જ્યાં હારી ;
શાંભવી થાતાં, સિધ્ધ શંભુની યોગી કરે પ્રતીતિ,
ન્યારી નિજની, શૂન્યાશૂન્ય વિલક્ષણ પદમાં સ્થિતિ,
સંસૃતિનું રે, જનનમરણ જ્યાં નથી, જે પદની સ્તુતિ શાસ્ત્રે ઉચ્ચારી."

(એજન)

આધુનિક તત્ત્વવિદો હવે વેદાન્તના અચલ સિધ્ધાન્તને સ્વીકારતા થયા છે કે Everything is a mental Projection. શ્રી વિશ્વવંદ્ય પણ સમસ્ત દૃશ્યપ્રપંચને જીવની કલ્પનામાત્ર હોવાનું સમજાવતાં અનેક પદોમાં જણાવે છે કે, વાસ્તવદૃષ્ટિથી જગત્ ઉત્પન્ન થતું નથી, તેમ નાશ પણ પામતું નથી. જેને ચિત્ત સુદૃઢપણે ચિંતવતું નથી તે મનોમન સૃષ્ટિમાં સૂક્ષ્મરૂપે ભમ્યા કરે છે. બધી ચિત્તની જ લીલા છે. ચિત્ત શમતાં દૃશ્યપ્રપંચ શમી જાય છે અને એ જ ચિત્ત સ્ફુરતાં જગત પુષ્ટ થાય છે.

"વસ્તુતઃ ન થતું, અળપાતું, થતું અળપાતું."
(સુ. પૃ. ૩૬૨)

કારણ કે,

"જીવચિત્તવિષે, સકળ જગત્ આ સ્થિતિને કરીને છે રહ્યું.
ચિત્ત જેને કલ્પે છે જેવું, તે ભાસે છે થઈને તેવું,
કલ્પનાવિના, જગનું ન રહેવું, જગનું ન રહેવું."
(એજન)

માટે વિવેકીજનોનું કર્તવ્ય શું છે ?

"આ વિલાસ સઉ ચિત્તનો સમજી, મતિમાને ચિત્તસ્ફૂર્તિ ત્યજી,
થવું પ્રશાંત નિજ ચિતિરૂપ યજી, ચિતિરૂપ યજી."
(એજન)

જયારે ચિત્તમાંથી સ્થૂલસૂક્ષ્મ જગત સ્ફુરે ત્યારે તેના પ્રતિ અભિમુખ થતાં સાવધાન થવું અને પોતાના ચિન્મય સ્વરૂપનું સ્મરણ કરી તે સ્ફુરતા જગતને સદ્ય વિલાવવું, એ જ વિવેકી સાધકનું કર્તવ્ય છે. માટે કાવ્યના અંતમાં કવિ કહે છે :

"ચિત્ત એ જ જીવોનું જીવપણું, ચિત્તરહિતપણું એ બ્રહ્મપણું,
નરહરિ તે, જેણે ચિત્ત હણ્યું, નિજ ચિત્ત હણ્યું."
(એજન)

ચિત્તના ઈક્ષણ અનુસાર જ પ્રત્યેક જીવને જેવી તેવી પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. પદ ૩૯૩માં કવિ પૂછે છે,

"શાનું તું ચિંતન કરે, પૂછું તને હું વીર,
કાં જે તુજ ચિંતન રચે, તુજ સૃષ્ટિનું શરીર."
(સુ. પૃ. ૩૭૩)

તથા,

"જે જેનું ચિંતન કરે, તે તેમય થઇ જાય,
પ્રભુચિંતી પ્રભુમય થવું, કીટ ભ્રમરને ન્યાય."

o o

"ભિન્નપણું જયાં ના રહે, ઉન્નતિનું તે શૃંગ,
તે સ્થિતિ નીરખી ત્યાં લગી, કરજે યત્ન અભંગ."
(સુ. પૃ. ૨૭૬)

કારણ કે શ્રુતિ વદે છે કે यथा धाता पूर्वमकल्पयत् । સંકલ્પમાંથી જ સૃષ્ટિ સર્જાઇ છે અને સર્જાય છે. एकोऽहम् बहु स्याम् । ના ઇશ્વરીય ઈક્ષણમાંથી જ આ બ્રહ્માંડનું સ્ફુરણ થયું છે. "જે નિયમ પ્રભુપદમાં પ્રવર્તે" છે તે જ નિયમાનુસાર જીવસૃષ્ટિની રચના પણ જીવના ચિંતન પ્રમાણે જ થાય છે.

"શાથી દુઃખે હું રીબું, પૂછ ન મુજને વીર,
તુજ ઈક્ષણઅનુસાર તુજ, પ્રકટયું સૃષ્ટિશરીર."
(સુ. પૃ. ૩૭૩)

આવાં ૧૦-૧૨ પદોમાં શ્રીમાન્ વિશ્વવંદ્યે, વિચારસામર્થ્ય અને ચિંતનપ્રભાવ વિશેના પોતાના સિધ્ધાંતને કાવ્યમય વાણીમાં વહેતો મૂકયો છે. શ્રીમાન્ વિશ્વવંદ્યના સમગ્ર વાઙ્મય વર્તુળમાં આ વિચાર કેન્દ્રસ્થાને છે. વાસ્તવમાં તો, આ વિચારના વિસ્તારરૂપે જ તેમણે વિપુલ સાહિત્ય સર્જયું છે. આ વિચારને તેમણે તેમના લેખોમાં વધારે વિશદતાથી અને મૌલિક દૃષ્ટાંતોથી સમજાવ્યો છે. ભાવનાના આંદોલનનો વિચાર પણ આ જ સિધ્ધાંતનું એક પાસું છે - અથવા

તેનું પૂરક છે. બીજી રીતે કહીએ તો તેમાં અજાતવાદનો ગર્ભિત અર્થ પણ રહેલો છે. એક સુંદર પદમાં કવિ પ્રબોધે છે,

"જાગીને આ સ્વપ્નમાંથી, સત્ય જોજો કોઇ નર,
વ્યર્થ કંપો શીદ થરથર, જોઈ ખોટો વિષધર.
જગત્ થયું નથી ત્યાં પછી કાં, દુઃખનાં ગીત ગાઈએ ?
વરવિનાની જાનમાં શું પીએ ને શું ખાઈએ ?
કંઈ ન, જોજો ! આદિ આખર. જાગીને૦
બ્રહ્મની બધી આ ચમત્કૃતિ, બ્રહ્મથી જરી ના જુદી,
કાર્યકારણથી ન ન્યારું, દૂધ કેવળ, બાસૂદી,
એકમાં થવું ક્યાં થકી અવર. જાગીને૦"

(સુ. પૃ. ૩૨૩)

સંસારરૂપી સ્વપ્નથી જાગ્રત કરનારા આ ઉદ્બોધનમાં "જોઈ ખોટો વિષધર", "વરવિનાની જાનમાં", "દૂધ કેવળ, બાસૂદી"....વગેરે ઉપમાનો કેટલાં મૌલિક છે ? આવા ઉચ્ચપ્રકારના તાત્ત્વિક વિચારોના સમર્થનમાં ભાષા જેમ સાદી છે તેમ ઉપમા-રૂપકો પણ સાવ સાદાં અને કદી કદી તો ઘરગથ્થુ છે, તેથી તે રોચક લાગે છે.

આ રીતે ઘણાં કાવ્યોમાં કવિ જે રીતનાં ઉપમાનો યોજે છે, ઘરગથ્થુ બોલચાલના શબ્દો જ નહીં પણ પ્રચલિત ઉક્તિઓ કે રૂઢિ--પ્રયોગોનો ઉપયોગ કરે છે તેમાં તેમની શૈલી જુદી તરી આવે છે, એટલું જ નહીં પણ ક્યાંક ક્યાંક તો તેમની વિનોદીવૃત્તિ વેધક ચમત્કૃતિ આણે છે. બેત્રણ દષ્ટાંતો જ જોઈશું. ગઝલ જેવા એક પદમાં મનુષ્યે ઈશ્વરને ક્યાં શોધવો એ પ્રશ્નને છેડે છે :

"ઈશ્વર ક્યાં અમો શોધું, બતાવો કોઈ દયા લાવી,
પૂછે જયાં ત્યાં જનો સઉને હૃદય દીનતાથી કરમાવી.
મત્સ્યો પૂછે ઉદધિ ક્યાં હશે, દો કોઈ દર્શાવી,
રમતાં ઉદધિમધ્યે નિત્ય અહહ ! ભ્રાંતિ થઇ આવી.
પૂછે પક્ષીઓ વાયુ બતાવો, છે હવા ખાવી,
વસતાં વાયુમાં ન હવા જડે ક્યાં ભાગ્યસ્તુતિ ગાવી.
પ્રભુમાં હરે પ્રભુમાં ફરે સઉ, જુદાઈ ન થાવી,
તોપણ વિરહભ્રાંતિ આ શી જનને વ્યર્થ દે તાવી.
હરિમય વિશ્વ આ છે એ જ હરિ જોવાતણી ચાવી,
સાધી નૃહરિઅનુગ્રહથી ન ભજ બાવો અને બાવી."

{સુ. પૃ. ૨૯૨}

"ન ભજ બાવો અને બાવી" – જેવી અનેક ઉક્તિઓવાળાં કેટલાંક કાવ્યો સાવ સરળ છતાં શૈલીની દૃષ્ટિએ સાવ જુદાં તરી આવે છે. તેમાં કદી કદી અન્યોક્તિ તો કદી કદી રૂપક તો કદી કદી પ્રશ્નાર્થ જેવા અલંકારોનો ઉપયોગ થયો હોય છે.

"કમર કસીને સાધે વિનાશી તું વિષયોને,
અવિનાશી અર્થે તું ન નવરો,
મંત્રને જપતાં તને કીડીઓ કરડે,
લવરીનો વેગ સાધે જબરો રે."

{સુ. પૃ. ૨૯૭}

કમર કસવી, કીડીઓ કરડવી, લવરી કરવી, પુષ્પાંજલિથી વધાવવા, નવરો, જબરો.....જેવા પ્રયોગો તો "સુધાસ્ત્રોતસ્વિની"માં ઠેર ઠેર મળી આવે છે.

પોતાને પૂર્ણ નિર્દોષ કર્યા વિના બીજાના આગળ પોતે નિર્દોષ હોવાનો દંભ કરી તેમને બોધ આપવા પ્રવૃત્ત થનાર મનુષ્યોની વૃત્તિ-પ્રવૃત્તિ પર પ્રહાર કરતાં પાંચ-છ પદોમાં, રમૂજ સાથે ઉપાલંભ આપનારા આવા પ્રયોગોનો યોગ્ય રીતે ઉપયોગ થયો છે. એક અન્યોક્તિપદની શરૂઆત જોઈએ,

"સો સો ઉંદર નિત્ય ઉપાડી, બાંધી સાધુતાની ધોળી દાઢી,
વેષ તપસી બાવાનો કાઢી, બેઠા તપને બાઈ બિલાડી.
આજસુધી પોતે શું શું કર્યું, અને - શું શું કરે હજી નિત્ય,
મેશ ન નિજ મુખપરની જુએ, ગાયે - બીજાના દોષોનાં ગીત.
પોતાની આંખના મોભ ન સૂઝતા, બીજાનાં કસ્તર જોઇ,
લાંબાપહોળા થઇ ઉપદેશ દે, જાણે હોયે મહર્ષિ કોઈ."

(સુ.પૃ.૪૧૨)

બીજાં થોડાં ઉદાહરણો આ રહ્યાં.

(૧) "ઉંચી વાતે પળતાં રે, જાણે કીડીઓ કરડી." (પૃ.૪૧૭)

(૨) "પાનું એની સાથે પડ્યું મુજ, ટાળો કાં તો નાથ." (પૃ.૪૧૭)

(૩) "મૂર્ખ તું વૃથા ફૂલે રે,
ચતુરાઈ પડી બધી તુજ ચૂલે,
હાથી લહી, ભલે ગદભે ઝૂલે. (પૃ.૪૧૬)

(૪) "નેતિ બસ્તિ કરી ના, ના કરી નૌળી નળને ધોળી,
વાયુ પૂરી પૂરકથી કરી ના, પેટની મોટી ગોળી."

o o o

"ઘરમાં રહીને પ્રિય જનસંગે, ખાધી ખીર ને પોળી, -
(તોપણ) ઈષ્ટકૃપા હાથણીએ દીધો, શાંતિકળશ
શિર ઢોળી." (પૃ.૪૧૯)

(૫) "અજરઅમરકર ફળ ઈચ્છે પણ, બાવળ ઘરમાં બોતો."

o o o

"ઉવેખી ઘરની કામધેનુ કાં, ગર્દભીને જઇ દોહતો,
ગંગાજળથી દૂર દશ ગાઉ રહી, મુખ શું ખાળે ધોતો.": પૃ.૪૨૧ :

(૬) "સ્વરૂપનું જ્ઞાન થતાં પણ ભવની આ, ધાણી કયાં ગઈ ના
જણાતી, પોતાને ના - જાણે તે જન આત્મઘાતી.
કોણ હું ને આવ્યો કયાંથી, ન જાણે જે, તે જન છે આત્મઘાતી."

(પૃ. ૨૩૦)

(૭) "વહાલો મારો વિષયોમાં ઘૂમ્યે હાથ ના'વતો રે,
મથીને પાણી કો માખણ કાઢતું ?....હો મનવા ઘેલા !
રામને ન આમ કોઇ પામતું." (પૃ. ૩૩૧)

(૮) હૃદયમાં ઈષ્ટને અનુભવતી વૃત્તિના ઉદ્ગાર પદમાં, અન્ત્યાનુપ્રાસ મેળવતી પંક્તિઓ કેવી છે !

"મારો પ્રાણજીવન પ્રિય નાવલો રે."
"પિયુ મારો ત્રિલોકીનો રાવલો."
"વહાલો મારો દિલનો દરિયાવલો."
"મળ્યું સર્વ, મળતાં પિયુછાયલો."
"વહાલો મારી આંખોતણો તારલો."
"જાણું ના ગયો ક્યાં દુઃખભારલો." :પૃ. ૩૦૯:

(૯) ".....ઉપરતિથી ન મતિ જવ લગી શૃંગારી ; –
ઉપરતિ છે મોક્ષતણી બારી,
પામે તેની ટળી જતી ભવમાં આવાગમનવારી ; –
ગગનગઢે નિશ્ચય ધરનારી,
ઉપરતિનિસરણી નરહરિગુરુવિણ ક્યાંહિ ન મળનારી ;–
ઉપરતિના સુખની બલિહારી !" (પૃ. ૩૦૦)

(૧૦) "આળસ છોડીને હવે કમરને બાંધી રે,
બાંધીને સાધનધનગાંસડી રે,
શૂરા સંતો ! બ્રહ્મપુરીની લીજે વાટડી.
એડી મારીને વૃત્તિઘોડી વેગે ખેડજો રે,
ઠરજો, જ્યાં ત્રિકુટીની ઘાટડી રે." (પૃ. ૨૫૨)

પછી તો વાટડી–ઘાટડીના પ્રાસમાં "સિધ્ધિનાટડી", "ખાટડી", "જાતડી" – એવા શબ્દો પણ આવે જાય છે !

(૧૧) આ સિવાય "દુઃખી મનુષ્યનો તથા સજ્જનનો સંવાદ"માં
પણ આ પ્રકારની ઉક્તિની લાક્ષણિકતાઓ જોવા મળે છે :-

૧. "પૂમડું જલ નથી જેની પાસે તે કયાંથી મહાજલધિ થતો ?"
(પૃ. ૨૨૦)

૨. "અહં બ્રહ્મ ઘણા બોલે, પણ રહે પાને પોલે,
સ્વલ્પ દુઃખથી દીઠા ન છૂટેલા,
ખિસ્સામાં કોડી ન મળે પણ "હું રાજા" વહેતા ઘેલા."
(પૃ. ૨૨૦)

૩. "શિયાળનું કાળજું ધરી કો કહો, બેઠું કેસરીને માથે ?
નાટકોનાં ગાન ગાય, નાટકોને જોવા જાય,
બેસી ગદર્ભે હાથી ન ખેડાતો."

૪. "રેતીના લાડુને વાળી, સાચા લાડુ કો ખાતું ?"(પૃ. ૨૨૧)

૫. "દૃશ્ય જાણ્યું મિથ્યા જેણે, મોક્ષપાયો ચણ્યો તેણે,
સ્વપ્નકન્યા માટે કાઢે કો ન વરઘોડો,
મિથ્યા દૃશ્ય લહેનારાએ, વેગ સકળ મનનો મોડ્યો."
(પૃ. ૨૨૨)

૬. "સમુદ્રમાં મીઠું જળ ત્યજતું પોતાની મિષ્ટતા ક્ષણમાં."
(પૃ. ૨૨૨)

૭. "ભક્તિ સાધ્યા વિણ પહેલાં, તત્વનિષ્ઠાના છે વેલા,
ભક્તિ વિણ તત્ત્વજ્ઞાન ચિત્રના લાડુ,
ખાતાં તેને સ્વાદ ન આવે, ભૂખનું દુઃખ ન પડે ટાઢું.
(પૃ. ૨૨૨)

તે જ પ્રમાણે કવિએ વિષયાસક્ત મન તથા વિવેકનો સંવાદ, વિષયી તથા ભક્તનો સંવાદ, અનિર્વેદવાદી તથા નિર્વેદવાદીનો સંવાદ, મન અને વિવિધ સાધનોનો સંવાદ, - એવા સંવાદશૈલીનાં કાવ્યો તથા સાત વારને ગૂંથીને "વાસરસપ્તક"નાં કાવ્યો પણ રચ્યાં છે.

હોરી રાગનાં તથા હોરી (હોળી) વિષયક રૂપકકાવ્યો ૩-૪ લખ્યાં છે, જેમાં જ્ઞાન જ બોધનું લક્ષ્ય છે.

"સ્વદેહરૂપી પૂર્વ અરણિનું કાષ્ઠ સુજન સધે કરજો,
ઉત્તર અરણિ કરીને પ્રણવનો, ધ્યાનમંથન આદરજો,
ઈન્દ્રિયમન યત્નમાં રોળી ;
એવી પ્રકટ કરો ઉરે હોળી."

(સુ. પૃ. ૧૦૫)

આ પ્રકારનાં પદોમાં, શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં હોરીપદોના વિચારોની જ પુનરુક્તિ છે, પણ તેમના જેવું ઉચ્ચકોટિનું કાવ્યત્વ નથી. એમાં પણ જ્ઞાનહુતાશનીમાંહી સર્વ કર્મોને હોમી, અંગોપાંગે અજ્ઞાનભસ્મ ચોળી, જન્મમરણરૂપ શૈત્ય નિવારીને જીવત્વને શિવત્વમાં ઝબોળવાનો પ્રબોધ છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં પદોમાં, વૃત્તિરૂપી ગોપીના રૂપક દ્વારા કે ઉધ્ધવ સાથેના સંલાપ દ્વારા વિપ્રલંભ અને સંયોગના શૃંગારને આલંકારિક રીતે પ્રકટ કરનારાં કેટલાંક ઊર્મિપદોનું આસ્વાદ્ય કાવ્યત્વ આપણે પ્રકરણ ૩માં માણ્યું છે. પ્રેમાસક્ત વિરહિણી વૃત્તિનારી પ્રભુને પ્રિયતમ કે કંથ રૂપે સંબોધી શૃંગાર (અલબત્ત સાત્ત્વિક શૃંગાર) ભાવનાં વચનો ઉચ્ચારે છે, એ પ્રકારનાં બહુ થોડાં જ કાવ્યો શ્રી વિશ્વવંદ્યે લખ્યાં છે. તેમાં, ઈષ્ટમુખદર્શન કે પિયુમિલનની અભીપ્સાની તીવ્રતા કરતાં, નિર્દોષ પ્રેમવિનોદ આગળ પડતો તરી આવે છે. "દેખાડો આજે મુખશશી વાલમા" એ પદમાંનો પ્રેમોપાલંભ કેવો માર્મિક છે !

"રહેવું હતું પટમાં જો ભરાઈ, તો શીદ કીધી નાથ સગાઈ,
શકશો હવે પ્રભુ ન ચસી, ન ચસી, ન ચસી રી,
ગાઢું જાણો આ નાળમાં. દેખાડો૦
રીઝવજો પ્રેમનાં વેણે વહાલા, કાઢશો અમથી ન ઠાલાં કાલાં,
ભેટજો આવી ધસમસી, ધસમસી, ધસમસી રી,
બાળા જોઇ પ્રેમજાળમાં. દેખાડો."

(સુ. પૃ. ૩૮૪)

આ પ્રકારના બીજા એક કાવ્યમાં તો તે કેટલી નિકટતાથી ઘેલા લાગે એવા મધુપ્રહાર કરે છે ! –

"પરણ્યા ત્યાંથી પરહરી, કહો એ ક્યાંની રીત,
કદી ના તેડી સાસરે, વાહ પ્રીતમ તમ પ્રીત." (પૃ. ૩૮૫)
"પતિ જોયા બહુ સ્ત્રીતણા, તમથી આડો આંક,
પલળો ન કો ઉપાયથી, પડ્યો શું એવો વાંક." (પૃ. ૩૮૬)
"બાવળિયા જેવી બધે, ફરું ઉઘાડી નિત્ય,
લજ્જા તમને ના વસી, થયું કહો શું ચિત્ત." (પૃ. ૩૮૬)

આ ઈષ્ટકામિની દિવ્યાભરણોથી દેહ ઢાંકવા માટે પડકારવાણીમાં કહે છે,

"અલંકાર આ આપીને, જુઓ પછી મુજ રૂપ,
મોહ ન પામો તો ગણું, સાચા યોગીભૂપ.
પછી ગુહાથી જોઉં છું, કેવા ના'વો બહાર,
મુજ પાયે પાડું ન તો, નહિ હું આપની નાર." (પૃ. ૩૮૭)

પરંતુ છેક છેવટે તો,

"ગુપ્ત રહેવાનું હવે, કરજો વ્રત પ્રભુ ભંગ,
તેડી નિકટ સત્વર પ્રિયા, બેસાડો ઉત્સંગ." (પૃ. ૩૮૭)

હવે વધુ ઉદાહરણો અને અવતરણોથી વિસ્તાર ન કરતાં આપણે ઉપસંહારમાં શ્રી વિશ્વવંદ્યની કવિતાની, ઉપર દર્શાવેલી શક્તિ-મર્યાદા ઉપરાંત, કેટલીક વિશેષ લાક્ષણિકતાનો, તેમના સમયના સંદર્ભમાં અને કવિના લેખનકાર્યના પ્રયોજનના પ્રકાશમાં, માત્ર નિર્દેશ કરીશું. ભાષા તથા શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો વગેરે દૃષ્ટિએ "સુધાસ્રોતસ્વિની"માં પદ્યોનું કાવ્યત્વ ક્યાં ક્યાં કેટલે અંશે કથળે છે કે વિલસે છે તથા ભાષાના ખેડાણમાં તે કેટલી હદે ઉપયોગી નીવડે છે કે નહીં તેની ચર્ચા, ઉચિત અવતરણોના આધારે, આપણે કરી ગયા છીએ. તેમાં બીજી ત્રણ વસ્તુ ઉમેરીને આ પદ્યચર્ચાને સંકેલી લઈએ.

{૧} કેટલાંક (આશરે સો) નાનાં ઉર્મિકાવ્યો કે પરલક્ષી કાવ્યોને બાદ કરતાં, મોટા ભાગનાં કાવ્યોમાં ભક્તિ, જ્ઞાન, યોગ, વૈરાગ્ય વગેરે વિષયોને લગતાં સવિગત વર્ણનોની પુનરુક્તિ થતી હોય છે. પારિભાષિક શબ્દો પણ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ તેથી ય વિશેષ ધ્યાન ખેંચનારી વિલક્ષણતા તો કાવ્યોની લંબાઈ અથવા કથનની દીર્ઘસૂત્રિતા છે. કાવ્યમાં વચ્ચે વચ્ચે વિનોદી કે વ્યંગ્યાત્મક માર્મિક ઉક્તિઓ, આકર્ષક અને રોચક અલંકારો વગેરે ના આવતાં હોત તો આ લંબાણ જ કાવ્યનું વિરોધી તત્ત્વ થઇ પડત. કવિમાં રહેલો યોગી પંચકોશ અને કોશાતીતની વાત કરે, ઈડાપિંગલા સુષુમ્ણા કે ષટ્ચક્રોના પરિચય દ્વારા કુંડલિની કે સપ્તદલ શતદલ અને સહસ્ત્રદલ પદ્મ સુધી વાચકને ખેંચી જાય, કદીકદી તો ગગનવિહારની રૂપકભાષામાં જ ત્રિકુટી અને બ્રહ્મરંધ્રપર્યંતનો વાચકને શાબ્દિક પ્રવાસ કરાવે.... પણ આ સર્વ વર્ણનોમાં કવિ એ વીસરી જતા હોય છે કે આ ગેય પદો (પદ તો ટૂંકું જ હોઇ શકેને ?) છે અને તેમાં પારિભાષિક શબ્દોથી વર્ણવાતી પ્રક્રિયાઓના નિવેદનને નીરસ બનાવવામાં, વ્યર્થ વિસ્તાર પણ મોટો ભાગ ભજવે છે ।

: ૨ : આવી જ બીજી વિલક્ષણતા કે વિચિત્રતા શીર્ષક બાબતની છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ તેમના કોઇ પણ પદ ઉપર શીર્ષક બાંધ્યું નથી. શ્રીમાન્ વિશ્વવંદ્યે વર્ગના સાહિત્યમાં પદ-કીર્તનને શીર્ષક આપવાની શરૂઆત કરી, તે તો સારું કહેવાય. પરંતુ એમની આ "વિચિત્ર" શરૂઆતનું વર્ગના બીજા કવિઓએ આંધળું કહી શકાય એવું અનુકરણ કર્યું. કાવ્યને શીર્ષકની શી અગત્ય ?, એવો પ્રશ્ન આધુનિક કવિતાને તો નડતો નથી. શીર્ષક સૂચક હોય અથવા કાવ્યના મધ્યવર્તી વિચાર કે ભાવને એકાદ બે શબ્દોમાં જ ધ્વનિત કરતો હોય તો તે યથાર્થ લાગે. પરંતુ અહીં તો શીર્ષક

વાંચો અને કાવ્ય વાંચો એ બન્ને સરખું છે ! ૫૦ થી ૭૫ ટકા કાવ્યોનાં મથાળાં, જૂના જમાનાના કાઠિયાવાડી સાફા જેવાં લાંબાં હોય છે. અત્રે થોડાંક શીર્ષકો નોંધીએ.

(૧) અનાહત ચક્રમાં ઊઠતા નાદને અર્થે પ્રયત્ન કરનાર કોઈ અધૈર્યપ્રાપ્ત સાધકની વૃત્તિએ કરેલા ઉદ્ગાર. (પૃ. ૯)

(૨) નિરતિશય સુખનો આવિર્ભાવ શ્રી સદ્ગુરુપરમાત્મપદપદ્મેના કેવલ આરાધનથી જ થાય છે. (પૃ. ૪૩)

(૩) દુઃખકાલે અધૈર્યને પ્રાપ્ત થતા મનને ધૈર્ય ધરવા, તથા સુખપ્રદ નિશ્ચયોમાં દૃઢતર સ્થિર થવા ઉત્સાહોત્પાદક સદુપદેશ. (પૃ. ૪૬)

(૪) દુઃખપરંપરાથી કાયર થયેલા સાધકને દુઃખ-નિવૃત્તિ અર્થે શોકપ્રમાદઆલસ્યાદિ ત્યજીને પુરુષાર્થ સાધવા બોધરૂપ વચનો. (પૃ. ૪૯)

(૫) સંસ્કારી જીવોને મોહપ્રમાદાદિ દોષોથી નિવૃત્ત કરનાર તથા યથાર્થ કર્તવ્યપ્રતિ લક્ષ કરાવનાર બોધવચનો. (પૃ. ૬૨)

(૬) મુક્તત્વ સધાવનાર સર્વોત્તમ સુગમતમ જપરૂપ સાધનપ્રતિ લક્ષ કરાવતાં સંસ્કારી મનપ્રતિ હિતવચન. (પૃ. ૭૭)

(૭) શ્રી ઇષ્ટરૂપ સહાયની અપ્રતીતિથી કાયરતાને સેવતા સાધકો પ્રતિ પ્રોત્સાહક વચનો. (પૃ. ૧૦૪)

(૮) વિષયીને સિંહરૂપે પ્રતીત થતા કામક્રોધાદિ, મુક્ત પુરુષોને શૃગાલરૂપે પ્રતીત થાય છે. (પૃ. ૧૩૭)

(૯) અવિદ્યાના સૈન્ય સાથે સંગ્રામ કરી સ્વાત્માનંદરૂપી સ્વરાજ્ય પ્રતિ પ્રયાણ કરવા સાધકોને આહ્વાન. (પૃ. ૧૪૬)

(૧૦) મરણ આવવાના સમયનો નિશ્ચય ન હોવાથી કર્તવ્યમાં અપ્રમાદ ધરવા સુબોધ. (પૃ. ૧૫૯)

(૧૧) ઇષ્ટસ્મરણચિંતનાદિ અર્થે ઉદ્યુક્ત થવા સાધકવીરો પ્રતિ રણવાદ્યઘોષ. (પૃ. ૧૮૦)

{૧૨} માનવતનુમાહાત્મ્ય, અજ્ઞાની જીવો વડે તેનો કરાતો દુરુપયોગ, અને સાધકોએ તે વડે સાધવાયોગ્ય કર્તવ્ય. : પૃ. ૧૯૦ :

{૧૩} હૃદયસ્થ ઈષ્ટસ્વરૂપના સાક્ષાત્કાર વડે જીવત્વ હણવા સાધકોને નિમંત્રણ. : પૃ. ૨૦૮ :

{૧૪} પૃથગભિમાનનો વિલય એ જ તત્ત્વ સાક્ષાત્કારનો અમોઘ ઉપાય છે. {પૃ. ૨૩૩}

{૧૫} ભક્તિ, જ્ઞાન અથવા યોગ વડે મુક્તત્વને પ્રાપ્ત કરનારનું જ જીવન સાર્થક છે. {પૃ. ૨૫૩}

{૧૬} સંસારમાં જન્મ ધરીને શું પ્રાપ્ત કર્યું તે વિષે વિચાર કરવા જીવને ઉપદેશ. {પૃ. ૨૭૪}

{૧૭} ઈષ્ટ જે જે કરે છે તે હિતકર જ હોય છે, એવી શ્રધ્ધાને સેવનાર સાધકનાં વચનો. {પૃ. ૨૮૯}

{૧૮} કર્તવ્યને સાધવાનું કાલઉપર રાખનાર જીવને વર્તમાન ક્ષણમાં પુરુષાર્થ સાધવા શિખામણ. {પૃ. ૩૦૬}

{૧૯} દુ:ખ નિવારવા અને પોતાનામાં પૃથગભિમાનને વિલાવવા શ્રીઈષ્ટને વિજ્ઞપ્તિ. {પૃ. ૩૨૯}

{૨૦} ઈષ્ટસ્વરૂપ થવા ઈચ્છનારે મનમતિઈન્દ્રિયો ઈષ્ટાકાર કરવાની અગત્ય છે. {પૃ. ૩૬૯}

{૨૧} સુખ આવશે જ, એવી દૃઢ શ્રધ્ધાપૂર્વક નિરંતર સુખની વાટ જોયા કરવી, એ સુખદર્શનનો ઉપાય છે. : પૃ. ૩૭૫ :

{૨૨} ઈશ્વરને પ્રત્યક્ષ કર્યા વિના આ જગતમાં જે કાંઈ કરવામાં આવ્યું હોય છે તે નિરર્થક છે. {પૃ. ૩૮૯}

{૨૩} અન્ય પ્રયત્નો ત્યજી પ્રાપ્તવ્યની સિધ્ધિ અર્થે પ્રયત્ન કરવા સદ્વિવેકી સાધકોને નિમંત્રણ. {પૃ. ૩૯૩}

{૨૪} નિરાંતે અમનચમન કરનારા મનુષ્યોનું જીવન જીવન નથી, પણ નિરંતર પુરુષાર્થ કરનારા મનુષ્યોનું જીવન જ જીવન છે. {પૃ. ૪૦૯}

{૨૫} પોતાને પૂર્ણ નિર્દોષ કર્યા વિના બીજાના આગળ પોતે નિર્દોષ હોવાનો દંભ કરી તેમને બોધ આપવા પ્રવૃત્ત થનાર મનુષ્યોની પ્રકૃતિનું વર્ણન. {પૃ. ૪૧૨}

(૩) હવે ત્રીજી વાત "શ્રીસુધાસ્ત્રોતસ્વિની"નાં પદ્યોના કાવ્યતત્ત્વની - તેના રાગ ઢાળ વગેરેની પસંદગીની.

૨૦મી સદીના પૂર્વાર્ધમાં - ચલચિત્રોનો આરંભ થયો તે પહેલાં - ધંધાદારી નાટ્યમંડળીનો જન્મ થયો. પછી તો બાલીવાળાની કંપની, કાઉખટાઉની કંપની જેવી પારસી નાટક મંડળીઓ, મુંબઈ ગુજરાતી નાટક મંડળી, મોરબી આર્યસુબોધ નાટક મંડળી, વાંકાનેર આર્યહિત નાટક મંડળી વગેરે નાટક કંપનીઓએ તો લોકો પર અનેરું મોહક કામણ કર્યું, એ સુપ્રસિધ્ધ હકીકત છે. શ્રી વિશ્વવંદ્યના સમયમાં પણ જનસમાજ પર મનોરંજક નાટકના સંવાદો તથા વિવિધ હાવભાવવાળાં ગીતોની પ્રબળ અસર હતી;

તો બીજી બાજુથી, રંગભૂમિ પર કાર્ય કરવું (ખાસ કરીને છોકરીઓએ) કે વારંવાર નાટકો જોવા જવું એ તે વખતે શિષ્ટ સમાજમાં વાંધાજનક કે મિથ્યા અપવાદનો ભોગ થવા રૂપ ગણાતું. પરદેશગમન કે વર્ણાન્તર લગ્ન જેટલું જ મહત્ત્વ આ નાટકના વિષયને મળ્યું હતું. છતાં પણ નાટક અને નાટકનાં ગીતોની મોહિનીએ, બહારથી સૂગ દર્શાવતાં અને પોતાને સંસ્કારી મનાવતાં કુટુંબોનાં રસોડાં સુધી જાદુની જાળ પાથરી હતી. સીધો બોધ અકારો અને અપ્રિય થઇ પડતો હોવાથી શ્રી ગોવર્ધનરામ જેવાએ નવલકથા વ્હારા સમાજસુધારો અને સંસ્કારસુરક્ષાના સુબોધને વહેતો મૂકવાનું જેમ પસંદ કર્યું તેમ - નવલરામ[1] કહે છે તેમ - નાટકોએ પણ

---

૧. "દેશમાં સુબોધ કે કુબોધ ફેલાવવાનું નાટકશાળા જેવું એકે સાધન નથી. દેશને સુરસિક, શૂરવીર કે કૂવડ ને બાયલો કરવો, એ નાટકશાળાના વ્યંગ્ય પણ સફળતમ બોધની ઉપર જ બહુધા આધાર રાખે છે. નાટકશાળા એ સુધારા કે કુધારાનું એક મહાજબરદસ્ત હથિયાર છે, અને વિચારવંત સુધારકો હમેશાં તેને પોતાના પક્ષમાં લેવા કદી ચૂકતા નથી."
("નવલગ્રંથાવલિ" -"નાટકશાળાને ગોપીચંદ નાટક"માંથી)

ન્યૂનાધિક અંશે પ્રજામાનસ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આજથી ૧૫-૨૦ વર્ષ પહેલાં ચલચિત્રોનાં (ખાસકરીને પ્રેમવિષયક) ગીતો, અતિપ્રચલિત બનવાથી, નાનાં બાળકોને કંઠે એ રણકતાં થાય એવું શિષ્ટસમાજ ઈચ્છતો ન હતો. પરંતુ કાળપ્રભાવ બલિષ્ઠ હોઈ, આજે તો તેની બોલબાલા છે. હૉસ્પિટલમાંથી કે ઘરમાંના ઘોડિયામાંથી જ કે ગળથૂથીમાંથી જ જન્મજાત શિશુની શ્રવણેન્દ્રિય સિનેસંગીતની તરજોથી સુપરિચિત બની રહે છે, એ ઓછા ભાગ્યની વાત છે ! એ પ્રભાવને આજે શિષ્ટ અને ધર્મિષ્ઠ નેતાઓએ પણ પિછાન્યો. તેથી તો માત્ર લગ્ન જેવા સંસ્કાર પ્રવેશક પ્રસંગોએ જ નહીં પરંતુ શિવરાત્રી કે જન્માષ્ટમી વગેરે ધાર્મિક પ્રસંગોએ પણ આપણાં દેવાલયોના ઘુમ્મટો સિનેસંગીતથી ગાજી ઉઠે છે ! પરંતુ સુજ્ઞ સજ્જનો હંમેશાં તથ્યને કે તત્ત્વને પકડે છે. તેથી આ સૂરાવલીની સચોટ વ્યાપક અસરને અને તેના અજબ આકર્ષણને ધ્યાનમાં લઈને તેઓએ તેને ધર્મતત્ત્વબોધની નાળમાં વાળી લેવાની - વિનિયોગ કરવાની તક સાધી લીધી. આજે ઘણા કથાકારો, નીતિપ્રચારક કવિઓ, કીર્તનકારો તથા સંસ્કૃતભાષાનો પ્રચાર કરવાની ધગશવાળા પંડિતો પણ ભજનો, પદો, ગરબા, ગઝલ વગેરેમાં મસાલો ધર્મનીતિતત્ત્વજ્ઞાનનો ભરે છે પણ તે કાવ્યસ્વરૂપને આધુનિક ચલચિત્રોના પ્રચલિત રાગ-ઢાળમાં ઢાળે છે. આ હકીકત જેટલા પ્રમાણમાં આજે ચલચિત્રોને લાગુ પડે છે તેટલા જ પ્રમાણમાં સાઠ વર્ષ પહેલાં તે નાટકનાં ગીતોને લાગુ પાડી શકાય તેમ છે. "શ્રીસુધાસ્વતસ્વિની"નાં મોટા ભાગનાં પદો તે વખતે પ્રચલિત અને પ્રિયતમ બની રહેલાં નાટકોનાં ગીતોના લય-ઢાળમાં રચેલાં જોવા મળે છે. આ નાટકના લયો કાંઈ અવહેલનાપાત્ર નથી. નાટક કંપનીના સંગીતકારો કે કવિઓએ પણ તેમની પ્રતિભાથી પરિશ્રમપૂર્વક લોકગીતોમાંથી મિશ્ર લયો અને ઢાળો ઉભા કર્યા હોય છે. શ્રી વિશ્વવંદની કુશળ પ્રતિભાએ પણ કેટલાક લોકપ્રિય ઢાળો અપનાવી લીધા છે તો કેટલાંક પદોમાં તેઓ લયના વિસ્તાર કે મિશ્રણને અનુસર્યા છે.

આનું એક સુંદર પરિણામ તે વખતે આવ્યું. અત્યંત રાજસી ભાવો અને મનોહર શબ્દ-રચનાવાળા નાટકમાં નાયક-નાયિકાઓએ પ્રસંગાનુરૂપ હાવભાવ : કે ચેનચાળા : સાથે ગાયેલાં કામુક ગીતો[1], નાગરિક

---

૧. તે સમયનાં પ્રચલિત ગાયનોની કેટલીક પ્રથમ અથવા અડધી કડી ઉપરથી જ આ બાબતનો સહેજે ખ્યાલ આવી શકે તેમ છે.

: ૧ : ખીલી જોબનની કળી કરમાઈ.....
: ૨ : નહિ તરસાવો, મનાવો, પ્રેમી પ્રેમ નિહાળી.
: ૩ : આવ્યો મનનો માન્યો હીરો તારા હાથમાં.
: ૪ : જપતી પ્રીતમની જપમાળ.....
: ૫ : ભર ડગલું ન એકે, સમજી રહે દૂર.
: ૬ : પ્રેમનો કોલ દિયો રાજકુમાર.
: ૭ : સનમ મુખડા દિખલા જા રે.
: ૮ : ઉગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર-હાર.
: ૯ : ધન્ય ભાગ્ય પધાર્યાં ભમરા.
: ૧૦ : મચકારા મદનિયા હારા, મચકે તારે મોહી રહી છું.
: ૧૧ : છોડો રે કુંવર મારા હાથને રે.
: ૧૨ : ધીમા ધીમા ચાલો મારા પ્રાણ રે.
: ૧૩ : મારા હૈયા કેરા હાર નજર કર્યાં.
: ૧૪ : નેણમાં નિદ્રા ના'વે જરી.
: ૧૫ : પ્રમદા છે પ્રીતિભાજન.
: ૧૬ : નજર કરો નાથ જરા, ઓળખી લો નારી.
: ૧૭ : બોલો મારા પ્રેમી પોપટજી.
: ૧૮ : નાહિ બનશે જી પ્રીતિના મોતીનું મૂલ.
: ૧૯ : એક સાંજને સમે ઉભી અટારી.
: ૨૦ : હું તો પ્રેમની પ્યાસી, પ્રીતમનાં દર્શને ચાલી.
: ૨૧ : મારી કરીને મોહબાણ.
: ૨૨ : રે અંધિયારી નજર બન કાલા.
: ૨૩ : રસભર્યું આ જોબન જાય.
: ૨૪ : ચાહે માનો કે ન માનો, હું તમારી થઇ ચૂકી.
: ૨૫ : મહારાજ, નજરિયાં લગ્જાયગી.

યુવક-યુવતીઓનાં ગળામાં છાનાં છાનાં ગુંજતાં પણ તેનો ઓષ્ઠ દ્વારા આવિષ્કાર થઇ શકતો નહીં. આ પ્રકારની પરિસ્થિતિ માત્ર કિશોર કે યુવાનવર્ગમાં જ નહીં પણ કેટલાંક પ્રૌઢો અને કુલવધૂઓના મનમાં પણ પ્રવર્તતી. શ્રીમાન્ વિશ્વવંદ્યે લોકપ્રિય ઢાળ-લયમાં પદો ગરબી વગેરે સર્જીને આ લોકોની મૂંઝવણનો અંત આણ્યો. "મારા મનમાં, તનમાં ભર્યો છે....."ને મુક્તકંઠે ગાઈ ન શકનાર વ્યક્તિ હવે, એકલી અથવા વડીલો કે સ્ત્રીજનની સાથે પણ નિ:સંકોચપણે નીચેના પ્રકારનાં તત્ત્વબોધ કે મૃત્યુ જેવા ગંભીર વિષયનાં (ગાયનો નહીં પણ) ગીતો-પદો લલકારીને આનંદમાં ડોલવા લાગી.

(૧) "તારા અંતર બહિર વિસ્તર્યું ભર્યું આ તત્ત્વ કાં તે તું ન જોતો,
જોવાનું જોવું ત્યજીને તું સર્વદા, કલ્પિતમાં મન પ્રોતો."
(સુ. પૃ. ૨૩૪)

એક છતાં અનેક રૂપે પ્રતીત થનાર ઈષ્ટને પ્રેમવચનો સંભળાવતા હિંદીમાં રચાયેલ નીચેના માર્મિક પદનો મૂળ ઢાળ અને આખું ગાયન - "મોરી કામનિયાં, તો રે ગોરે...." - તે જમાનાની દૃષ્ટિએ તો ઉચ્ચારણ તો શું પણ અહીં ઉધ્ધરણ પણ કરી શકાય નહીં એવું છે.

"કારી કામરિયાં, વાકા પલટે ન રંગ,
(પરંતુ) મોરા સાંવરિયા, તોરા નયા નયા ઢંગ."
(સુ. પૃ. ૨૨૮)

તે સમયે નાટક, નટ, નટી કે તેનાં ગીતો પ્રત્યેનું શિષ્ટ સમાજનું વલણ એટલું બધું આત્યંતિક હતું કે, માત્ર ઉપરોક્ત કામુકભાવને ઉત્તેજક કે જુગુપ્સાપ્રેરક મર્યાદાભંગ કરનારાં ગીતો જ જાહેરમાં ગાવાની જાણે કે મૂકમનાઇ હતી, એમ ન હતું; પરંતુ જે તે નાટકોમાં આવતાં સદ્ભાવના, શૌર્ય વગેરેને પ્રેરનારાં ગાયનો, ઈષ્ટસ્તુતિનાં ગીતો, ધાર્મિક વિષયનાં નાટકોમાં આવતાં કૃષ્ણ, ભરથરી વગેરે (વિષયક) સાત્ત્વિક કહી

શકાય એ પ્રકારનાં ગાયનો પણ, – માત્ર તે નાટકાન્તર્ગત એટલે જ સમાજની શિષ્ટતાની દૃષ્ટિએ એ સર્વ જાણે બહિષ્કારને પાત્ર છે, એવી માન્યતા પ્રવર્તતી. અલબત્ત ઉદ્દામ સમાજસુધારકોનો વર્ગ આનાથી ભિન્ન અભિપ્રાય ધરાવતો હોવા છતાં સમાજથી ડરીને, ઉપરોક્ત માન્યતાઓનો જ મોટેભાગે અમલ કરવા પ્રેરાતો. તાત્પર્ય કે, શ્રીમાન્ વિશ્વવંદ્યે ઉપર બતાવેલી કડીઓ ઉપરાંત, અન્ય શિષ્ટ વિચાર, ભાવ, સૌંદર્ય અને શબ્દયુક્ત ગાયનોના ઢાળ પણ અપનાવ્યા છે જ[1]; એટલું જ નહીં પણ શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં કેટલાંક પદોના ઢાળમાં પણ તેમણે ઘણાં પદો ઢાળ્યાં છે.

---

૧. :૧: રે કૃષ્ણ મુરારિ, આશ્રય સાચો.
:૨: હું તો પ્રેમની જોગણ.
:૩: જોગી ન થા રાજા ભરથરી.
:૪: મારાં આશાતણાં મંદિર, શું ભાગી જશે.
:૫: ઘરની શોભા છે ઘરવાળી.
:૬: રામબાણ વાગ્યાં હોય તે જાણે.
:૭: મને વ્રજવાસ છે વહાલો....
:૮: શ્યામ ચંદરિયાં દે દે મોરી.
:૯: તોફાની દરિયે, નાવ તમારું ગોથાં ખાય રે.
:૧૦: વહાલા વેગે આવો રે, દયા દિલે લાવો રે.
:૧૧: તુહિરામ તુહિરામ તુહિરે.
:૧૨: મને સહાય થાશે મુરારિ રે.
:૧૩: ગાજે ગગન ઘરરર.
:૧૪: કાંના ચાલો તમે મારે ઘેર કામ છે.
:૧૫: ખીલી રહ્યો ઋતુરાજ રે.
:૧૬: હે માથે મટુકી લઇ જાઉં.

શ્રીમાન્ વિશ્વવંદ્યે ઉપર દર્શાવ્યા પ્રમાણેનાં ગેય કાવ્યો લખવા ઉપરાંત, થોડી છંદોબધ્ધ કવિતા પણ રચી છે. તેમાં મોટે ભાગે દોહરા અને સોરઠા છે. "દાન", "જિહ્વા", "દેવું તેવું પામવું", ગુરુના સ્વરૂપશમન પછી ગુરુની ઉપસ્થિતિ અને સંગતિમાં વિતાવેલા દિવસોનું અનુસ્મરણ "રે રે તે સુદિનો ગયા"... વગેરે વિષયો પર તેમણે બોધક દોહરા અને સોરઠા લખ્યા છે. ગીતિ અને હરિગીત ઉપરાંત હરિણી, શાર્દૂલવિક્રીડિત અને મંદાક્રાન્તાનો પણ કવિએ અલ્પ પણ શુધ્ધ રીતે ઉપયોગ કર્યો છે. કેટલાંક ઉદાહરણો જોઇએ :

(૧) "દૂધ જો દઈએ અન્યને, સામું જન દે દૂધ,
દઈએ જો કદી છાશ તો, છાશ મળે જળયુત." (પૃ.૪૩૨)

(૨) "જગદર્પણ સામું ધરે, જેવું જે જનરૂપ,
તેવું તે તેમાં જુએ, હોય રંક કાં ભૂપ." (પૃ.૪૩૩)

(૩) "કહુ વ્રણ હું નાના નિયમ તે જે જન પ્રીતિથી પાળશે,
નિજ જીવન તે સુખી ને પ્રકાશિત, અલ્પ સમયે ભાળશે ;
હસવું સવારે હેતથી, હસવું બપોરે હેતથી,
ઊંઘતાં સુધી હસવું જ રાત્રે, હસવું ત્યજવું ના કદી.": પૃ.૪૩૨ :

દુઃખ નાસી છૂટે ટળતું નથી એ સૂચવવા કવિ દલપત શૈલીની નાનકડી અન્યોક્તિ - રમૂજ પમાડે એવી - રજૂ કરે છે.

"બગાઈને કૂતરું કહે, જણાવ અલી બગાઇ !
શીદ નિશદિન ચટકા ભરે, મારે શરીરે બાઈ !
કહે બગાઈ શ્વાનને, સાંભળ કૂતરા ભાઈ !
ઘર મારું તું છે રૂડું, (તેથી) રહું ખઉં હું, તુજમાંહી.
શ્વાન કહે મરીને કદી, કરું હું સ્વર્ગે વાસ,
તો પછી આ સંસારમાં, ક્યાં તું કરીશ નિવાસ.
કહે બગાઈ તો પછી, હું પણ તારી સાથ,
તરત જ આવી સ્વર્ગમાં, તુજને ભેટીશ ભ્રાત."
(સુ. પૃ.૪૩૨)

વિશેષમાં, આ બધાં પદો માત્ર માસિકોમાં પ્રકટ થાય એટલે અથવા પુસ્તક પ્રસિધ્ધ થાય એટલે વાચક તેનું વૈયક્તિક રીતે અનુશીલન કરીને યથાશક્તિ શ્રમપૂર્વક આસ્વાદ ગ્રહણ કરે, એ હેતુથી જ રચાયાં નથી. અહીં તો ઉત્સવો પ્રસંગે, વિશાળ ભાવુક શ્રોતાસમૂહ સમક્ષ, પ્રત્યેક પદનું પઠન નહીં પણ ઉચ્ચસ્વરે - સંગાતૃમંડળમાં વિવિધ વાદ્યો સહ - કીર્તનગાન થતું અને તેમાં મૌનપૂર્વક કે મંદસ્વરે સૌ કોઈ પોતાનો સૂર-તાલ પૂરાવતું. તાત્પર્ય કે, અર્થચમત્કૃતિ કે રસનિષ્પત્તિ ઉપરાંત શબ્દ અને સ્વરના સંયોજન અને સંગાનમાંથી ઉત્પન્ન થતી દિવ્ય માધુરીનો રસાનુભવ સૌ કોઇ માણતું, અને આજે પણ માણે છે. અધ્યાત્મદર્શન અને અવર્ણ્ય - અકલ્પ્ય આનંદના અલૌકિક અણુઓથી વાતાવરણને સભર બનાવી દેતું "વર્ગ"નાં કીર્તનોનું સંગાન-વાદન, શ્રેયસ્સાધકો ઉપરાંત સંભાવિત સત્ત્વશીલ વૃત્તિનાં હ્રદયોને પ્રભાવિત અને પ્રફુલ્લિત કરતું એટલું જ નહીં પણ તત્કાલ તો તેમને પરમ આહ્લાદક શાંતિમાં લીન કરી દેતું.

શ્રીમાન્ વિશ્વવંધનાં કેટલાંક પધોની પ્રથમ લીટી અથવા પધમાં આવતી કેટલીક પંક્તિઓ વર્ગના સાધકોમાં જ નહીં પણ વર્ગ બહાર પણ સુભાષિત જેવી પ્રિય થઇ પડી છે. એ પંક્તિઓ પ્રસંગ પડે પ્રેરણાપાથેય પૂરું પાડે છે. નીચેની પંક્તિનો ઘણાં લખાણોમાં લેખકના નામ સિવાય અવતરણ તરીકે ઉપયોગ થયેલો છે. પરંતુ એ ચલણી સિક્કો થઇ પડેલી પંક્તિ અમર બની ગઈ, પણ તેના કવિ અનામી રહ્યા !

"શ્રધ્ધા સકલ સુખમૂળ છે, શ્રધ્ધા વિના બધું ધૂળ છે."

(સુ. પૃ. ૩૧૪)

"પ્રસન્નતાને કદી ન ત્યજીએ પ્રસન્ન સહુ સ્થિતિમાં રહીએ."

(સુ. પૃ. ૩૨૬)

વર્ગના દ્વિતીય આચાર્ય શ્રી ઉપેન્દ્રભગવાનનાં ધર્મપત્ની શ્રી જયંતી દેવીએ શ્રીમાન્ વિશ્વવંધને અંજલિ આપતા પદમાં સાચું જ ગાયું છે કે,

"પ્રભુની વાંસલડી, વાગી એક સમય વિશ્વમાંહ્ય."

o o o

"ઈષ્ટની સાંકેતિક પ્રેરણાથી, કાઢતી સૂર તે સદાય,
પૃથક્ અહં જેનું કદી નવ જોયું, સ્વર કાઢવાની માંહ્ય."

o o o

"નરહરિની વહાલી વાંસલડી, વિશ્વવંધ એનું નામ,
શ્રવણ કરી ઉર ઉતારી તે તો, વિશ્વે ધન્ય તમામ."

---ooo---

## ગદ્ય

માસ્તર સાહેબનું સમગ્ર ગદ્યસાહિત્ય "મહાકાલ"માં તેમ જ વર્ગનાં અન્ય માસિકોમાં સૌ પ્રથમ કકડે કકડે પ્રકાશિત થતું હતું. પરમાર્થની સાથે વ્યવહારની, શ્રેયસ્‌ની સાથે પ્રેયસ્‌ની, આધ્યાત્મિક સંપત્તિની સાથે ઐહિક સંપત્તિની અગત્ય પર તેઓ વિશેષ ભાર મૂકતા હોવાથી માસ્તરસાહેબના ગદ્યસાહિત્યમાં આરોગ્ય, કેળવણી, બાળઉછેર, સ્ત્રીઉન્નતિના પ્રશ્નો, ધનવાન થવાની અમોઘ કલા વગેરે ઐહિક પ્રશ્નોથી માંડીને નિરોધ, સંકલ્પબળ, ભાવના, ધારણા, ચિતિશક્તિ વગેરે અધ્યાત્મશાસ્ત્રના પ્રશ્નોની માર્મિક રસપ્રદ આલોચના થયેલી જોવા મળે છે. તેમાંય સર્વ સિધ્ધાન્તોના અર્ક સમી, આત્મવૃત્તાંતના મહત્ત્વના અંશોને વણી લેતી તથા ભવ્ય દર્શનની સાથે સાથે કલાત્મક અભિવ્યક્તિને પામેલી "યોગિનીકુમારી" ભાગ ૧-૨ નવલકથાએ તો તેના અનેરા

કામણથી તત્કાલીન ગુજરાતને ઘેલું કરી મૂક્યું હતું. તેની પ્રાસાદિક શૈલી, સુશ્લિષ્ટ વસ્તુસંકલના અને સ્પષ્ટ-સ્વચ્છ દર્શન (Vision) ને લીધે આજે પણ તે નવલકથા એટલી જ રસાત્મક અને આસ્વાદ્ય લાગે છે. સૌપ્રથમ "યોગિનીકુમારી" નવલકથાનો તેની લાક્ષણિકતાઓ સાથે વિગતે પરિચય પામી, આપણે માસ્તરસાહેબના અન્ય વિપુલ ગદ્યસાહિત્યની આલોચના કરીશું.

"યોગિનીકુમારી" ભાગ ૧-૨

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાધકશિરોમણિ શ્રીમાન્ વિશ્વવંદ્ય કૃત "યોગિનીકુમારી" ભાગ ૧-૨ એ એક અદ્ભુતરસપ્રધાન નવલકથા છે. નવલકથાનું ફલક એટલું વિશાળ છે કે કર્તા, વાર્તાવસ્તુની સાથે અનેકવિધ પ્રશ્નો, સમસ્યાઓ, ચર્ચાઓ, મતમતાંતરો અને પોતાનું આગવું પણ વિશિષ્ટ જીવનદર્શન કુશળતાથી ઠાલવી શકે છે. શ્રીમાન્ વિશ્વવંદ્યે "યોગિનીકુમારી"ની મુખ્યવાર્તાની પડછે લગ્નસંસ્થા, વિધવાવિવાહ, દેશહિત, વર્તમાનપત્રોની પધ્ધતિ વગેરેથી માંડીને યોગબળસંપન્ન સાધુઓનું ચમત્કારિક જીવન, નિરોધ, સંકલ્પ, યોગ, દિવ્યશ્રોત્ર, રસસિધ્ધિશાસ્ત્ર વગેરેની વૈજ્ઞાનિક ઢબે જુદા જુદા દષ્ટિકોણથી રસપ્રદ અને માહિતીપૂર્ણ ચર્ચા કરી છે. ચર્ચામાં લંબાણ ઘણું છે; વિગતો પુષ્કળ છે; તત્વિષયક વિદેશી વિધ્વાનોના વિચારો અને વૈજ્ઞાનિક પધ્ધતિથી થયેલાં છેલ્લાં સંશોધનોનો પણ નિર્દેશ છે. આમાં ઘણીવાર બિચારી કુમળી વાર્તા કરમાઇ જતી કે રિસામણાં લેતી પણ લાગે છે!

તો આપણને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે વાર્તારસને કે કથાવસ્તુને ભોગે અન્ય વિગતોની સાધાર સંપૂર્ણ ચર્ચા કરવી એ શું નવલકથાને ઉપકારક છે ખરું?

તો કોઇપણ વાર્તારસપટુ નવલકથારસિક વાચક તેનો એકાક્ષરી ટૂંકો જવાબ આપશે : "ના".

પરંતુ આ રીતે એકપક્ષીય વિચાર કરતાં મોટેભાગે સર્જકને અન્યાય થવાનો સંભવ રહે છે. કુતૂહલને ઉદ્દીપ્ત કરનાર અને વાચકોની જિજ્ઞાસાને પંપાળનાર આ નવલકથાના સુશ્લિષ્ટ, આકર્ષક અને લોકભોગ્ય સ્વરૂપને તેના સર્જક કયા પ્રયોજનથી યોજે છે, તે પણ તપાસવું જરૂરી છે.

'Art for Art's Sake' – કલાને ખાતર કલા – એ વાદને માનનાર મોટાભાગના સર્જકો નવલકથાના સ્વરૂપનો વિનિયોગ એક આદર્શ કલાકૃતિ તરીકે જ કરે છે. કૃતિના અધ્યયન બાદ વાચકને તેમાં બ્રહ્માનંદ સહોદર રસાનંદની અનુભૂતિ થાય, એ સર્જકની કૃતિનિર્માણ પાછળની ભાવના. અલબત્ત, સર્જક પોતાની ગુંજાઇશ કે પ્રતિભા પ્રમાણે વાર્તાવસ્તુને સ્થગિત ન કરે તે રીતે અનાયાસે પોતાનું જીવનદર્શન પણ રજૂ કરતો જાય.

બીજે પક્ષે કેટલાક સર્જકો સાહિત્યનો માત્ર ઉપાદાન તરીકે જ ઉપયોગ કરે છે. સર્જકને અભિપ્રેત વિશિષ્ટ જીવનદર્શન વિશદ રીતે વ્યક્ત કરવા નવલકથા જેવા મનહર સ્વરૂપનો તે સાધન તરીકે ઉપયોગ કરે છે. પોતાને જે લાધ્યું છે તે દર્શન શબ્દોમાં સાકાર કરવા સર્જક તલસી રહ્યો હોય છે અથવા તો નવલકથાના સર્જનની પાછળ પ્રભાવશાળી પ્રેરણા હોય તો તે પ્રાપ્ત કરેલ અણમોલ સંદેશની જ છે. આથી સર્જક ઘણીવાર તો કથાવસ્તુને વેગળું મૂકીને પણ પોતાના વિશદ વિચારો વ્યક્ત કરવામાં રમમાણ હોય છે.

પંડિતયુગના પ્રતિનિધિ પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામે "સરસ્વતીચંદ્ર"ની રચના પાછળનો હેતુ જિજ્ઞાસારસને દ્રવતો કરી, મિષ્ટવાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવાનો જણાવ્યો છે. આથી તેઓ પોતાની ચારભાગમાં પથરાયેલી નવલકથામાં રજવાડાં, તેના કાવાદાવા, ખટપટ, સંયુક્ત કુટુંબના લાભાલાભ, બાળલગ્ન, વિધવાવિવાહ, આર્યસંસ્કૃતિ, આંગ્લસંસ્કૃતિ, સાધુલોક વગેરે અનેક પ્રશ્નોની ચર્ચા કરે છે. જટિલરૂપકો, અંગ્રેજી અને સંસ્કૃત અવતરણો, તત્કાલીન સમસ્યાઓની ચર્ચા વગેરેને

લઇને ઘણી જગ્યાએ વાર્તા સ્ખલિત કે સ્થગિત પણ થાય છે. આવા અનેક દોષો હોવા છતાં આ આપણી પ્રથમ સામાજિક નવલકથા સર્જકની દૃષ્ટિનું ઊંડાણ, ક્રાન્તદર્શન, માનવહૃદયભાવોનું પરિસ્ફુરણ વગેરેને લીધે શ્રેષ્ઠ નવલકથા બની છે.

ઘણીવાર કૃતિ, સર્જકના વેધક દૃષ્ટિકોણ, વિશિષ્ટ જીવનતત્ત્વજ્ઞાન કે દિવ્ય સંદેશને લઇને પણ અમરત્વ પામતી હોય છે.

"સરસ્વતીચંદ્ર"ની માફક અનેકવિધ પ્રશ્નોની પર્યેષણા કરતી "યોગિનીકુમારી" પણ શિથિલ બંધારણવાળી (Loose Construction) નવલકથા છે.[1] લેખક પોતે જ એક જગ્યાએ આડચર્ચા કરતાં કહે છે :

"હું જાણું છું કે તમે યોગિનીની વાર્તા આગળ વાંચવાને અત્યન્ત આતુર છો, તથા લાંબા બોધવાળા વિષયોથી હવે કંટાળ્યા છો, પરંતુ પ્રિય સજ્જનો ! બોધ વિના – અપૂર્વ કલ્યાણને સાધે એવા બોધ વિના – એકલા રસથી ભરેલો વાર્તાનો વિસ્તાર યદ્યપિ થોડીવાર વૃત્તિને પ્રમોદના સમુદ્રમાં ડુબાડી દે છે, તથાપિ

---

૧. સરખાવો :– "યોગિની"ની વાર્તાએ ઉપજાવેલી કુતૂહલમિશ્રિત ઉન્નત અસર હજી ઘણાને યાદ હશે. નવલકથા તરીકે તેનું સ્થાન ક્યાં છે એ પ્રશ્ન આજે પણ વિચારવા સરખો છે. પશ્ચિમનું પાતળા બંધારણવાળું (Loose Construction) નવલકથા સાહિત્ય આજ માન્ય ગણાય છે. યોગિની અને યોગિનીકુમારીની લાંબી નવલકથાઓ અદ્ભુતરસથી ભરેલી છે. તેમાં સુંદર વર્ણનો પણ છે, સુંદર પ્રસંગો પણ છે, સુંદર ચારિત્ર્ય-આલેખન પણ છે. પક્ષપાતરહિત વૃત્તિથી તેનું અવલોકન સાહિત્યક્ષેત્રમાં થવા જેવું છે."

(શ્રી રમણલાલ વ. દેસાઈ, "જીવન અને સાહિત્ય" ભાગ ૨, "શ્રેયઃસાધક વર્ગ અને તેનું સાહિત્ય", પૃ. ૩૨૭)

તે સ્થાયી લાભ કરનાર હોતો નથી ; અને આ વાર્તા લખવાનો મારો આશય તમને માત્ર ચમત્કારનો આનંદ આપવો એટલો જ નથી, પરંતુ તમારા સ્થાયી કલ્યાણના હેતુઓને તમારા અન્તઃકરણમાં સ્થાપવા, તથા તેમને પોષી મોટા કરી તેનાં શુભ ફળને દર્શાવવાં ; અર્થાત્ આનંદ આપવાનો મારો ગૌણ ઉદ્દેશ છે, અને આપણું ઉભયનું કલ્યાણ સાધવું એ મુખ્ય ઉદ્દેશ છે. તેથી વળી થોડો સમય બોધનો વિસ્તાર થાય તો અકળાશો નહિ."[1]

આમ લેખક પોતે જ પ્રયોજનપૂર્વક આડચર્ચાઓ વિસ્તારે છે. કારણકે લેખકને વાર્તા અભિપ્રેત નથી. પરંતુ તે દ્વારા વિશદ ચર્ચાવિચારણા અને સ્વાનુભૂતિનો રણકો પ્રતિબિંબિત કરવાં છે. કારણ કે "પ્રજા સમક્ષ માત્ર વાચનનો રસ આપનાર કોઇ સામાન્ય નવલકથા મૂકવાનું નહિ, પરંતુ વાચકહૃદયમાં ધીરે ધીરે આ અભ્યુદય અને નિશ્રેયસ્ની સિધ્ધિના શ્રેષ્ઠ માર્ગોનો પ્રકાશ થાય, તેમનું જીવન એ ઉચ્ચમાર્ગગામી થાય, અને પરિણામે જીવનસિધ્ધિને પામે, એ તેમનું ધ્યેય હતું."[2]

આથી જો આ નવલકથાને માત્ર સાહિત્યના જ માનદંડથી માપવા પ્રયત્ન કરીશું અને વિવેચનમાં રૂઢ થઇ ગયેલા સિધ્ધાન્તોના ચોકઠામાં મૂકીને માત્ર કલાકૃતિ તરીકે તેની ચકાસણી કરીશું તો કદાચ વિશિષ્ટ પ્રયોજનથી આલેખાયેલી તત્ત્વજ્ઞાન અને ગૂઢ અધ્યાત્મવિષોથી સભર એવી આ કૃતિના સર્જકને અન્યાય કરી બેસીશું.

'Mata the Majician' - - - નામની અંગ્રેજીકૃતિ ઉપરથી શ્રી વિશ્વવંદ્યને વસ્તુ અંગેની પ્રેરણા મળી હશે તેમ મનાય છે. પરંતુ

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૧૦૪, ૧૦૫

૨. "યોગિનીકુમારી" ભાગ ૧, પ્રસ્તાવના પૃ. ૧૮

કથાવસ્તુ કયાંથી લીધું એ સાહિત્ય જગતમાં મહત્ત્વનું નથી. પરંતુ તે વસ્તુને પોતાની વિશિષ્ટ પ્રતિભાશક્તિ વડે નવા સંદર્ભમાં કેવી રીતે પ્રયોજ્યું તે અગત્યનું છે. ભવભૂતિનું "ઉત્તરરામચરિત્ર" કે કવિકાલિદાસનું "અભિજ્ઞાન શાકુન્તલમ્"નું મૂળવસ્તુ તો રામાયણ અને મહાભારતમાંથી ઉપકાર્યું છે પણ તે કૃતિઓ અમરત્વને પામી છે સર્જકની પોતીકી વિશિષ્ટતાના જોરે. શ્રીમાન્ વિશ્વવંદ્ય ઉચ્ચકોટિના અધિકારી સાધક છે; અધ્યાત્મ વિદ્યા, રસસિધ્ધિ, યોગ વગેરેમાં ગુરુકૃપાથી નિષ્ણાત છે; ભારતવર્ષની સ્વાભાવિક સનાતન અધ્યાત્મભૂમિકા પર તેમણે વસ્તુનું કલાત્મક સંવિધાન ઘડ્યું છે અને વિશેષમાં તેઓશ્રી પાસે ઇશ્વરદત્ત પ્રતિભા અને મનોહર પ્રાસાદિક શૈલી છે. આ સર્વને લીધે પ્રસ્તુત અધ્યાત્મવિષયક ગ્રંથ અલૌકિક, આકર્ષક અને માર્ગદર્શક બનવા ઉપરાંત, અનુભૂતિની સચ્ચાઇને લીધે વાસ્તવિક લાગે છે.

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના જાણીતા મુખપત્ર "મહાકાલ"માં કટકે કટકે આલેખાયેલી "યોગિનીકુમારી", હિંદીલેખક શ્રી જૈનેન્દ્રકૃત "ત્યાગપત્ર", શરદબાબુ રચિત "શ્રીકાન્ત", સમરસેટમોમની "ધ મુન એન્ડ સીક્સ પેન્સ" કે ગટે કૃત "સોરોઝ ઓફ વર્ધર"ની માફક આત્મકથનાત્મક નવલકથા છે. વાર્તાના નાયક મણિધરરાય સ્વમુખે આત્મવૃત્તાંત કહેતા હોય તેમ વાર્તાનો આકર્ષક ઉઘાડ થાય છે અને તે જ ઢબે વાર્તાની સમાપ્તિ થાય છે. આ પધ્ધતિનો સર્જકે અનાયાસે ઘણો લાભ ઉઠાવ્યો છે.

વિલાયતમાં એમ.ડી. થઇ આવેલા ડૉક્ટર મણિધરરાય મૂળ તો ઉજ્જવળ સંસ્કારસંપન્ન જીવ છે. પરંતુ વિદેશયાત્રા, સુધારાનો પવન, સંસર્ગદોષ વગેરેને લઇને તેના મન ઉપર નાસ્તિકતાનાં જાળાં ભરાયાં છે. પરંતુ યોગૈશ્વર્યસંપન્ન નિષ્કામ મહાત્મા સુરેશ્વરાચાર્યના સંસર્ગમાં આવવાથી અને વિશિષ્ટ અનુભવો થવાથી તે ઉચ્ચ દશાને

પામે છે. આ પાત્રને મધ્યમાં રાખી લેખકે તેનું વિશદ મનોમંથન અભિવ્યક્ત કર્યું છે. પાશ્ચાત્ય ઢબની કેળવણી પામેલો સુધારક તરુણ હોવાને લીધે તે કોઇપણ વિશિષ્ટ વ્યતિકર કે ચમત્કાર જુએ છે કે તરત જ તે તર્કસુલભ શંકાકુશંકાનો ઢગલો ખડો કરી દે છે. ચર્ચા, શ્રધ્ધા અને અનુભૂતિને અંતે પોતાની ભુલ તે સમજે છે અને તેના વિચારો યોગ્ય વળાંક લે છે. આમ જાણે કે પાશ્ચાત્ય વિચારસરણી ધરાવતા સુધારાવાદીનો પ્રતિનિધિ હોય તેમ તેના વિરોધી વિચારો તેની પાસે કઢાવી લેખક, સુરેશ્વરાચાર્યની દલીલો દ્વારા તેનું સમાધાન કરે છે. આથી વાચકના મનમાં ઉદ્ભવતી શંકા વાર્તાના નાયકની શંકા સાથે તિરોધાન પામે છે. લેખકની આ વિશિષ્ટ ખૂબી છે.

આત્મકથનાત્મક નવલકથા હોવાને લીધે વાર્તાના નાયક મણિધરરાયનું માનસપૃથક્કરણ ઘણું સ્વાભાવિક અને પ્રતીતિજનક બન્યું છે. દા.ત.યોગિનીની વિનંતીથી અંધારી રાત્રે "નવારોગી"ની મુલાકાત લેવા જતાં મણિધરરાય કેવો ભયાકુળ અને વિહ્વળ બની જાય છે તથા અનેક પ્રકારની શંકા-કુશંકા કરે છે તેનું સુંદર ચિત્રણ આપ્યું છે :

"......એક ડોકાબારી જેવું જણાયું. તે કુમારિકા તેમાં પેઠી અને અંદરથી બોલી, હવે આવો. હું છગડગ કરવા લાગ્યો. મારું હૃદય ધડક ધડક થવા લાગ્યું. સોનેરી ટોળીના માણસોએ ઘણા નિર્દોષ માણસોને આ રીતે ફસાવ્યાં હતાં, એવી વર્તમાનપત્રોમાં વાંચેલી વાતો મારા મગજમાં ખડી થઇ ગઇ. હું આવા કોઇ લુચ્ચાઓના પંજામાં સપડાયો તો નહિ હોઉં, એવા મને વિચાર આવવા માંડયા. અંદર જતાં વખતે મારો ઘડોલાડવો ઘડી નાંખે, વગેરે સેંકડો વિચારો આવતાં મારે કપાળે પરસેવો છૂટયો. એટલામાં તે છોકરી બોલી : કેમ શો વિચાર કરો છો ? કેમ અટકયા ?"[1]

---

૧. "યોગિનીકુમારી" ભાગ , પૃ.૪

આવાં માનસપૃથક્કરણા      પત્રો (Psycho-analytical) આપણને સંખ્યાબંધ પ્રમાણમાં જો      શે. આનાથી ગૂઢ રહસ્ય અતિગાઢ બને છે, અદ્દભુતરસ પરા      કાષ્ઠાએ પહોંચે છે અને આપણને મનોહર પણ સૂક્ષ્મ સાંગોપાંગ-વર્ણનો વાંચવા મળે છે. મણિધરરાયનો ક્રમિક વિકાસ દર્શાવી, અને તેને અંતમાં રસસિધ્ધિના અધિકારી સાધક તરીકે સન્માની લેખક આ મુખ્યપાત્ર દ્વારા એમ પ્રતિપાદન કરે છે કે અડગ શ્રધ્ધા, પ્રચંડ પુરુષાર્થ અને સદ્દગુરુની કૃપાદ્રષ્ટિથી સામાન્ય જીવ પણ ઉચ્ચ અધિકારી સિધ્ધપુરુષ બની શકે છે. યોગિનીની તેના ગુરુમાં અવિચળ અપ્રતિમ શ્રધ્ધા જોઇ મણિધરરાય વિચારે છે :

"પણ આ બાળાને જોઇને મારી ખાતરી થઇ કે કોઇપણ ઉંચી સત્તાને માનવી, અને તેમાં અચળ શ્રધ્ધાને ધરવી, એ બીજું કશું ઉત્તમફળ નહિ પ્રકટાવતી હોય તો પણ તે અત્યન્ત નિર્ભયતાને તો ઉપજાવતી જ હોવી જોઇએ."[1]

આ કેન્દ્રીય ભાવનાને જુદાજુદા પ્રસંગો અને વિચારો દ્વારા લેખકે ખીલવવા પ્રયત્ન કર્યો છે. દિવ્યદ્રષ્ટિવાળા પરોપકારપરાયણ અલૌકિક સાધુ પ્રતિભાનન્દ સરસ્વતી (મસ્તાન જોગીરાજ) પ્રતિ કે મણિધરરાયની પ્રતિભાશાળી તેજસ્વી પુત્રી યોગિનીકુમારી પ્રતિ મિથ્યાભિમાની અંગ્રેજ ઓફિસર કે સત્તાભિમાની પોલીસ અમલદારોનો વિનાકારણ જંગલી ગોળીબાર થતાં તેઓ જે યોગબળથી નિર્ભયતાપૂર્વક પ્રતિકાર કરે છે તેમાં પણ સામર્થ્યપૂર્ણ ઐશ્વર્યસંપન્ન "ઉચ્ચસત્તા"માં રહેલી તેઓની શ્રધ્ધાનાં વાચકને દર્શન થાય છે.

યોગિનીના પાત્ર દ્વારા લેખકે એક આદર્શ પતિવ્રતા સ્ત્રીનું ચિત્રણ કર્યું છે. સદ્દગુરુ સુરેશ્વરાચાર્યની પ્રત્યક્ષ દેખરેખ નીચે તેનો બાલઉછેર થયો છે ; સર્વગુણસંપન્ન સુશિક્ષિત સાવિત્રીબાઇની દોરવણી

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ.૪૦

હેઠળ તેનામાં સંસ્કારસિંચન થયેલું છે ; અને અનુકૂળ પતિ મળતાં તે તેમના પરમેશ્વરભાવના કેળવી યોગ્ય વિકાસ સાધી શકી છે. ગુરુભક્તિ, પતિભક્તિ, શ્રધ્ધા વગેરે દૈવીસંસ્કારોનું તેનામાં આરોપણ કરી આ પાત્ર દ્વારા સર્જક સ્ત્રીવિષયક અનેક પ્રશ્નોની ચર્ચા કરે છે. ખુદ સુરેશ્વરાચાર્ય પોતાના પત્રમાં આ દંપતિને આદેશ આપતાં કહે છે,

"ઘણા પુરુષો સ્ત્રીનો ત્યાગ કરવાથી અને ઘણી સ્ત્રીઓ પુરુષનો ત્યાગ કરવાથી સર્વોત્કૃષ્ટ સુખ અથવા મોક્ષ સધાય છે, એવા નિશ્ચયને બાંધી બેઠાં હોય છે. પણ તે નિશ્ચય સર્વદા સત્ય છે, એમ તમે માની બેસશો નહિ. સ્ત્રીની સર્વદા પુરુષને અગત્ય છે, અને તે જ રીતે પુરુષની સર્વદા સ્ત્રીને અગત્ય છે. ઉભયનો અન્યોન્યને ન નિવારી શકાય એવો આશ્રય છે. પ્રકૃતિનો પરમાત્મા ત્યાગ કરી શકતા નથી, તેમ પ્રકૃતિ પરમાત્માનો ત્યાગ કરી શકતી નથી."[૧]

સ્ત્રી એક મહાન શક્તિ છે. અધ્યાત્મશાસ્ત્રના પ્રચલિત સિધ્ધાન્ત પ્રમાણે સ્ત્રીનો પતિમાં પરમેશ્વરભાવ સતત કેળવવાથી સદ્ગુણી સંસ્કારી ઈશ્વરપરાયણ પતિમાં આ ભાવનાથી પૂર્તિ થાય છે અને જો પતિ તેવો ન હોય તો સ્ત્રી મધ્યમા વાણી દ્વારા ઉદ્ભવેલી ઉપરોક્ત સદ્ભાવનાથી તેના પતિમાં અપેક્ષિત અનુકૂળ પરિવર્તન પણ આણી શકે છે. તેથી આવી દિવ્યશક્તિવાળી સ્ત્રી નિંદ્ય નથી પણ વંદ્ય છે.

સ્ત્રી પુરુષનું અર્ધ-અંગ હોવાથી, પુરુષ કોઇપણ પ્રવૃત્તિમાં એકલો જ ઉદ્યુક્ત રહે તો પક્ષાઘાતથી પીડાતા શરીર જેવી તેની પરિસ્થિતિ થાય છે. પરંતુ એક જ સત્કાર્યમાં સ્ત્રીપુરુષ સહકારથી

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ. ૮૯

સતત જોડાયેલાં રહે તો સત્વરે ફલપ્રાપ્તિ થાય છે. રમતારામ મણિધરરાયને સ્પષ્ટ કહે છે,

"અનુકૂળ પતિવ્રતા સ્ત્રી એ પુરુષના ઘરની લક્ષ્મી છે, અને ગૃહસ્થાશ્રમી પુરુષોને મોક્ષનું દ્વાર છે, એમ જે શાસ્ત્રો કહે છે તે કેટલું સાચું છે તે આજે પ્રત્યક્ષ થયું છે. મૂર્ખ મનુષ્યો જ સ્ત્રીઓના અવગુણ ગાય છે, અને સ્ત્રીઓને ત્યજીને ત્યાગી થઇ જાય છે. પરંતુ તેઓ જાણતા નથી કે ત્યાગાશ્રમ જે ફળ નથી પ્રકટાવી શકતો, તે અનુકૂળ સ્ત્રીના સંબંધથી ગૃહસ્થાશ્રમ પ્રકટાવી શકે છે."[1]

આમ લેખકે પુનરુક્તિનો દોષ વહોરીને પણ વારંવાર ભારપૂર્વક કહ્યું છે કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ – એ ચતુર્વિધ ફળોને પ્રાપ્ત કરવા માટે ગૃહસ્થાશ્રમ એ સર્વોત્તમ આશ્રમ છે.

"ઉત્તમ પ્રજાની ઇચ્છાવાળાં સ્ત્રીપુરુષોએ શું કરવું ?" એ યોગિનીએ મણિધરરાયને લખેલા લાંબા પત્રમાં મનનને માટે ઘણું સુંદર પાથેય પૂરું પાડવામાં આવ્યું છે. ઉત્તમ નોકરી, ઘર, વસ્ત્ર, સાધનસામગ્રી વગેરે પ્રાપ્ત કરવા માટે મનુષ્ય ભગીરથ પ્રયત્ન કરે છે, પરંતુ પ્રજા ઉત્તમ પ્રકારની પ્રાપ્ત થાય તેનો તે વિચાર સરખો પણ કરતો નથી. બાળક જયારે નબળું, ઠોઠ કે બણુચક નીવડે છે ત્યારે તેનાં વિધ્વાન માતાપિતા તેઓના નસીબનો તથા બાળકનો વાંક કાઢે છે. પરંતુ તેમાં તેઓ પોતાનો દોષ જોતાં નથી.

"ઉત્તમ સંગેમરમરનો પથરો આપ્યા છતાં પણ શિલ્પી સુન્દર પ્રતિમા ન ઘડી શકે તો તેમાં જેમ પથરાનો દોષ નથી પણ શિલ્પીનો છે, તેમ વિશ્વમાં સાધનો વિદ્યમાન છતાં પણ માતાપિતા થવાને ઈચ્છનાર સ્ત્રીપુરુષો ઉત્તમ સત્પુત્રો ન પ્રાપ્ત કરી શકે તો દોષ, ઉત્પન્ન થનાર પ્રજાનો નથી પણ અકુશળ માતા-પિતાનો છે.

---

૧. "યોગિનીકુમારી", ભાગ ૨, પૃ.૯૮

દાળ, શાક કે ભજિયાં સ્વાદિષ્ટ ન થવાને માટે તમે દોષ દાળ કે શાકને માથે મૂકો કે રસોઇ કરનારને માથે ? અને તો પણ જગતમાં તમે જોશો તો રોગી, વ્યસની, દુર્ગુણી અને મૂર્ખ પુત્રોનાં ડાહ્યા દા ; માબાપોનો કોઇ દોષ કાઢતું નથી, પણ બિચારાં છોકરાંઓના માથા ઉપર જયાં ત્યાં પસ્તાળ પાડવામાં આવે છે."[1]

આપણે ત્યાં પણ ભીમ, અર્જુન, કાલિદાસ, બાણ, બુધ્ધ, સીતા કે દ્રૌપદી જેવાં વીર અને તેજસ્વી બાળકો પ્રગટી શકે. પરંતુ તે માટે આપણે ગર્ભમાં બાળક રચાતું હોય ત્યારથી જ ઉત્તમ ગુણસિંચન કરવાનો પ્રયાસ કરવો જોઇએ. જેમ ચાક ઉપર માટીનાં વાસણો બનાવતી વખતે કુંભાર તેનો ધારે છે તેવો ઘાટ કરે છે, પણ વાસણ ઘડાઇ ગયા પછી એને નિભાડામાં તે પાકયા પછી તેમાં કશો ફેરફાર થઇ શકતો નથી. તેમ ગર્ભમાં બાળક જે સમયે રચાતું હોય છે તે સમયે માબાપ તેને જેવું રચવું હોય તેવું રચી શકે છે. પણ ગર્ભમાં તે પૂરેપૂરું પાકયા પછી તેમાં તેઓ કશો જ ફેરફાર કરી શકતાં નથી. આ લાંબો લેખ વાર્તારસને અવરોધક હોવા છતાં ઘણો મહત્ત્વનો, મનનીય અને માર્ગદર્શક બન્યો છે.

વ્યાધિનિવારક આરોગ્યપ્રદ ઐશ્વર્યપ્રદાતા પરમાત્માના પ્રસાદ સમી "રસસિધ્ધિ" બાબતમાં પણ કર્તા સ્પષ્ટ કહે છે કે એકલો પુરુષ અથવા એકલી સ્ત્રીને બદલે અનુકૂળ મતિવાળાં ધર્મિષ્ઠ પતિપત્ની સાથે જો આ સિધ્ધિને પ્રાપ્ત કરવાનો ઉદ્યોગ કરે છે, તો તે અલ્પકાળમાં સિધ્ધ થાય છે. કારણ કે તર્કપ્રધાન પુરુષ બુધ્ધિના પ્રતાપે ગગનમાં ઊડી શકે છે પણ નેત્રસમીપ પડેલી વસ્તુને જોઇ શકતો નથી, જયારે સ્ત્રીમાં અન્તર્જ્ઞાન (Intuition) અધિક હોય છે. પુરુષ અને પ્રકૃતિનો, પુરુષની બુધ્ધિનો તથા સ્ત્રીના

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૧૧૮

અન્તર્જ્ઞાનનો સંયોગ થતાં વિદ્યાનું રહસ્ય અલ્પશ્રમે અલ્પકાળે ખુલ્લું થાય છે. મણિધરરાય રસવિદ્યાને પામી શકે છે તેમાં તેની સહધર્મચારિણી યોગિનીનો ફાળો પણ મહત્ત્વનો છે.

સ્ત્રીવિષયક પ્રશ્નોની ચર્ચા કરતાં, ૧૪ વર્ષ પછી જ કન્યાને પરણાવવી જોઇએ, તેવો દૃઢ મત કર્તા રજૂ કરે છે. તે વખતનું રૂઢિચુસ્ત ગુજરાત, કડક જ્ઞાતિબંધનો, બાળલગ્નો, કજોડાં વગેરે તરફ દૃષ્ટિપાત કરતાં કર્તાશ્રીની વિચારસરણી સંનિષ્ઠ સમાજસુધારક જેવી લાગે છે. ઋતુપ્રાપ્તિ પૂર્વે કન્યાનું લગ્ન કરવાની શાસ્ત્રાજ્ઞાને કર્તા હાલના નવા દેશકાળના સંદર્ભમાં બિનજરૂરી તથા અનર્થકારી ગણે છે. મણિધરરાય ચર્ચા કરતાં કહે છે,

"જે કાળે પ્રજાનો મોટો ભાગ અત્યન્ત સુશિક્ષિત હોવાથી બ્રહ્મચર્યના પાલનમાં અત્યન્ત પ્રીતિવાળો હશે, પ્રતિમાસે ઋતુસ્નાત સ્ત્રીના સંબન્ધમાં આવવામાં પણ હાનિને સમજતો હશે, અને આ કારણથી પ્રજાની સંખ્યામાં ઘટાડો થઇ જવાનો સંભવ જણાયો હશે તે સમયે ઋતુસ્નાત સ્ત્રીથી સંબન્ધરહિત રહેવામાં મહાપાપ લાગવાનું વચન દેશકાલ વગેરેના વિચારથી સ્મૃતિમાં સ્થાપવું વિચારવંત સ્મૃતિકારોને યોગ્ય જણાયું હશે ; પણ જે સમયે "સાપ ગયા ને લીસોટા રહ્યા" તેની પેઠે બ્રહ્મચર્યનો આભાસ સરખો પણ રહ્યો નથી, એવા આ વિષયવાસનાને પરિતોષવાના પ્રબળ વેગવાળા અવિચારી સમયમાં પૂર્વોક્ત વચનને વળગી રહેવું, એ શી રીતે યોગ્ય ગણાય, એ મારી બુધ્ધિમાં ઉતરી શકતું નથી. અગિયાર વર્ષની ઋતુસ્નાત ઢીંગલીઓથી નિર્માલ્ય પ્રજાને ઉત્પન્ન કરી દેશમાં તેત્રિશ કરોડ બાયલાઓની વસ્તી છે, એવી સંખ્યા ગણાવવી, તેના કરતાં અગિયાર કે બાર વર્ષની ઉમરે ઋતુની પ્રાપ્તિ થઇ ગયા છતાં ચૌદ કે પંદર વર્ષની ઉમર સુધી કન્યાઓ, અવિવાહિત રહે, અને યોગ્ય શરીર રચાયા પછી જ ગર્ભને ધારણ કરી ઉત્તમ

પ્રકારની શારીરિક, માનસિક આદિ સંપત્તિઓથી શોભતી થોડી સંખ્યાવાળી બલવાન પ્રજાને ઉત્પન્ન કરે, એ મારી દૃષ્ટિમાં અધિક યોગ્ય જણાય છે."[1]

પરંતુ નવલકથાનું મુખ્ય પાત્ર તો મણિધરરાયની પુત્રી યોગિનીકુમારી છે. અલબત્ત, આ પાત્ર નવલકથામાં ઘણું મોડું – લગભગ ૫૫૦ પાન પછી – આવે છે. પણ લેખક પોતે જ તે અંગે વિધાન કરતાં કહે છે :

"સદ્વિવેકી વાચકને આ સ્થળે મારે જણાવવું જોઇએ કે આ નવલકથાનું નામ જે યોગિની રાખવામાં આવ્યું છે તે મારી ધર્મપત્ની યોગિનીનો તેમાં વૃત્તાંત આવે છે તેથી રાખવામાં નથી આવ્યું પણ મારી કન્યા યોગિનીકુમારીનો તેમાં વૃત્તાંત આવે છે, તેથી રાખવામાં આવ્યું છે. વળી આ વાર્તાનો ઉપક્રમ મારી ધર્મપત્ની યોગિનીના સચ્ચરિત્રને વર્ણવવાને અર્થે કરવામાં આવ્યો નથી. પરંતુ મારી કન્યા યોગિનીકુમારીના વૃત્તાંતને વર્ણવવા અર્થે કરવામાં આવ્યો છે ; અને આમ હોવાથી આ યોગિનીની વાર્તાનો ખરો આરંભ તો મારી કન્યા યોગિનીકુમારીના જન્મથી જ થાય છે."[2]

યોગિનીકુમારી અને તેની માતા યોગિની – બંનેના સ્વભાવમાં અતિવિશાળ અંતર રહેલું છે. યોગિની સૌમ્ય, શાંત અને સ્નેહાળ પ્રકૃતિની સ્ત્રી છે, જયારે આ સ્વાતંત્ર્યપ્રિય યોગિનીકુમારી કોઇથી પણ ન દબાય તેવી સ્વૈરવિહારી, પોતાના તેમ જ પારકાના હક્કનો સર્વદા સ્વીકાર કરતી, જૂઠ પ્રત્યે કડક નફરત દાખવતી, કોઇને પણ પોતાનો સ્પર્શ ન કરવા દેતી, બાળક છતાં અંતરદૃષ્ટિ ઉઘડેલી વિલક્ષણ ખુમારીવાળી

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૩૭૩

૨. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૨૭૪

પ્રતિભાશાળી કિશોરી છે. યોગિનીનું અમીદૃષ્ટિવાળું તેજ સૌને પ્રિય લાગે તેવું શાતાદાયક છે જ્યારે આનું પ્રખર છતાં પ્રતાપી તેજ કોઇથી પણ જીરવી ન શકાય તેવું અસહ્ય છે. આથી ભિન્નભિન્ન કક્ષાનાં દુન્યવી સ્ત્રીપુરુષો પોતપોતાના અધિકાર મુજબ એ દૈવી સ્ત્રીને સમજે છે. યોગિનીકુમારીમાં ઉચ્ચ સંસ્કાર અને શિક્ષણનું યથાયોગ્ય સીંચન કરવા મણિધરરાય યશોમતી નામની એક બાઇને રોકે છે. પરંતુ યોગ્યભૂમિકાના અભાવે યોગિનીકુમારીની વિવિધ પ્રવૃત્તિઓ તથા પ્રસંગોને તે સમજી શકતી નથી અને ગભરાઇને મણિધરરાયને ફરિયાદ કરે છે,

"આ છોકરીને મારે શી રીતે સુધારવી, તેની મને જરા પણ સમજ પડતી નથી. હું એનાથી હવે તો છેક કાયર થઇ ગઇ છું. મેં ઘણાં એ છોકરાં જોયાં છે, પણ આના જેવી વિચિત્ર છોકરી મેં કયાંહિ પણ જોઇ નથી. કોઇ કોઇ વાર તેનાથી મને પાર વિનાનો ભય લાગે છે. ક્ષમા કરજો. પણ હવે મારે નિરુપાયે કહેવું પડે છે કે આ છોકરીમાં મને કોઇ બ્રહ્મરાક્ષસ ભરાયો હોય કે કોઇ નઠારો દેવ ભરાયો હોય એમ શંકા થાય છે."[1]

પોલિસ અમલદાર, સિપાઇઓ, સિવિલસર્જન, મેજિસ્ટ્રેટ વગેરે પણ તેનામાં કોઈ ભયંકર પિશાચ કે બ્રહ્મરાક્ષસ પેસી ગયો છે, તેવાં અનુમાનો બાંધે છે. "આર્યવત્સલ", "ભવાની", "દૈનિકવૃત્ત", "ગપસપ" વગેરે વર્તમાનપત્રો તો મરકીના રોગથી તેમ જ સિવિલ-સર્જન અને યોગિનીકુમારીના મુકદમાથી વાચકોને સુંદર કપોલ-કલ્પિત મસાલો પૂરો પાડે છે. યોગ્ય શ્રધ્ધેય માહિતી મેળવ્યા વગર "કાગનો વાઘ" કરનારા, લોકોની હલકી જિજ્ઞાસાવૃત્તિને

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૨૭૭

પંપાળી-પોષી ચમત્કારિક સમાચારોને હેડલાઇનમાં છાપનારા[1], વજનદાર કે વગદાર વ્યક્તિ તરફ પક્ષપાત બતાવવાને મૂળ સમાચારોને વિકૃત રીતે રજૂ કરનારાં વર્તમાનપત્રો પર કર્તાએ માર્મિક ટકોર કરી છે. પરંતુ યોગ્ય અધિકારી સંસ્કારસંપન્ન સંગીતશાસ્ત્રી બાલારામ જ્યારે યોગિનીકુમારીને સંગીતનું જ્ઞાન આપતાં આવા વિશિષ્ટ વ્યતિકરો તથા નાની ઉંમરે પણ પ્રાપ્ત કરેલું સંગીતવિષયક જ્ઞાન તેનામાં જુએ છે ત્યારે તે મણિધરરાયને બે હાથ જોડી અતિનમ્રતાપૂર્વક જણાવે છે,

"ડૉક્ટર સાહેબ ! આ તમારી કન્યાને શું શિક્ષણ આપવું, તે મને સૂજતું નથી. તેને શીખવવાનો આરંભ કરતા પહેલાં મારા મનમાં જે કંઇ ખુમારી હતી, તે બધી આ બે અઠવાડિયામાં ઉતરી ગઇ છે. હવે મને સમજાય છે કે હું એનો ગુરુ થવાને બદલે એ મારી ગુરુ થવાને વધારે લાયક છે."[2]

આમ યોગિનીકુમારીમાં રહેલ દૈવીશક્તિ અને પૂર્વજન્મના સંસ્કારોને બાલારામ કે મણિધરરાય સિવાય, ભાગ્યે જ કોઇ - અધિકારના અભાવે - ઓળખી શકે છે.

યોગસિધ્ધિ સંપન્ન તત્ત્વદર્શી રસસિધ્ધ મહાત્મા સુરેશ્વરાચાર્યનું પાત્ર અતિનિષ્કામ સાધુજીવનનો પરિચય આપતું અલૌકિક કોટિનું છે. નવલકથામાં પ્રારંભના થોડા કલાકો બાદ કરતાં સૂક્ષ્મ વાયુશરીરે (astral body) આ પાત્ર સર્વત્ર વિહરતું

---

૧. "ગપસપ" નામનું વર્તમાનપત્ર તો, સુંદર શિલ્પાકૃતિ જેવી મનોહર જાજ્વલ્યમાન યોગિનીકુમારીને વગર જોયે-જાણ્યે - માત્ર લોકોના વહેમને પોષવા - જાગ્રત કરવા - લાંબા દાંત અને ભયંકર ડોકાવાળી ડાકણ જેવી યોગિનીકુમારીની છબી પણ પ્રકટ કરે છે !

૨. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૨૯૮

જણાય છે. પ્રત્યેક વ્યતિકરમાં કે પ્રસંગમાં પરોક્ષ કે અપરોક્ષ રીતે સુરેશ્વરાચાર્યની દિવ્યશક્તિનો ફાળો સવિશેષ જોવા મળે છે. આ પાત્રની સાથે સંકળાયેલું ૩૦મી સપ્ટેમ્બર તારીખનું તેમ જ પૂર્વજન્મોના પ્રસંગોનું રહસ્ય ક્રમશઃ નવલકથાને અંતે છતું થતાં યોગિની, મણિધરરાય, યોગિનીકુમારી વગેરે સર્વ મુખ્ય પાત્રોનો અસામાન્ય વ્યવહાર તાર્કિક અને બુધ્ધિગમ્ય લાગે છે.

રસસિધ્ધિના ઉંબરે આવી પહોંચેલા સુરેશ્વરાચાર્ય ટિબેટમાં ૪૦ દિવસની સતત સાધના બાદ રસસિધ્ધિનો કીમિયો જાણી શકે છે અને તે મુજબ ઘેરે આવી વિવિધ પ્રયોગો દ્વારા તેને પ્રાપ્ત પણ કરે છે. પરંતુ પુત્રવત્સલ પિતા ટિબેટના મહાત્માની કડક આજ્ઞાને અવગણી અનધિકારી પુત્ર લક્ષ્મીધરને રસશાસ્ત્રનું રહસ્ય સમજાવે છે ત્યારે સિધ્ધમંડલ દ્વારા પ્રેરેલી ભયંકર વીજળી કડાકા સહ તૂટી પડે છે તથા લક્ષ્મીધરનો પ્રાણ લે છે. મહાત્મા પ્રગટ થઇ સુરેશ્વરાચાર્યને શાપ આપે છે,

"કરુણાપાત્ર દુર્ભાગી મનુષ્ય ! તારી આ અયોગ્ય કૃતિનો કેવો પરિણામ આવ્યો છે, તે હમણાં જ તું પ્રત્યક્ષ જોઇશ......... .......વિદ્યાનું તને વિસ્મરણ થશે નહિ, પરન્તુ સ્ત્રીઓમાં વિશેષ કરીને ભાસતો એવો સ્ત્રીસ્વભાવ તેં સેવ્યો છે, માટે તું સ્ત્રી થઇશ. લોકમાં પ્રસિધ્ધ છે કે બિલાડીના પેટમાં જેમ ક્ષીર ટકતી નથી, તેમ સ્ત્રીના પેટમાં કોઇ ગુપ્ત વાત ટકી શકતી નથી. પુરુષ છતાં તે સ્ત્રીસ્વભાવને તારા અન્તઃકરણમાં સ્થાન આપ્યું છે, તેથી એ સ્વભાવ જે જાતિમાં હોવો સંભવે છે, તે જાતિને તું તારા કર્માનુસાર પામીશ. આ સ્ત્રીજન્મને ક્યારે અંગીકાર કરવો તે અમે તારી ઇચ્છા ઉપર રાખ્યું છે. તારી ઈચ્છામાં આવે તો આજથી જ અંગીકાર કર, અને તારી ઈચ્છામાં આવે તો પાંચે વર્ષે, દશે વર્ષે અંગીકાર કર. એ તારા સ્ત્રીજન્મમાં તને આ વિદ્યાનું કે હવે પછી

હું જે જે વિદ્યા પ્રાપ્ત કરીશ તેનું વિસ્મરણ થશે નહિ. એકવીશ વર્ષનું વય થતા પર્યન્ત સ્ત્રીશરીરમાં તું રહેજે. પછી તું શાપમુક્ત થઇશ."[1]

મૃત્યુ પામેલો લક્ષ્મીધર શશિધરરાયને ત્યાં મણિધરરાય તરીકે જન્મે છે. પુત્રવત્સલ પિતા સુરેશ્વરાચાર્ય, મણિધરરાયને ત્યાં જ (પોતાના પુત્રને ત્યાં) શાપનિવારણ અર્થે યોગિનીકુમારી તરીકે જન્મ લેવાનું પસંદ કરે છે.

મણિધરરાય અને તેની પત્ની યોગિની સાથે પણ આવો જ પૂર્વજન્મોથી ચાલ્યો આવતો પવિત્ર નાતો છે. મણિધરરાય પૂર્વજન્મમાં લક્ષ્મીધર હતો, અને તે પૂર્વે પિનાકપાણિ અને અનસૂયાનો પુત્ર ગણાધિપ હતો. ગણાધિપની પૂર્વે તે ધ્રુવલોકમાં તેની પત્ની ચેરા સાથે જીવન વીતાવતો હતો. પરંતુ ત્યાં સ્ત્રીઓની અવગણના કરતાં ધ્રુવલોકાધિપતિના શાપનો ભોગ બની તે મૃત્યુલોકમાં ગણાધિપ તરીકે જન્મ લે છે. સાહિત્યકલારસજ્ઞ ગણાધિપનું યોગ્ય વયે વિબુધા નામની ભોજનરસપટુ સ્થૂળકાય સ્ત્રી સાથે લગ્ન થાય છે. પરંતુ બંનેની રસવૃત્તિ ભિન્ન હોવાથી ગણાધિપ વિબુધાથી કંટાળે છે. એકદિવસ માણિકયતીર્થની કથામાં નિરોધના સ્વરૂપ અને સામર્થ્યની અનેક દૃષ્ટાંતો સહ કથા સાંભળી તે પ્રભાવિત થાય છે. પત્નીથી કંટાળેલો ગણાધિપ આકાશમાં કયા લોકમાંથી નિરોધ દ્વારા કમનીય સ્વરૂપમાન યુવતીને આકર્ષવી, તે વિચારે છે, ત્યારે કર્તાએ તેનું મનોમંથન હળવી શૈલીમાં સુંદર રીતે મૂકયું છે,

"આ બધા ગગનમાં સ્થિત તારાઓમાં આ ભૂલોક કરતાં કોઇ ઉત્તમ લોકમાંથી જ મારે આકર્ષણ કરવું ઘટે છે. કારણ કે જેમાંથી હું આકર્ષણ કરું, તે લોક કદાચ આ ભૂલોક કરતાં કનિષ્ઠ

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ. ૨૬૪-૨૬૫.

હોય તો પછી આકર્ષાયેલી વ્યક્તિ, આ ભૂલોક કરતાં કનિષ્ઠ પ્રકારની જ આવે, એ તો સ્પષ્ટ છે. માટે ગણાધિપ ! વિચારપૂર્વક કોઇ તારો પસંદ કરજે. નહિ તો કોઇ હાથ હાથ લાંબા દાંતવાળી, પોલાવાંસાવાળી, તથા અતિવિરૂપ મુખમુદ્રાવાળી ચુડેલ આકર્ષાઇ આવી તો પછી તું તો ઓલામાંથી નીકળી ચુલામાં જ પડવાનો. એમ થયું તો પછી ગણાધિપભાઇ ! તમારા સુભાગ્યનાં અને તમારા સંસારસુખના લ્હાવાનાં વર્ણન કરવાને ઉશના કવિને ઉર્ધ્વલોકમાંથી આમંત્રણ કરવાં પડશે. એક બાજુ તમારી વિબુધા ભેંશ, અને તમારી બીજીબાજુએ તમારી ચુડેલ કાળી મેંશ ! તમારી શોભામાં કંઇ કસર નહિ રહે હોં. ખાસ જયપુરથી ચિત્રકારો આવી આવીને તમારી છબીઓ ચિત્રી જશે, અને ઘેરઘેર તમારાં ચિત્રો ટંગાશે ! માટે મોહમાં તણાઇને વિવેકબુધ્ધિમાં પૂળો મૂકશો નહિ હોં કે !"[1]

છેવટે અંતઃપ્રેરણાથી તે ધ્રુવલોકને પસંદ કરે છે અને છ માસની સતત સાધના બાદ મનોહર ચારુ યુવતીને આકર્ષી શકે છે. ગણાધિપ તેનું નામ વિદ્યુત્પ્રભા પાડે છે, પરંતુ વાસ્તવમાં તે જ તેની પૂર્વજન્મની પત્ની ચેરા હોય છે. વિબુધાના સંબેલાથી ગણાધિપનું મૃત્યુ થતાં તે લક્ષ્મીધર તરીકે, પછી મણિધરરાય તરીકે જન્મતાં, વિરહવ્યાકુળ બનેલી ચેરા માતાપિતા તેમ જ ધ્રુવલોકાધિપતિની સંમતિ લઇ મૃત્યુલોકમાં અવતરવાનું પસંદ કરે છે. આમ યોગિની (ચેરા)નો જન્મ ચમત્કારિક રીતે – વગર પ્રસવે – સુરેશ્વરાચાર્યના ખોળામાં જ થાય છે તથા મૃત્યુલોકમાં સાતવર્ષનું દામ્પત્યસુખ માણ્યા બાદ ૩૦મી સપ્ટેમ્બરે જ સદેહે તે ધ્રુવલોકમાં ગમન કરે છે. પૂર્વજન્મોના વૃત્તાંત સ્પષ્ટ થતાં ધ્રુવલોકમાંથી વગર પ્રસવે યોગિનીનો થતો જન્મ અને તેનું સશરીર ધ્રુવલોક પ્રતિ ગમન સરળતાથી સમજી શકાય છે.

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ.૪૯

"ગુરુની આજ્ઞાઓમાં પણ સુરેશ્વરાચાર્ય મણિધરરાયને સ્પષ્ટ આદેશ આપતા ગયા છે,

"બાલ્યાવસ્થામાં તમે મને ઓળખી શકશો નહિ, પણ મારું વય જયારે સાત વર્ષનું થશે ત્યારે તમે મારામાં ફેરફાર થયેલો જોશો, અને ચૌદમે વર્ષે હું મારા નવા મન્દિરમાં મારી પૂર્ણ શક્તિથી પ્રકાશીશ."[1]

આથી સાતમા વર્ષથી જ "શાન્તિભવન"ની છાપરી પર એકાન્તમાં બેસતી યોગિનીકુમારી યશોમતીને સમજાતી નથી, તો સંગીતશાસ્ત્રી બાલારામને તેમાં કોઇ દિવ્યશક્તિનો અણસારો વર્તાય છે ; ૧૪મે વર્ષે તો ખુદ સુરેશ્વરાચાર્ય યોગિનીકુમારીના મન્દિરમાં - સ્થૂળ શરીરમાં - આધિપત્ય ભોગવતા વિવિધ વ્યતિકરો કરતા હોય છે, તથા ૨૧મે વર્ષે ૩૦મી સપ્ટેમ્બરે શાપનિવારણ થતાં, તેઓ સ્થૂલદેહને ત્યજે છે.

(૧): ૩૦મી સપ્ટેમ્બરે સુરેશ્વરાચાર્યે ત્યજેલો સ્થૂલદેહ તથા તે જ દિવસે મણિધરરાય - યોગિનીનું લગ્નગ્રંથિથી જોડાવું ; (૨) વરસતા વરસાદમાં "અગમ્ય અતિથિ"નું ચમત્કારિક આગમન ; (૩) યોગિનીનું ધ્રુવલોક પ્રતિ ગમન તથા તે જ ઘડીએ યોગિનીકુમારીનો જન્મ ; (૪) મણિધરરાયનો યોગિનીકુમારી સાથે ગુપ્ત ઓરડામાં સૌપ્રથમ પ્રવેશ ; (૫) મણિધરરાયની ધ્રુવલોકસ્થિત ચેરા, તેના માતાપિતા તથા ધ્રુવલોકાધિપતિ સાથે થતી દિવ્ય મુલાકાત - આ સર્વ પ્રસંગો જુદા જુદા વર્ષે પણ ૩૦મી સપ્ટેમ્બરે જ બનતા હોવાથી, આ દિવસ નવલકથામાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

સર્જક પૂર્વજન્મોની કથા દ્વારા આર્યશાસ્ત્રકારોએ પ્રતિપાદિત ભવાનુભવ ગંત્રણાનુબંધની ભાવના સ્પષ્ટ કરે છે. પ્રત્યેક જીવ

---

1. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ.૯૨

યથાયોગ્ય સ્થળે જન્મે છે તેના પૂર્વજન્મના કર્મના નિયમાનુસાર. આ જન્મોજન્મના અટલ ફેરાને કોઇ ટાળી શકતું નથી. આથી બાળક જન્મતાં જ પોતાની સાથે પૂર્વજન્મના સંસ્કારો લેતું આવે છે. પરંતુ જીવ અધિકારી ભૂમિકા પર પહોંચે છે અને તે અનેક જન્મોના સતત પુરુષાર્થને પરિણામે મહામોંઘા પરમપદ અથવા મોક્ષને પામે છે, ત્યારે આ ઘટમાળમાંથી મુક્તિ પામે છે.

આમ નવલકથાનાં મુખ્યપાત્રો આદર્શપ્રિય રંગદર્શી (Romantic) છે. પરંતુ બીજાં ગૌણ છતાં વાસ્તવિક ભૂમિનાં પાત્રોની પણ સર્જકે કુશળતાથી માવજત કરી છે. પ્રાણકુમારી, ત્રિપુરારિશંકર વગેરે દૈહિક અને દુન્યવી વાસનામાં રચ્યાંપચ્યાં રહેતાં પાત્રોનો પરિચય કરાવી, લેખક તત્કાલીન સુધારાવાદીઓની પોકળતા પ્રગટ કરે છે તથા આર્યસંસ્કૃતિના સનાતન કલ્યાણગામી નિયમોમાં રહેલા દૂરદર્શિત્વનો ખ્યાલ આપે છે.

પ્રાણકુમારી, લલિતાકુમારી, ત્રિપુરારિશંકર વગેરે મહાનુભાવો પોતાની જાતને સુધારાના અગ્રણી તરીકે પંકાવે છે પણ તેમનો સુધારો સ્વાર્થના સંકુચિત કુંડાળામાં જ મહાલતો હોય છે. ત્રિપુરારિશંકર સભામંચ પરથી પ્રેરક અને ઉત્તેજક પ્રવચનો કરે છે પણ Charity begins from home એ ન્યાયે જયારે સુધારાવિષયક પ્રવૃત્તિમાં પોતાને જ પ્રથમ ડગ માંડવાના હોય છે ત્યારે તેઓ મૌન સેવે છે. એક મોટી સભામાં પ્રાણકુમારી વિધવાવિવાહવિષયક પ્રવચનમાં પ્રેક્ષકોને અને ખાસકરીને સુધારાવાળાને "ચેલેન્જ" ફેંકે છે : "હું પોતે પુનર્લગ્ન કરી વિધવાવિવાહનો માર્ગ સરળ કરી આપવા તૈયાર છું. છે કોઇ માઈનો પૂત કે મારી સાથે લગ્ન કરવાને તૈયાર થાય !"[1] એના જોશીલા પ્રવચન પછી પ્રમુખસ્થાનેથી ત્રિપુરારિશંકર પોતે જ,

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ.૫૧

સુધારાવાળાને આ ચેલેન્જ ઉપાડી લેવા વિનંતી કરે છે, પણ પ્રેક્ષકોમાંથી યોગ્ય પ્રત્યુત્તર (Response) ન મળતાં તેઓને બાયલા, હીજડા વગેરે શબ્દોથી નવાજે છે અને અંતમાં કહે છે :

"પ્રાણકુમારીની આ કલ્યાણકારક માગણીને આજે હું પોતે આદરથી વધાવી લેત, પણ નિરુપાય છું કે મારી સ્ત્રી હજી હયાત છે. અને એક સ્ત્રી જીવતી છતાં બીજીવાર લગ્ન કરવું એ સુધારાના નિયમથી કેવળ વિરુધ્ધ છે – એ રૌરવ નરકે લઇ જનાર છે."[1]

આ વાકયો દરમ્યાન સભામંડપમાં તારવાળો આવે છે. કોલેરાના અકસ્માતથી તેમની પત્નીના મૃત્યુના સમાચાર વાંચી તેઓ અત્યંત દિક્મૂઢ બની જાય છે. પરંતુ સુધારાવાદીઓના વિરોધીઓને તો પ્રહાર માટે અનુકૂળ સબળ શસ્ત્ર મળી આવે છે. તેઓ સુધારાવાદી પ્રમુખ ત્રિપુરારિશંકરને જ વિધવા પ્રાણકુમારી સાથે લગ્ન કરવાની વિનંતી કરે છે. વિમૂઢ થયેલા પ્રમુખ કંઇ જ જવાબ આપી શકતા નથી. "આર્યવત્સલ" વગેરે વર્તમાનપત્રોમાં તેમના વર્તન અંગે કડક ટીકા થાય છે. આવા અનેક પ્રસંગો દ્વારા લેખક સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે વિચાર, વર્તન અને વકત્તવ્યમાં અનેકગણું અંતર હોય તેવા કેટલાયે દંભી મનુષ્યો આ જગતમાં જીવતા હોય છે. તેમના વિચારો આવેશાનુકૂળ, છીછરા અને તત્કાલીન હોવાને લીધે તેમાં કોઇપણ પ્રકારનું ગાંભીર્ય જોવા મળતું નથી. એ જ કીર્તિલોભી ત્રિપુરારિશંકર, પ્રાણકુમારીની વિધવાપુત્રી લલિતાનું તેનાથી પાંચ વર્ષે નાના ડૉકટર મણિધરરાય સાથે લગ્નનું ચોકઠું ગોઠવતાં મણિધરરાયને કેવી વિકૃત લાલચ આપે છે !

"જો ભાઇ ! હું તો તારા લાભની વાત કહું છું, તેમાં તું નકામો તપી જાય છે. પ્રાણકુમારીની પુત્રી લલિતા સાથે તું પુનર્લગ્ન કરે તો તને થોડો લાભ થાય એમ નથી. જો ! આ દશ હજારની

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ.૫૨

નોટો લઇને પ્રાણકુમારીએ મને મોકલ્યો છે, તે લગ્ન કરવાનું કબૂલ કરે તો આ નોટો તરત જ તારા હાથમાં મૂકવામાં આવશે. જો ! પૈસા મેળવવાનો આવો યોગ ફરી ફરીને આવતો નથી. એક તો તને રૂપૈયાના રૂપૈયા મળશે, અને સુધારાના ઇતિહાસમાં તારું નામ અજરઅમર થઇ જશે. અંગ્રેજી અને ગુજરાતી સર્વ છાપાઓમાં તારી કીર્તિ ગવાશે, એટલું જ નહિ પણ તારો ધંધો બહુ ઉત્તમ પ્રકારે ચાલશે."[1]

આથી સ્વાભાવિક રીતે મણિધરરાય છંછેડાય છે. દૈહિક વાસનાઓને સંતોષવા થતા વિધવાવિવાહની તે વિરુધ્ધ છે. એનાથી વિધવાઓના સર્વપ્રશ્નો હલ થતા નથી. મણિધરરાય તેનું નિરાકરણ કરતાં કહે છે,

"વિધવાઓનાં લગ્ન ન કરવાથી જ દુરાચાર વધે છે એમ માનવું યથાર્થ નથી. દુરાચાર અટકાવવાનો ઉત્તમમાર્ગ તો એ જ છે કે પ્રજામાં ધર્મનું તથા નીતિનું શિક્ષણ વધારવું તથા સ્ત્રીઓ વિધવા ન થાય તે અર્થે બાળલગ્ન બંધ કરવાં."[2]

મણિધરરાય – યોગિનીના ચારિત્ર્યવિશુધ્ધ દામ્પત્યજીવનની પડછે સર્જકે દૂધના ઉભરાની જેમ આવેશમય પ્રવચનો કરતાં ત્રિપુરારિશંકર, સુધારકપ્રવૃત્તિના નામે સુષુપ્ત કામવાસનાને પંપાળતા–પોષતા પ્રાણકુમારી, લલિતાકુમારી વગેરે પાત્રસૃષ્ટિ રચી, સુધારાવાદીઓનાં દંભ અને પોકળતાને ખુલ્લાં પાડયાં છે.

અવિવેકી અંગ્રેજ અમલદાર હેરિસનને ગોઠમડાં ખવડાવતો, અંગ્રેજો પાસે લાકડાનું પાટિયું પકડાવી નિરોધપૂર્વક પ્રેરેલા આંદોલનથી – પરમાણુપૃથક્કરણવિધિથી (Disintegration Process) ચરણ પાસે લાકડાના વહેરનો ઢગલો કરતો, કાંકરો ફેંકી તેનું

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ.૧૧૪

૨. એજન, પૃ.૫૫

નાગ, લાકડી અને અંતે રુદ્રાક્ષમાળામાં રૂપાંતર કરતો તથા હેરિસનની પિસ્તોલના ધડાકા પહેલાં ચતુર્થપરિમાણમાં અદૃશ્ય થતો બાખીબાવા (પ્રતિભાનંદ સરસ્વતી ) ; સંકલ્પબળથી અમેરિકન વેલ્વેટ બી (Velvet beans) નો મનોહર પાંદડાવાળો બે હાથ ઊંચો એક સુંદર વેલો બનાવતો, આકાશતત્ત્વમાંથી ૧૦ શેર વજનવાળો રૂપાનો ગઠ્ઠો તૈયાર કરતો કે જાડા સફેદ કાગળ પર યોગિનીનું સુંદર ચિત્ર દોરતો રમતારામ ; અથવા બારણું બંધ હોવા છતાં અગમ્ય રીતે ઓરડામાં પ્રવેશતો તથા "શાંતિભવન"ના ગુપ્ત ઓરડામાં રહસ્યમય કાર્યવાહી કરતો "અગમ્ય અતિથિ" - આ બધાં પાત્રો રહસ્યમય કથાને વધુ અદ્ભુત ચમત્કારિક કે જાદુઇ પરીકથા જેવી બનાવવા યોજાયાં નથી. પરંતુ યોગ્ય ગુરુના માર્ગદર્શન હેઠળ સતત સાધના બાદ યોગસામર્થ્ય, સંકલ્પબળ, નિરોધ વગેરે દ્વારા અધિકારી સિધ્ધ પુરુષ જગતમાં ગમે તેવા વ્યતિકરો કરી શકે છે, તે કર્તાને ભારપૂર્વક સ્પષ્ટ કરવું છે. અલબત્ત વિશ્વવંદ્ય માસ્તર સાહેબે આ સર્વ પ્રસંગોમાં કડક ચેતવણી આપી છે કે અધિકારી સાધક જગતની દૃષ્ટિએ કહેવાતી આવી સસ્તી પ્રસિધ્ધિ અપાવે તેવી ચમત્કારિક બાબતોમાં પોતાની અમૂલ્ય શક્તિનો દુર્વ્યય નથી કરતો. તે તો ઉચ્ચ પરમપદને પ્રાપ્ત કરવા અવિરત પ્રયત્નો કરતો હોય છે. સિધ્ધપુરુષો વિના પ્રયોજન સામાન્ય જનસમુદાય સમક્ષ પોતાની યોગશક્તિઓનું સસ્તું પ્રદર્શન પણ નથી કરતા. બાખીબાવા આવા વ્યતિકરોને માણિક્યતીર્થ જેવા અધિકારી મુમુક્ષુને મળવાના નિમિત્ત તરીકે પ્રયોજે છે અને તે માણિક્યતીર્થને ચેતવણી પણ આપે છે :

"મેં જે જે ચમત્કારો કર્યાં છે, તે યોગના અનુપમ સામર્થ્ય આગળ મહાસમુદ્ર આગળ એક નાના ખાબોચિયા તુલ્ય છે. તમારા જેવા એ એવા ક્ષુદ્ર પ્રયોગોના કાદવમાં ખરડાઇને મલિન થવાનું પ્રયોજન નથી. તમારે તો ઉત્તરોત્તર સામર્થ્યનો સંચય કરતા, યોગના મહાશિખરે સ્થિર થવાનો પ્રયત્ન જ કરવો ઘટે છે.

શિખરે સ્થિર થયા પછી, ઈચ્છામાં આવે તેમ વિહરવા તમે સ્વતંત્ર છો."[1]

કમનીય કુદરતની વિરાટ શક્તિઓને આજનું વિકસતું વિજ્ઞાન હજુ પણ સંપૂર્ણતયા પામી શક્યું નથી. તેથી કુદરતના સ્વાભાવિક નિયમો ન સમજતાં વિવિધ વ્યતિકરોને આમસમાજ આશ્ચર્ય અને અહોભાવથી નિહાળે છે. પરંતુ અધ્યાત્મશાસ્ત્રના રહસ્યોને જાણનાર સિધ્ધપુરુષ માટે આ બધી સહજ પ્રક્રિયા છે. રમતારામ મણિધરરાયને આ અંગે સમજાવે છે :

"યોગિઓનું ચમત્કાર કરવાનું બળ તેમના સંકલ્પમાં રહેલું છે. વસ્તુતઃ તો યોગિઓ વડે થતા જે વ્યતિકરોને સામાન્ય મનુષ્યો ચમત્કાર ગણે છે તે ચમત્કાર જ નથી. યોગિઓ જે કંઇ કરે છે, તે કુદરતના નિયમો વડે જ કરે છે, પણ તે નિયમોને નહિ જાણનાર મનુષ્ય જ આ વ્યતિકર ચમત્કાર રૂપ છે, એમ ગણે છે. વરાળ વડે તથા વીજળી વડે ચાલતાં વિવિધ યંત્રો, વરાળના તથા વીજળીના નિયમોને નહિ જાણનાર મનુષ્યને આશ્ચર્યરૂપ ભાસે છે, પરન્તુ તેના નિયમો જાણનારને તે સ્વાભાવિક લાગે છે, તેમ યોગીના ચમત્કારો પણ અધ્યાત્મશાસ્ત્રના નિયમો જાણનારને સ્વાભાવિક લાગે છે."[2]

દિવ્યશ્રોત્ર, નિરોધ, સંકલ્પ, યોગબળ વગેરેને કર્તાએ વિજ્ઞાનની સાથે સાથે રહીને સમજાવવાનો સુંદર પ્રયત્ન કર્યો છે, તે નોંધપાત્ર છે. માસ્તર સાહેબ પાશ્ચાત્યકેળવણી પામેલા વિચારક "શિક્ષક" હોવાથી યોગશાસ્ત્રનાં સર્વ રહસ્યોને વૈજ્ઞાનિક ઢબે તથા તાર્કિક દલીલો અને પૌરસ્ત્ય તેમ જ પાશ્ચાત્ય દૃષ્ટાંતોથી સમજાવે છે. આપણે તેમાંથી નમૂનારૂપ ત્રણ-ચાર ઉદાહરણો જોઇશું :

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ.૪૨

૨. એજન, પૃ. ૮૧

૮૧ ; સુરેશ્વરાચાર્યનું મૃત્યુ થયું હોવા છતાં યોગિની તેમની સાથે વાતો કરી શકે છે તથા ગુરુના સંદેશા સરળતાથી ઝીલી શકે છે. આંદોલનની આ અસાધારણ ગજબ શક્તિને તથા "દિવ્યશ્રોત્ર"ને સમજાવતાં તેઓ કહે છે,

"જેમ તારનો સન્દેશો એક સ્થળેથી બીજે સ્થળે લઇ જવા માટે માર્ગમાં તારનાં દોરડાં નાખ્યાં હોય છે, તેમ એક મનુષ્યનો માનસિક સન્દેશો બીજા મનુષ્યને પહોંચાડવા માટે માર્ગમાં આકાશ નામનું તત્ત્વ જેને હાલનું સાયન્સ "ઇથર" કહે છે, તે તારના દોરડારૂપ છે. તાર ઓફિસોમાં સન્દેશો મૂકવા તથા લેવા જેમ એક સોય હોય છે, અને તેને હલાવવાથી જેમ સન્દેશા મુકાય છે તથા ગ્રહણ કરાય છે, તેમ મનુષ્યના માથામાં "પિનિયલ ગ્લેન્ડ" નામની એક માંસલ ગ્રંથિ છે. તેની સાથે "ઇથર"નાં મોજાં અથડાવાથી તે ગતિમાન થાય છે, અને તેથી મનુષ્યને જે સન્દેશો આવ્યો હોય છે તેનું ભાન થાય છે."[1]

૮૨ ; સુરેશ્વરાચાર્યના તત્ત્વપ્રદાતા ગુરુ "અગમ્ય અતિથિ" ઘરના ઓરડામાં કેવી રીતે પ્રવેશી શકયા, તેનો ભૌતિકશાસ્ત્રને સાથે રાખી કર્તા વૈજ્ઞાનિક ખુલાસો આપે છે :

"સ્થૂલ બરફ સૂક્ષ્મ જળરૂપે, જળ અધિક સૂક્ષ્મ વરાળરૂપે અને વરાળ અધિક સૂક્ષ્મ વાયુરૂપે થઇ શકે છે, એ વાતો તમારાં ભૌતિકશાસ્ત્રો સ્વીકારે છે. પરંતુ સ્થૂલ મનુષ્ય પોતાના સંકલ્પબળથી સૂક્ષ્મતાને ધારણ કરવા સમર્થ છે, એ વાતોને તે સ્વીકારી શકતાં નથી ; અને તો પણ અધ્યાત્મશાસ્ત્ર આ અને એ વિના અન્ય અનેક વિષયોનો સ્વીકાર કરે છે. વિવિધ સાધનોથી સંકલ્પબળને જેમણે અત્યન્ત વધાર્યું છે, અર્થાત્ જેઓએ યોગની ક્રિયાથી વૃત્તિનો નિરોધ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું હોય છે તેમને અષ્ટ પ્રકારની સિધ્ધિઓ

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ.૭૧

અર્થાત્ ચમત્કારિક બળ પ્રાપ્ત થાય છે, એવો યોગતત્ત્વવિત પુરુષોનો સ્વાનુભવ છે. આ સિધ્ધિઓ અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિતા અને વશિતા: એવાં અર્થસૂચક નામોથી ઓળખાય છે......આ અષ્ટ સિધ્ધિઓમાં અણિમા નામની સિધ્ધિ વડે કોઇપણ યોગવિત્ પુરુષ ગમે તેવા દુર્ભેદ્ય સ્થાનમાં પ્રવેશ કરી શકવાને સમર્થ હોય છે."[1]

(૩) બાર પોલીસ અને ત્રણ અમલદારની ટુકડીએ છોડેલી ગોળીઓ પણ યોગિનીકુમારીને બિલકુલ અસર ન કરી શકી, બલ્કે તે તેની આગળ ચપટી થઇને નીચે પડી, તેનો યોગિનીકુમારી તાર્કિક અને વૈજ્ઞાનિક ખુલાસો આપે છે :

"તાત્પર્ય એ છે કે જેમ આન્દોલનો ઓછા વેગવાળાં હોય છે, તેમ તે પદાર્થ ઘન હોય છે, અને જેમ આન્દોલનો વધારે વેગવાળાં હોય છે, તેમ તે પદાર્થ સૂક્ષ્મ હોય છે. આ પ્રકારનો નિયમ હોવાથી જ્યાં સુધી મારા શરીરનાં આન્દોલનોનો વેગ બંદુકની ગોળીનાં આન્દોલનોના વેગ કરતાં વધારે હોય છે ત્યાં સુધી બંદુકની ગોળી તેમાં પ્રવેશી શકે છે, પરંતુ બંદુકની ગોળીનાં આન્દોલન કરતાં તેનો વેગ જો ઓછો કરવામાં આવે તો મારું શરીર ગોળી કરતાં વધારે ઘન થવાથી ગોળી તેમાં પ્રવેશી શકે નહિ. આ નિયમનું મને જ્ઞાન હોવાથી તેમ જ આન્દોલનોના વેગને કેવી રીતે ઘટાડવો તથા વધારવો, એ યુક્તિને મેં સિધ્ધ કરેલી હોવાથી જ્યારે મારા ઉપર ગોળી છોડવાનો નિશ્ચય કરવામાં આવ્યો ત્યારે મને સિધ્ધ યુક્તિ વડે મેં મારા શરીરનાં આન્દોલનોનો વેગ ગોળીનાં આન્દોલનોના વેગ કરતાં ઘણો જ ઘટાડી દીધો હતો. આથી નરમ ધાતુને સખત ધાતુની સાથે પછાડવાથી જેમ નરમ ધાતુ ચપટી થાય છે, તેમ ગોળી કરતાં

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ. ૨૧૮

વધારે ઘેન થયેલા મારા શરીર સાથે ગોળીઓ અફડાવાથી તેઓ ચપટી થઇ ગઇ હતી."[1]

(૪) અંગ્રેજ સિવિલ સર્જન પ્રશ્ન પૂછે છે કે તેઓ સંકલ્પબળથી એક ઘાસનું તણખલું પણ કેમ રચી શકતા નથી, ત્યારે સુરેશ્વરાચાર્ય પ્રત્યેક જીવમાં રહેલી વિરાટશક્તિ પ્રતિ અણસારો કરતાં કહે છે :

"તમારો સંકલ્પ પણ સઘળું જ કરવાને સમર્થ છે, પણ તેના બળને તમે દશે દિશાએ વહેતું મૂકી દીધું છે, માટે હાલ તે કશું જ કરવાને સમર્થ ન હોય, એવો દેખાય છે. સૂર્યનાં કિરણોમાં નગરોનાં નગર બાળી નાંખવા જેટલી ઉષ્ણતા છે, પણ તે છુટી છવાઇ થઇને વિખરાઇ જવાથી સૂર્યના તાપથી નિત્ય આગ લાગતી આપણા જોવામાં આવતી નથી. એ જ સૂર્યનાં એક રૂપૈયા જેટલી જગામાં પડતાં કિરણોને કાચમાં જયારે એકાગ્ર કરવામાં આવે છે, ત્યારે તત્કાળ તેમાંથી ઘાસ કે વસ્ત્ર સળગે, એવો અગ્નિ પ્રકટે છે. આ જ રીતે સંકલ્પનું બળ તમને ન જણાવવામાં તેના બળનું વિખરાઇ જવું એ જ કારણ છે."[2]

આવી યોગવિષયક વૈજ્ઞાનિક ચર્ચાઓ પ્રસ્તુત ગ્રંથમાં ઠેરઠેર જોવા મળે છે. નિજાનંદમસ્ત સિધ્ધયોગીઓ લોકૈષણાથી પર રહી, બાહ્યદૃષ્ટિએ વિચિત્ર વર્તન કરતા પાગલ બાવા જેવું પણ અંતરથી બ્રહ્માનંદસ્થિત અલૌકિક જીવન જીવતા હોય છે. તેથી તો ઐશ્વર્યસમૃધ્ધ સર્વશક્તિમાન ખાખીબાવા અવિવેકી હેરીસનને આત્મગૌરવ - ખુમારીથી કહે છે :

"જૈસા તુમારી પાસ લોહકે શસ્ત્રકા સામર્થ્ય હે, ઐસા હમારી પાસ ભી હમારા સંકલ્પબલરૂપ દારુણ શસ્ત્રરૂપ સામર્થ્ય હે.

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ. ૩૮૪

૨. એજન, પૃ. ૪૦૮

તુમ એક દેશકા બાદશાહ હો તો હમ સારી ખલ્કકા બાદશાહ હે. તુમારે મેં તુમારા તુચ્છ ઐશ્વર્યકી ખુમારી હે તો હમારે મેં હમારા અનન્ત ઐશ્વર્યકી ખુમારી હે. તુમારી માફક હમ ચલે તો તુમકો એક ક્ષણમેં નાશ કર ડાલે. પન હમ જાનતે કે બડેકોં ઐસા કરના, વો બડોંકા ભૂષન નહિ હે. આજ જો હમને કીયા સો તુમારે બોધકે લીયે કીયા."[1]

"યોગિનીકુમારી" પ્રગટ થતાં તદન્તર્ગત રસસિધ્ધિની વાતે ગુજરાતના શિક્ષિત સુસંસ્કારી વર્ગમાં જે વિશિષ્ટ હલચલ ઉભી કરી હતી તથા વર્ગના પ્રમુખ પત્ર "મહાકાલ"ની ગ્રાહક સંખ્યા એકદમ વધી ગઇ હતી, તે રસસિધ્ધિશાસ્ત્રની આપણે સ્વલ્પમાં ચર્ચા કરીશું.

સુરેશ્વરાચાર્ય સ્થૂલ દેહ ત્યજતા પહેલાં મણિધરરાયને કેટલીક સૂચનાઓ આપે છે તથા "કર્તવ્યની સૂચનાઓ"નું કવર સાથે "પીળાવસ્ત્રથી બાંધેલી પોથી" પણ આપતા જાય છે. પીળા વસ્ત્રની પોથી એ જ ત્રણ અધ્યાયમાં સાંકેતિક પરિભાષામાં રસસિધ્ધિ-શાસ્ત્રને નિરૂપતો લઘુગ્રંથ છે.

શરીરની સંપૂર્ણ વિશુધ્ધિ કરનાર, વ્યાધિમાત્રને મટાડનાર, આરોગ્યને અર્પનાર, વૃધ્ધાવસ્થાને ટાળનાર, મૃત્યુ ઉપર વિજય મેળવનાર તથા અઢળક ધનદોલત મેળવી આપનાર આ દિવ્યરસ ગમે તે વ્યક્તિને પ્રાપ્ત થતો નથી. તેનાં રહસ્યોને ગોપનીય રાખવા, આથી તેનું વર્ણન પણ આલંકારિક અને સાંકેતિક પરિભાષામાં કરવામાં આવ્યું હોય છે. આ રસવિધા કોઇને શીખવી શકાતી નથી પણ નિ:સ્વાર્થી પરોપકારી અંત:કરણવાળા વિરલ અધિકારી જ સતત સાધનાને અંતે ઇશ્વર અને ગુરુની કૃપાથી સ્વયંભૂ સમજી શકે છે. અનુકૂળ મતિવાળી ધર્મિષ્ઠ પત્ની સાથે આ વિદ્યા પ્રાપ્ત કરવાનો

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૨, પૃ.૩૨

પ્રયત્ન કરવામાં આવે તો અલ્પશ્રમે અને અલ્પકાળે પણ તેની સિધ્ધિ થઇ શકે છે. પરંતુ રસસિધ્ધિ પ્રાપ્ત કરવામાં પરમાત્મા પ્રતિ અડગ શ્રધ્ધાની સાથે સંપૂર્ણ ધૈર્ય અને દૃઢ સંકલ્પની આવશ્યકતા છે.

અનધિકારીને આ વિદ્યા કદી પ્રાપ્ત થતી નથી અને કદાચ જો કોઇ દ્વારા તેને પ્રાપ્ત થાય તો બંને દુઃખદાયક દારુણ અનર્થને પામે છે. શ્રી સુરેશ્વરાચાર્યે પુત્રપ્રેમમાં અંધ બની લક્ષ્મીધરને વિદ્યા આપી, તો પોતે પણ શાપના ભોગ બન્યા અને વ્હાલસોયા પુત્રનું તત્કાળ મૃત્યુ થતાં તેને પણ ગુમાવ્યો.

રસસિધ્ધિ પ્રાપ્ત કરનારને પદાર્થવિજ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન હોવું આવશ્યક છે. વળી તેમાં હજારો યુક્તિઓ તથા અલંકારોથી પદાર્થોનાં નામો ગુપ્ત રાખ્યાં હોવાથી – અને વિશેષતઃ પદાર્થોનું વર્ણન નકારાત્મક હોવાથી – અન્તઃસ્ફુરણા વિના તેનું જ્ઞાન થવું અશકયવત્ છે. "રસસિધ્ધિ"ના પ્રયોગમાં વપરાતા પદાર્થોના સાંકેતિક વર્ણનનો એક નમૂનો જોઇએ :

"રાતા સિંહને અને કન્યાને પાત્રમાં વિધિપૂર્વક સ્થાપ્યા પછી તે ઉભયનું તુમુલ યુધ્ધ ચાલે છે. કન્યા સિંહનાં જડબાં તોડી નાંખે છે અને તેના શરીરમાં મોટા મોટા ચિરાડા પાડે છે, પણ પરિણામે સિંહ કન્યા ઉપર વિજય મેળવે છે. ઇન્દ્રના વ્રજના પ્રહાર કરતાં પણ ગંધક ઉપર પારાના જે પ્રહાર પડે છે, તે અધિક તીક્ષ્ણ હોય છે."[1]

ખુદ આરંભનો સુધારક ડૉકટર મણિધરરાય અનધિકારી હોવાથી આ ગ્રંથમાંથી કશું જ સમજી ન શકવાથી કહે છે,

"ગુરુનો આખો ગ્રન્થ હું વાંચી ગયો, પણ મુદ્દાનો વિષય મને જરા પણ સમજાયો નહિ. રસ શાનો બને છે, એ સંબન્ધીનું વર્ણન તો મને ગુજરાતીમાં લખેલું છતાં જાણે દ્રાવિડી કે કર્ણાટકી ભાષામાં લખ્યું હોય તેવું ભાસ્યું !"[2]

---

૧. "યોગિનીકુમારી" ભાગ ૧, પૃ. ૧૬૪

૨. એજન, પૃ. ૧૭૫

સ્ટીમરમાં માંદા પડતા મણિધરરાયના મુખમાં અજાણી વ્યક્તિએ રેડેલા ઔષધમાં અથવા રમતારામના રૂપાના ગઠ્ઠામાં અથવા મરકી વખતે યોગિનીકુમારીએ દર્દીઓને આપેલા ઔષધમાં ઉપરોક્ત "રસ"નો અંશ હશે, તેમ અનુમાન કરી શકાય. ગુરુકૃપાથી ક્રમશઃ ઉચ્ચ અધિકારને પામતા મણિધરરાય પણ નવલકથાને અંતે રસસિધ્ધિનો જ્ઞાતા બને છે.

"યોગિનીકુમારી" ભાગ ૧ની પ્રસ્તાવનામાં પણ ભારતમાં રસસિધ્ધિ મહાત્માઓ કયા કયા હતા, તેનો સવિસ્તર ખ્યાલ આપ્યો છે. વિજ્ઞાનની દૃષ્ટિએ રસસિધ્ધિ શાસ્ત્રની સત્યતાનો પરિચય કરાવવા મિ.એચ. સ્ટેન્લી રેડગ્રવના 'Alchemy : Ancient & Modern' ગ્રંથમાંથી તેનું અવતરણ, જહોન બેપ્ટિસ્ટ વાન હેલ્માન્ટનો પ્રયોગ, જહોન ફ્રેડરિક હેલ્વેશિયસ નામના વૈજ્ઞાનિકનો સિધ્ધપુરુષ આર્ટિસ્ટ એલિઆસ સાથે આના અંગે ઉપસ્થિત થયેલો પ્રસંગ વગેરેની પણ વિસ્તૃત ચર્ચા કરી છે. "યોગિનીકુમારી" નવલકથામાં ઇટલીના કેલીડ તથા રસસિધ્ધિ પણ નિઃસ્પૃહી સિધ્ધપુરુષ મોરીનનો પણ પ્રસંગ વર્ણવ્યો છે. આમ રસવિદ્યાને અધ્યાત્મવિદ્યા અને વિજ્ઞાનશાસ્ત્રના દૃષ્ટિકોણથી વિભિન્ન મતો દ્વારા ચર્ચીને કર્તાએ તેની સત્યતા સાબિત કરવા સમર્થ સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે.

કેટલાક લોકો આ રસવિદ્યાને માત્ર ભૌતિક સુખો આપનારી અને રાતોરાત ધનાઢ્ય બનાવનારી સ્થૂલ પ્રકારની માની-સમજી ઉપાસે છે, તે યથાર્થ નથી. શ્રી યશોધર મહેતા આ અંગે પ્રકાશ પાડતાં જણાવે છે :

"યોગિનીકુમારીમાં "પીળી પોથી"માં સોનું કેવી રીતે બનાવવું એવી વાતો છે એમ માનીને એ પુસ્તક મોટાભાગના લોકો વાંચે છે. છોટાલાલ માસ્તર આવી સ્થૂલ રસવિદ્યા તરફ ખેંચાયા હતા એવું મને લાગતું નથી. દેહનું નવીનીકરણ, મનનું નવીનીકરણ,

વૃત્તિઓનું શુધ્ધિકરણ, મનોબળથી દૂર દૂર મૂક સંદેશાઓનું સંચારણ, સંકલ્પથી વ્યાધિનું શમન, ઇત્યાદિ ઘણી અજાયબી ભરેલી બાબતોમાં છોટાલાલ માસ્તરને વિશ્વાસ હતો. એમની બુધ્ધિ નવી નવી વસ્તુઓ જાણવા, સમજવા તથા અજમાવવા હંમેશા તત્પર રહેતી."[1]

સંકલ્પબળ, યોગબળ, નિરોધશક્તિ, અધિકારભેદ, રસસિધ્ધિશાસ્ત્ર વગેરે અધ્યાત્મવિષયક ચર્ચા કરતી પ્રસ્તુત નવલકથા હોવા છતાં આશ્ચર્યની અને આનંદની વાત તો એ છે કે તેની પ્રસંગયોજના અત્યંત સુશ્લિષ્ટ અને પૂર્વયોજિત છે. કુશળ શિલ્પીની સૌષ્ઠવપૂર્ણ મનોહર શિલ્પાકૃતિ પરથી ધીમે ધીમે આવરણ સરકતું જાય અને અંગેઅંગનું આકાર સૌષ્ઠવ અને સૌન્દર્ય રસજ્ઞ દૃષ્ટાઓને ક્રમશઃ દૃષ્ટિગોચર થતું જાય તેમ નવલકથાના અનેકવિધ રહસ્યપ્રસંગો પરનું આવરણ યથાયોગ્ય સ્થાને-ક્રમે દૂર થતું જાય છે અને પ્રત્યેક પ્રસંગ તેના અંતઃસૌન્દર્યને લઇને આસ્વાદ્ય બને છે. "યોગિનીકુમારી"ની સુશ્લિષ્ટ વસ્તુસંકલનાથી પ્રભાવિત થઇને જાણીતા કવિ વિવેચક શ્રી બળવંતરાય ક.ઠાકોર પણ પ્રશંસાનાં પુષ્પો વેરતાં અચકાયા નથી :-

"I did not expect the author to have produced a book so carefully planned even as to the order of the chapters and the topics dealt with in each. You know our ancient and mediaeval cave-temples and cave-viharas architecture. The whole is first formed in the mind of the master-builder, complete in each part, only the surface decorations and colouring being left to the last. And an appropriate hill-side is selected and the image as planned entire in the mind of the master-builder carved out of that. - - - - -

---

૧. શ્રી યશોધર મહેતા, "ગુજરાત સમાચાર" : અગમનિગમ, શનિવાર, તા.૨૭મી ઓકટોબર, ૧૯૬૨.

- - - - - - - - - - - - - - - - - - Chhotalal Master has also worked at his theme, a tiny one compared to a rock-temple, in the same way and in the same spirit. I did not expect this at all. It's not a novel in any ordinary or accepted sense."[1]

વળી, હરિહરરાય, મણિધરરાય વગેરે પાત્રોમાં કર્તાશ્રીનો આત્મવૃત્તિ સહજ રીતે વણાઇ ગયેલો હોવાથી તેમ જ વિશેષતઃ પ્રકરણ ૧૭ "શ્રીમન્નૃસિંહાચાર્ય"માં તેઓશ્રીના ઈષ્ટ ઉપાસ્ય ગુરુની મહત્તાનો અને વર્ગની વિશેષતાનો વિગતે ઉલ્લેખ થયેલો હોવાથી, સમગ્ર નવલકથા એક શ્રધ્ધેય, વિશ્વસનીય સત્યઘટનાનું જ આલેખન હોય તેમ જણાય છે. સાવિત્રીબાઇ એ (નવલકથામાં) "શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ની સાધક હોવાથી "ચારિત્ર્યમંદિર" માંના વિદ્યાર્થીઓની જેમ યોગિનીનું પણ સર્વતોમુખી ધર્માભિમુખ સંસ્કારઘડતર કરે એમાં આશ્ચર્ય જેવું લાગતું નથી. શરૂઆતમાં "ગુર્જરોધ્ધારક સમાજ", "પ્રાર્થનાસમાજ" વગેરેથી અંજાયેલા[2] અને

---

૧. વધુ માટે જુઓ પરિશિષ્ટ ૩

૨. "અમારા નગરમાં ભરાતી પ્રત્યેક સભામાં અમે સાથે જતા, અને ગાઢ પરિચયથી અમારા ઉભયના વિચાર લગભગ એકસરખા હતા. સુધારાના સ્તંભરૂપ ગણાતા રા. રા. મહીપતરામભાઇને તથા રા. રા. ભોળાનાથભાઇને અમે ગુરુ જેવા માનતા, તથા પ્રત્યેક વિષયમાં તેમનું અનુકરણ કરતા. પ્રાર્થનાસમાજમાં અમે પ્રત્યેક રવિવારે સાથે જતા, અને ત્યાં થતી ઇશ્વરસ્તુતિમાં ખરા મનથી ભાગ લેતા." ("યોગિનીકુમારી" ભાગ ૧, પૃ. ૧૯૨).

પછીથી શ્રીમન્નૃસિંહાચાર્યની તેજસ્વી પ્રતિભાથી પ્રસન્નતા અને શાંતિ અનુભવતા[1] માસ્તર સાહેબ તે તે પ્રસંગોનો ઈશારો પણ મણિધરરાય અને હરિહરરાયનાં પાત્રો દ્વારા કરતા જાય છે. જીવનના પ્રસંગોનું જ મહદ્‌અંશે અપરોક્ષ પ્રતિબિંબ પડ્યું હોવાથી નવલકથા સચ્ચાઇની અનુભૂતિ પર લખાઇ હોવાની વાચકોને સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

માસ્તર સાહેબને "યોગિનીકુમારી" નવલકથા લખવાની પ્રેરણા ભલે અંગ્રેજી ગ્રંથ 'Mata the Majician' માંથી મળી હોય, પરંતુ "રસસિધ્ધિશાસ્ત્ર"ના પ્રથમ વિભાગનાં શરૂઆતનાં પ્રકરણો બાદ કરતાં, સમગ્ર નવલકથાની રચના મૌલિક હોય તેમ જણાય છે. મૂળગ્રંથમાં અમેરિકામાં નૂતનવિચારની ચમત્કૃતિ ઉભી કરવા કર્તાએ રસસિધ્ધિ (Alchemy) નો ઉલ્લેખ કરેલો છે. વિશ્વવંદ્ય માસ્તર સાહેબે ભારતીય સનાતન અધ્યાત્મભૂમિકા પર તે સર્વ પ્રસંગોનું કુશળતાથી કલાત્મક સંવિધાન કરેલું છે. તદુપરાંત સદ્‌ગુરુની કૃપાથી માસ્તરસાહેબને સિધ્ધપદ પ્રાપ્ત કરતાં કરતાં જેનું ચમત્કારિક રહસ્ય સમજાયું છે તેવાં નિરોધ, સંકલ્પબળ કે યોગશક્તિ વગેરેની તેમણે શાસ્ત્રીય ચર્ચા કરી છે. ચમત્કાર, જાદુ વગેરે અદ્‌ભુતતત્ત્વોને વણી લેતી પરીકથા જેવી નવલકથા આપણને સાહિત્યમાં જોવા મળશે પરંતુ એવા અલૌકિક અદ્‌ભુત વિવિધ વ્યતિકરો, અધ્યાત્મવિદ્યાનું સહજ-સામાન્ય પરિણામ છે, તેવું વૈજ્ઞાનિક ઢબે પ્રતિપાદન કરતી ગુજરાતી સાહિત્યની આ સૌ પ્રથમ નવલકથા છે, એમ મારું માનવું છે.

---

૧. "પણ એક પ્રસંગે મારા તે મિત્રોએ મને અત્યન્ત આગ્રહ કર્યો, અને બળાત્કારથી તેઓ મને શ્રીનૃસિંહાચાર્યજી પાસે તેડી ગયા. મણિધરરાય આ મહાપુરુષનું દર્શન થતાં જ મારી મતિનું જાડ્ય તત્કાળ નિવૃત્ત થઇ ગયું. તેમની અસાધારણ પ્રતાપમય ભવ્ય મુખમુદ્રા, નિઃસીમ જ્ઞાન તથા હૃદયંગમ મનોહારિણી અમૃતમય વાણીથી મારી અલ્પ સમયમાં જ ખાતરી થઇ કે મિ. લલ્લુભાઇ તથા મિ. કાટાવાળા જેવા બુધ્ધિમાન વિદ્વાનોએ લેશ પણ તપાસ કર્યા વિના શ્રીનૃસિંહાચાર્યજી સંબંધમાં અભિપ્રાય બાંધવામાં ભારે ભૂલ કરી છે." ("યોગિનીકુમારી" ભાગ ૧ પ. ૨૦૦ )

અલબત્ત, આ પહેલાં શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ ગુપ્તવિદ્યાની ચર્ચા "ગુલાબસિંહ" નવલકથામાં કરેલી છે. "યોગિનીકુમારી" નવલકથા સૌ પ્રથમ "મહાકાલ"માં સં. ૧૯૬૦ (ઇ.સ.૧૯૦૪)ના વર્ષથી પ્રકટ થાય છે અને તેનો છેલ્લો હપ્તો સં. ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧)ના ભાદ્રપદ માસના અંકમાં જોવા મળે છે. પરંતુ માસ્તરસાહેબનું સં. ૧૯૬૮ના માર્ગશીર્ષ માસમાં દેહાવસાન થતાં, તે કૃતિ કમનસીબે અપૂર્ણ જ રહે છે; જ્યારે "ગુલાબસિંહ" નવલકથા ઇ.સં.૧૮૮૫માં ઓગસ્ટ માસમાં "પ્રિયંવદા"માં પ્રગટ થવા માંડે છે. તે રીતે કાલાનુક્રમે "ગુલાબસિંહ" નવલકથા "યોગિનીકુમારી"ની પુરોગામી હોવા છતાં, તે લોર્ડ લિટન કૃત "ઝેનોની" નામની અંગ્રેજી નવલકથાનું રૂપાંતર હોવાથી મૌલિક કૃતિ તરીકે તેનું મૂલ્ય ઘટી જાય છે.

સાત તરંગમાં વહેંચાયેલી "ગુલાબસિંહ" નવલકથામાં ગુરુ મત્સ્યેન્દ્ર, ગુલાબસિંહ, પૂર્વજોની પેઢીનો અધિકાર જોઇ ગુપ્તવિદ્યા સમજવામાં લાલાને સહાયભૂત થતું સિધ્ધમંડળ, ગુપ્તવિદ્યા ગોપનીય રાખવા સિધ્ધમંડળે કરેલી યુક્તિઓ,[1] લાલો, લાલાની

---

૧. "પૂર્વકાળમાં અમારા સમાજના લોકોને સત્ય વાત ગુપ્ત રાખવા માટે ઘણા આડાઅવળા રસ્તા લેવા પડયા છે; અને ચતુર કીમિયાગર કે વિદગ્ધ રસાયણ કરનાર રૂપે અમે જાદુગરને નામે વગોવાયા છીએ. કિંબહુના પુરાણકથા વગેરેની વિવિધ રચનાઓથી પણ અમારે એ વાત છુપાવવી પડી છે ને એમ અમે વહેમને વધારનારા કુધારાવાળા ગણાયા છીએ. પણ એમ કર્યા વિના સિધ્ધિ ન હતી ને હજી પણ નથી, એ હું તને સમજાવી ચૂકયો છું." ("ગુલાબસિંહ", તરંગ ચોથો, પૃ. ૨૨૯)

તારા ઉપર ધારણા,[1] તરંગ ૬માં "અમૃતનું ટીપું" પ્રકરણમાં નાની શીશીમાંથી લેપ કરતા રમાને દેખાતાં ચમત્કારિક દૃશ્યો.....વગેરે ગુપ્તવિદ્યા કે રસવિદ્યાને લગતા પ્રસંગોમાં "યોગિની કુમારી" નવલકથા સાથે સાદૃશ્ય દેખાય તે સ્વાભાવિક છે. ચૌદમી સદીમાં સ્થપાયેલ રોસીક્રુશિયન સંઘ અને તેના ગુપ્તવિદ્યાના પ્રયોગો મૂળ "ઝેનોની" કૃતિમાં ગૂંથાયેલા હોવાથી અભેદમાર્ગના પ્રવાસી મણિલાલને તેમાં અદ્વૈતભાવનાની વિચારસરણી નિકટવર્તી લાગતાં આ ગ્રંથનું રૂપાંતર કરવા લલચાયા હોય, તેમ અનુમાન કરી શકાય છે.

"ગુલાબસિંહ"ની ચર્ચા કરતાં ડૉ.ધીરુભાઇ ઠાકર એક સ્થળે કહે છે :

"સસ્તા રંજનને લક્ષતી, જીવનની સપાટી ઉપર જ ઘણુંખરું ફરીને કેવળ સ્થૂળ વૃત્તિઓને ઉત્તેજતી પ્રસંગપ્રધાન નવલકથાઓના આધુનિક સમયમાં પણ ઉચ્ચપ્રતિની નવલ માટે ઘણુંખરું આપણે એ જ્ઞાનમાર્ગી કૃતિઓ તરફ આંગળી ચીંધવી પડે છે. આ દૃષ્ટિએ, "સરસ્વતીચંદ્ર"ની સાથે "ગુલાબસિંહ"નું પણ આપણા સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ગણાવું જોઇએ. વળી, ગુપ્તવિદ્યાની નવલકથા તરીકે પણ એ કૃતિ અપૂર્વ છે. શ્રેયસ્સાધક અધિકારી વર્ગના "વિશ્વવંદ્ય" છોટાલાલ માસ્તર કૃત "યોગિની કુમારી" સિવાય આ વિષયની ભાગ્યે જ બીજી કોઇ નવલકથા ગુજરાતીમાં મળી આવશે. આમ, બધી રીતે વિચાર કરીએ તો જણાશે કે

---

૧. "ઉપદેશનો પ્રથમ ક્રમ ધારણાથી સવિકલ્પ સમાધિ પર્યંતનો છે. સિદ્ધિમાત્રનો આરંભ સ્વપ્નથી જ થાય છે. સ્વપ્ન દ્વારા જ આત્મા આત્માના યોગનો ભાસ થાય છે ને આ રીતે જે ગુપ્ત સૂક્ષ્મસૃષ્ટિ છે તેનો સંબંધ સંભવે છે. પેલા તારા ઉપર સ્થિરવૃત્તિથી જોઇ લે." ("ગુલાબસિંહ", તરંગ ચોથો, પૃ.૨૨૧)

"ગુલાબસિંહ" દ્વારા મણિલાલે કેવળ પોતાના ધ્યેયને જ સાધ્યું નથી, પણ ગુજરાતી સાહિત્યમાં એક સમર્થ ભાષાંતર કૃતિ અને અનોખી નવલકથાનો પણ ઉમેરો કર્યો છે."[1]

પરંતુ "યોગિનીકુમારી" નવલકથા તો આર્યધર્મસંસ્કૃતિના સનાતન પાયા ઉપર જ રચાયેલી અધ્યાત્મવિષયક નવલકથા છે. તેમાંય અગાઉ આપણે જોઇ ગયા તે પ્રમાણે નિરોધ, યોગ, સંકલ્પ, દિવ્ય શ્રોત્ર વગેરે વિશે યથાયોગ્ય સ્થાને થયેલી ચર્ચા અત્યંત મૌલિક અને તાર્કિક હોવા છતાં આર્યધર્મને આનુષંગિક છે. આવા વૈજ્ઞાનિક અભિગમને લીધે "યોગિનીકુમારી" નવલકથા આ વિષયમાં આગવું અને અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત નવલકથામાં આત્મકથનાત્મક પ્રસંગો આલેખતો મણિધરરાય અગમ્ય સંકેતાનુસાર છેલ્લું પ્રકરણ પોતે લખી શકતો નથી ( – પરંતુ યોગિનીકુમારી પોતે જ પ્રસંગો બનતા પહેલા લખી નાખે છે – ), તેમ વિશ્વવંદ્ય માસ્તરસાહેબ પણ "યોગિનીકુમારી"ના દ્વિતીય ભાગને સંપૂર્ણ કરી શકયા નથી ; અને આમ આ નવલકથા, તેમના સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના અનેક ગ્રંથોની માફક અપૂર્ણ જ રહેવા પામી છે.

<u>ગદ્ય : તત્ત્વચર્ચા :–</u>

"મહાકાલ"માં સચવાયેલું માસ્તર સાહેબનું ગદ્ય સાહિત્ય પૃષ્ઠસંખ્યાની દૃષ્ટિએ વિપુલ હોવાની સાથે ગુણવત્તાની દૃષ્ટિએ પણ તેટલું જ માતબર અને નોંધપાત્ર છે. શ્રીનૃસિંહપ્રકાશનમાળાની દશથી બાર ગ્રંથોની હેતુલક્ષી અભિનંદનીય યોજના મુજબ સાધકબંધુ

---

૧. ડૉ. ધીરુભાઇ ઠાકર, "મણિલાલ નભુભાઇ : સાહિત્યસાધના", પૃ. ૨૩૨.

ડૉકટર જગન્નાથ પૂજાલાલે, તેના પ્રથમ બે મણકાઓ - (૧) વિશ્વવંદ્ય કિરણાવલી - પ્રથમ કિરણ (૨) વિશ્વવંદ્ય કિરણાવલિ - દ્વિતીય કિરણ - ઉપરાંત (૩) વિચાર રત્નરાશિ (૪) પ્રાસંગિક ઉક્તિઓ અને સુહૃત્પુષ્પાંજલિ (૫) આત્મબલ (૬) પરિમલ અને પરિચય વગેરે ગ્રંથપ્રકાશનો દ્વારા માસ્તરસાહેબના વિશાળ વૈવિધ્યપૂર્ણ સત્ત્વશાળી સાહિત્યમાંથી પ્રસાદી રૂપ સર્વોત્કૃષ્ટ સાહિત્ય ગુજરાતની ધર્માભિમુખ જિજ્ઞાસુ જનતાને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી સંકલન-સંપાદનની શુભ પ્રવૃત્તિ કરીને, ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી છે.

વિવિધ વિષયોની સરળ લોકગમ્ય ભાષામાં વૈજ્ઞાનિક ઢબે થયેલી તત્ત્વચર્ચાને લક્ષમાં રાખી, આપણે માસ્તરસાહેબના સમગ્ર ગદ્યસાહિત્યનું ઊડતી નજરે વિહંગાવલોકન કરીશું.

"શ્રેયસ્સાધકઅધિકારી વર્ગ એ શું છે ?" નામની લઘુપુસ્તિકામાં પ્રશ્નોત્તરરૂપે વિશ્વવંદ્યે કરેલા ખુલાસામાં વર્ગના સ્વરૂપનો તથા વર્ગની આમજનતા પર પડેલી છાપનો સ્પષ્ટ ખ્યાલ વર્તાઇ આવે છે. વર્ગના પ્રમુખ સિધ્ધાન્તો, વર્ગપ્રવેશવિધિ, વર્ગના આદ્યસંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજી અને દ્વિતીય આચાર્ય શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી, તથા તેઓને શ્રધ્ધાપૂર્વક પ્રપન્નભાવે ઈશ્વરનો અવતાર માનતા સાધકો, વર્ગની બિનસાંપ્રદાયિકતા, વિવિધ ઉત્સવો, વર્ગના વિદ્વાન સાધકો દ્વારા ચાલતાં માસિકો વગેરે અંગેની માહિતી ઉપરાંત વર્ગ તેમ જ વિશ્વવંદ્યેના મૂર્તિપૂજા, વિધવાવિવાહ, લગ્નવય, સ્ત્રીશિક્ષણ, શ્રાધ્ધ, પરદેશગમન વગેરે વિશેના સ્પષ્ટ, તર્કશુધ્ધ અને ઉચ્ચ આદર્શરૂપ વિચારોથી સામાન્ય પૃથક્જનને શ્રેયસ્સાધક-અધિકારી વર્ગ એ કેવા પ્રકારની સંસ્થા છે એનો સર્વસામાન્ય ખ્યાલ આવી શકે તેમ છે. આચાર્યશ્રીએ પ્રબોધેલ વિવિધ સાધનાક્રમથી સાધકોનો થતો વિકાસ, તેથી થતા વિવિધ અવર્ણનીય લાભો

તથા સદ્ગુરુકૃપાથી અંતે પરમપદને પ્રાપ્ત કરતા વિરલ સાધકોને થતી દિવ્યાનંદાનુભૂતિ વગેરે વિષયોને વર્ણવવા શબ્દનું માધ્યમ પણ દુર્બળ કે અશક્ત હોવાથી, તથા તે આત્માનુભવનો જ વિષય હોવાથી, માસ્તરસાહેબ વિવેકપૂર્વક તે વિષયોને સ્પર્શતા નથી. વર્ગની સર્વશ્રેષ્ઠ સાધક શિરોમણિ અધિકારી વ્યક્તિએ વર્ગવિષયક માહિતી આપી હોવાથી સામાન્ય જિજ્ઞાસુ જનસમુદાય માટે તથા પ્રારંભક-પ્રવેશક સાધકસમુદાય માટે આ પુસ્તિકા શ્રધ્ધેય માર્ગદર્શિકા સમી મૂલ્યવાન નીવડી છે.

સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના દેહવિલય પછી એકલે હાથે વર્ગનું તથા "મહાકાલ" માસિકનું પ્રસન્નતાપૂર્વક સફળ સંચાલન કરનાર તથા ઉપદેષ્ટા બાપજીશ્રીના સિધ્ધાન્તોનું જીવનમાં પણ નિર્વહણ કરનાર શ્રીમાન્ વિશ્વવંદ્ય કેવળ અધ્યાત્મના પ્રદેશમાં જ ઉડ્ડયન કરનારા ગગનવિહારી નહોતા. તેમની સર્વસ્પર્શી ગુણગ્રાહક જીવનદૃષ્ટિ મુખ્યત્વે અધ્યાત્મને કેન્દ્રમાં રાખીને, અધ્યાત્મ-બલપ્રેરક અને પોષક વિવિધ વિષયોનાં વર્તુળો પર રસભરી નજરથી ફરી વળતી હતી. વિસ્મયની વાત જ એ છે કે વેદાન્તવિચારના પ્રચારક આ સાધુએ, સંસારને સાચા અર્થમાં સ્વીકારવાનો સદ્બોધ તેમના સાહિત્યમાં વહાવ્યો છે. વૃત્તિ, વિચાર, વાણી અને વર્તનના વિશુધ્ધ વ્યવહાર તથા સામંજસ્યના સિધ્ધાન્તને ડગલે અને પગલે કેવી રીતે અમલમાં મૂકી, મુમુક્ષુપદના પંથમાં ઝડપી પ્રગતિ સાધી શકાય, એ માનવમાત્રના કલ્યાણના વિષયને તેમણે માનસ-શાસ્ત્રીય છતાં સરળ અને રસપ્રદશૈલીમાં જુદી જુદી રીતે ચર્ચ્યાં છે. આથી શ્રેયસ્ની સાધનામાં તેમણે પ્રેયસ્ની અવહેલના કરી નથી. સૂક્ષ્મતમ આમુષ્મિક તત્ત્વવિચારણામાં તેમણે સ્થૂલ ઐહિક ગણાતા આહાર-વિહારના વિષયોને ગૌણ ગણ્યા નથી. પ્રાણનો પાયો સુદૃઢ હોય તો જ અધ્યાત્મની ઇમારત સંગીન બની શકે એ દૃષ્ટિથી તેમનાં લખાણોમાં આહાર, મિતાહાર, ઉપવાસ આદિ ઉપચારવિધિની શાસ્ત્રીયરીતે પણ લોકભોગ્ય ભાષામાં વિસ્તૃત પર્યેષણા કરી છે.

"આહારોપચાર", "ઉપવાસોપચાર", "પૂર્ણ આરોગ્યયુક્ત સો વર્ષનું આયુષ્ ભોગવવાનો ઉપાય" વગેરે લેખોમાં માસ્તરસાહેબ આયુર્વેદના અતિપ્રચલિત સિધ્ધાન્તોનું જ પુનરુચ્ચારણ કરતાં જણાવે છે કે, મોટાભાગના રોગો ખાનપાનની અસ્વાભાવિક કુટેવોમાંથી ઉત્પન્ન થાય છે. જીભના ચટકા પ્રમાણે ખાવાની કુટેવ પડી હોવાથી ૧૪૫° થી ૨૧૨° ડીગ્રી સુધીના તાપમાં રંધાઇને પોષકતત્ત્વહીન બનેલા સ્વાદિષ્ટ તમતમતા પદાર્થોનું મોટાભાગના લોકો સેવન કરે છે તેથી, અથવા બદામ, કાજુ વગેરે બીજરૂપ મેવો, ફળ, અનાજ, શાક વગેરે કુદરતી આહારના પદાર્થો ગ્રહણ કરવાને બદલે કેટલાક તો વિષરૂપ માંસ ખાતા પણ અચકાતા નથી તેથી, તેમ જ શાસ્ત્રીય આહારગ્રહણની કલાથી અનભિજ્ઞ હોવાથી તેઓ દુઃસાધ્ય કષ્ટપ્રદ રોગોના ભોગ થઇ પડે છે અને દીર્ઘ આયુષ્યનો ક્ષય કરે છે.

ડૉ. વાયલી, હિરોડોટસ, ડૉ. કુવિયર, ડૉ. કાર્પેન્ટર, ડૉ. ડયુઇ વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોના વિવિધ મતો ટાંકી કતાં અતિસામાન્ય – છતાં મહત્ત્વના મુદ્દાની ગંભીરતાપૂર્વક રજૂઆત કરે છે કે તંદુરસ્ત મનુષ્યે દિવસમાં માત્ર બે જ વાર સ્વસ્થતાથી અને શાંતિથી પ્રત્યેક ગ્રાસને ચાવી ચાવીને રસ બનાવી જમવું જોઇએ. આજના ધમાલિયા યુગની અધીરી–ઉતાવળી પ્રજા પર માર્મિક ટકોર કરતાં તેઓ કહે છે,

"શાસ્ત્રીય આહારગ્રહણ એ પૂર્ણ આરોગ્યનો તથા નૈતિક સુધારાનો પાયો છે. સ્વાભાવિક ખાવું કોને કહે છે અને અકરાંતીયાપણું કોને કહે છે, તે વિષે આખું જગત મોટેભાગે અજ્ઞાન છે. પ્રજામાં જયારે દારૂનો અટલ વ્યસની એક મળી આવે છે, ત્યારે અકરાંતીયા થઇને ખાવાના અટલ વ્યસનીઓ દશ લાખ મળી આવે છે."[૧]

---

૧. "વિશ્વવંદ્ય કિરણાવલી", પ્રથમ કિરણ, પૃ. ૧૬૭

ખાનપાનમાં વિવેક ચૂકવાથી વ્યાધિ થતાં રોગનિવૃત્તિ માટે વિવિધ આહારનો સંપૂર્ણ ત્યાગ કરી ખલેલ વગરની નિદ્રા લેવા માટેનો પ્રયત્ન કરવો જોઇએ. સ્વસ્થ નિદ્રા (Sound sleep) સામર્થ્ય અને શક્તિની જનેતા છે. ખોરાક તો માત્ર શરીર રચનાર નિમિત્તરૂપ સાધન છે. મનુષ્ય જયારે જયારે અન્ન ગ્રહણ કરે છે, ત્યારે ત્યારે તે અન્નની સંપૂર્ણ સંભાળ રાખવામાં, પચાવવામાં, તેનું ત્યારબાદ ધાતુમાં પરિવર્તન કરવામાં જીવનતત્ત્વની મોટાભાગની શક્તિ ખરચાઇ જાય છે. તેથી જ ડૉકટરો માંદા મનુષ્યોને વધુ નિદ્રા લેવાની અને ઓછું ખાવાની વારંવાર સલાહ આપે છે.

આવે સમયે ઉપવાસ એ ભીતરની વિશ્રાંતિ હોવાથી, જો ઉપવાસોપચાર કરવામાં આવે તો જીવનતત્ત્વની મોટાભાગની શક્તિ વેડફાઇ ન જતાં સુરક્ષિત રહે તથા શરીરમાં ભેગા થયેલા મળના થરને સરળતાથી બાળી શકે. પશ્ચિમના વિદ્વાનો ડૉ. ડયુઇ, ડૉ. હેનિશ, એડગર વોલેસ, કોનેબલ, એડવર્ડ પ્યુરિન્ટન વગેરેના ઉપવાસ અંગેના પ્રયોગો તથા ફલનો પરિચય કરાવી, લેખક વિધિપૂર્વક કરવાનો તેમ જ પધ્ધતિપૂર્વક છોડવાનો યથાર્થ ઉપવાસવિધિ વર્ણવે છે.

અકરાંતિયા થઇને વધુ ખાવાથી બલિષ્ઠ અને પુષ્ટ થવાય છે તથા અલ્પ આહાર કરવાથી નિર્બળ અને નિર્વીર્ય થવાય છે, એ મત ગેરરસ્તે દોરનારો ભ્રામક છે. કર્તા તેનું વૈજ્ઞાનિક ઢબે નિરસન કરતાં જણાવે છે :

"વૃધ્ધ મનુષ્યો કરતાં તરુણ મનુષ્યો અધિક આહાર બહુ કરીને ગ્રહણ કરે છે, તેનું કારણ તેઓના શરીરના પોષણ માટે તેમને વધારે આહારની આવશ્યકતા હોય છે, એ નથી, પણ અધિક ગ્રહણ કરેલા આહારને પચાવવાની તથા અધિક થતા મળને

કાઢી નાંખવાની તેમનામાં શક્તિ હોય છે. શરીરના સામર્થ્યની ક્ષીણતા સાથે વૃધ્ધ મનુષ્યોને સમજાય છે કે અધિક આહારને નિર્ભયપણે ગ્રહણ કરવાની તેઓનામાં હવે શક્તિ નથી અને તેઓને વળી અનુભવથી જણાય છે કે અધિક આહારની તેઓને આવશ્યકતા પણ નથી."[1]

કોઇપણ મનુષ્ય વિવેકપૂર્વક સાત્વિક આહાર શાસ્ત્રીય રીતે ગ્રહણ કરે તો સો વર્ષનું દીર્ઘ આયુષ્ય આજના કળિયુગમાં પણ જીવી શકે.

માસ્તરસાહેબ નૃસિંહાશ્રમના નમ્રસેવક-સાધક હોવા છતાં શાળામાંના વિદ્યાર્થીઓના તથા વર્ગના અનેકવિધ વિભિન્ન અધિકારવાળા પ્રારંભક સાધકોના માર્ગદર્શક શિક્ષક હતા. શિક્ષણના વ્યવસાય દરમ્યાન કેટલાયે વિદ્યાર્થીઓનાં માંદલા રોગગ્રસ્ત અશક્ત તન-મન જોઇને તેઓ ઊંડો વ્યથાપૂર્ણ નિશ્વાસ મૂકતા. પોતે પણ કેટલાંયે વર્ષોથી દમના વ્યાધિથી પીડાતા હતા. પરંતુ આચાર્યશ્રીની કૃપાથી, તેઓની જ (આચાર્યશ્રીની) મનનીય પંક્તિ - "જો જીતો તો મનરિપુ એક જ જીતો" -ને જીવનમાં ચરિતાર્થ કરી બતાવી, તેઓ દૃઢ મનોબળવાળા શ્રેષ્ઠ સાધક બની શક્યા હતા તથા સ્થૂળ દૃષ્ટિએ દુર્બળ પણ તાત્ત્વિક દૃષ્ટિએ મજબૂત-મક્કમ સ્વચ્છ-સ્વસ્થ શરીરરૂપી પવિત્ર મંદિરમાં પરમાત્માસ્વરૂપ ચિતિશક્તિને પધરાવી શક્યા હતા. પરંતુ સુદૃઢ શરીરના આગ્રહી માસ્તરસાહેબે, વિદ્યાર્થીઓ પણ સુંદર સૌષ્ઠવપૂર્ણ તંદુરસ્ત શરીરવાળા થાય તે અર્થે "વિદ્યાર્થીનો સાચો મિત્ર", "દુગ્ધોપચાર", "બંધકોશનો ઉપાય", "બ્રહ્મચર્ય", "રોગ ટાળવાના ઉપાયો", "શ્વસનક્રિયા કેવી રીતે કરવી ?",

---

૧. "વિ. કિ.", દ્વિતીય કિરણ, પૃ. ૩૧૯

"પ્લેગથી બચવાનો કોઇ ઉપાય નથી શું ?" વગેરે આરોગ્યવિષયક અભ્યાસપૂર્ણ નાની નાની પુસ્તિકાઓ "લોકપ્રિય લઘુલેખમાળા"માં પ્રગટ કરી છે. વ્યાધિનિવારણ અર્થે માસ્તરસાહેબે તેમાં પણ નિસર્ગોપચાર અથવા જલોપચારના વિવિધ બિનહાનિકારક નુસ્ખા સૂચવ્યા છે.

પરંતુ માનસશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યાના પ્રચલિત-પ્રતિષ્ઠિત સિધ્ધાન્તોને કેન્દ્રમાં રાખી વિવિધ વ્યાધિને દૂર કરવા-હઠાવવા માસ્તર સાહેબે દર્શાવેલો "માનસોપચાર"નો વિધિ આરોગ્યવિષયક લેખમાળામાં વાચકોનું ખાસ ધ્યાન ખેંચે છે.

પશુ, પંખી, પ્રાણી વગેરેથી ચમત્કારિક બુધ્ધિતત્ત્વને લીધે વિભિન્ન પડતા માનવે સર્વક્ષેત્રોની માફક આરોગ્યશાસ્ત્રમાં પણ અત્યંત ઝડપી વિકાસ સાધ્યો છે; તથા સ્થૂલ ઔષધને બદલે સૂક્ષ્મ ઔષધ આપવાની પધ્ધતિ તથા જળ, હવા, વાયુ, ઉપવાસ વગેરે દ્વારા રોગનિવારણપધ્ધતિ શોધી કાઢવામાં આવી છે. પરંતુ કર્તા કહે છે તે પ્રમાણે ઔષધોપચાર હવે તો બુધ્ધિની બાલ્યાવસ્થાને સૂચવે છે, જયારે માનસોપચાર પ્રૌઢાવસ્થાને સૂચવે છે. માનસોપચારવિધિથી સાધ્ય, કષ્ટસાધ્ય, દુઃસાધ્ય કે અસાધ્ય - સર્વ પ્રકારના રોગોને દૂર કરી શકાય છે.

માનસોપચારવિધિની સફળતાનું રહસ્ય-બળ સંકલ્પશક્તિ અને ચિત્તની એકાગ્રતામાં રહેલું છે. કર્તા આ વિધિને સમજાવતાં કહે છે કે, શરીરનાં પ્રત્યેક અંગોપાંગમાં મન રહેલું છે. આ બધા જ મનનો અધિપતિ-માલિક-ચાલક મુખ્ય મન મગજમાં બિરાજેલું હોવાથી પ્રતિકૂળ પ્રસંગોમાં કે વ્યાધિને સમયે નાનાં નાનાં મન પર વિવિધ આજ્ઞાઓ છોડે છે, તથા રોગને હઠાવવામાં સહાયભૂત થાય છે. જેમ સૂર્યનાં છૂટાછવાયાં વિચ્છિન્ન કિરણો અગ્નિ ઉત્પન્ન કરવા સમર્થ નથી તેમ ભટકતું રખડતું મન જો એકાગ્ર કરવામાં ન આવે તો તે સામર્થ્યયુક્ત બનતું નથી. પરંતુ

માનસોપચારવિધિની મનની ચાલતી પ્રક્રિયામાં આપણે અનુકૂળતા ઊભી કરીએ તો તે સત્વરે વ્યાધિમુક્ત થાય છે. આ સિધ્ધાન્તને આધારે માનસોપચારક રોગીના શરીરના જે ભાગ પર વ્યાધિ થયો હોય ત્યાં એકાગ્રતાપૂર્વક દૃષ્ટિ સ્થાપી પોતાના સમર્થ મનનું રોગીના મન સાથે અનુસંધાન જોડે છે. ઘણીવાર અનુકૂળતા હોય તો માનસોપચારક તે ભાગને હાથથી સ્પર્શે છે, પંપાળે છે, થાબડે છે અને તે દ્વારા અવયવમાં રહેલા મન સાથે ઘનિષ્ઠ સંબંધ કેળવે છે. પછી માનસોપચારક મનોમય ઓજસ્યુક્ત વાણીથી વારંવાર ભાવના કરે છે કે અવયવમાનું મન સમર્થ શક્તિશાળી છે, તેથી રોગોને દૂર કરવા એ તેને માટે સરળ વસ્તુ છે. માટે જલ્દીથી તે ભાગ નિરામય બનો વગેરે. જેમ ગાડી હાંકનાર આડે માર્ગે ચાલતા ઘોડાને કુશળતાથી સીધા માર્ગે ચલાવે છે, તેમ માનસોપચારક અવયવોના આડે માર્ગે ભટકતા મનને સીધે માર્ગે ચાલવાની ફરજ પાડે છે. માનસોપચારકનું સબળ મન રોગીના અવયવોના નિર્બળ મન સાથે સંબંધવાળું થાય છે અને તેની પાસે પોતાની ઈચ્છા પ્રમાણે વર્તન કરાવે છે. આ જ માનસોપચારવિધિથી હઠીલાં બાળકો, સ્ત્રીઓ કે સંબંધીઓને પણ સુધારી શકાય છે.

માસ્તર સાહેબના જમાનાનો વિચાર કરતાં, એકપક્ષે માસ્તરસાહેબનાં વિશાળ વાચન અને મૌલિક વિચારશક્તિ પ્રત્યે આપણને અહોભાવ જાગે છે તો બીજે પક્ષે આજના વિકસતા વિજ્ઞાને અને માનસશાસ્ત્રે કરેલાં સંશોધનો દ્વારા પણ ઉપરોક્ત વિચારોમાં રહેલા સત્યાંશને નિહાળીને વધુ આશ્ચર્ય થાય છે.

આરોગ્યની માફક શ્રીમાન્ વિશ્વવંદ્યે વ્યાવહારિક સુખસિધ્ધિપ્રાપ્તિ પર પણ તેટલો જ ભાર મૂક્યો છે. શરીર, મન અને આત્માનો ત્રિવિધ સર્વાંગી સર્વક્ષેત્રીય વિકાસ થાય તે જરૂરી છે.

માંદલા શરીરમાં આધ્યાત્મિક વિદ્યાને પ્રાપ્ત કરવા મથતું મન નિવાસ કરતું હોય કે શક્તિશાળી સુદૃઢ શરીરમાં માંદલું-મરેલું ચેતનહીન મન રહેતું હોય તો મનુષ્યનો ઝડપી સર્વસ્પર્શી ક્રાન્તિકારી વિકાસ થવાની શક્યતા ઓછી રહે છે. વ્યાવહારિક અથવા આધ્યાત્મિક સુખની અવહેલના કરીને પ્રાપ્ત કરેલી સિધ્ધિ માત્ર એકદેશીય અને અપૂર્ણ હોય છે. તેથી માસ્તરસાહેબ વ્યાવહારિક સુખની ચાવી સમી "ધનવાન થવાની અમોઘ કલા" કે "ઇપ્સિતાર્થ શી રીતે સિધ્ધ કરવા"નો નુસ્ખો વિગતે વર્ણવતાં અચકાતા નથી. તેઓ આવી ઇચ્છાને નિર્દોષ, શાસ્ત્રપ્રમાણિત અને સ્તુત્ય લેખે છે. પરંતુ વ્યાવહારિક તથા પારમાર્થિક ઉભય ઉન્નતિનું મૂળ અધ્યાત્મવિદ્યા છે એમ દૃઢપણે માસ્તરસાહેબ માનતા હોવાથી વ્યાવહારિક સુખસંપત્તિ પ્રાપ્ત કરવા માટે તેઓ અધ્યાત્મવિદ્યાની રાજમાર્ગ સમી ઐશ્વર્યપ્રદાન કેડીને જ ચીંધે છે, તે આ કૃતિઓની વિશેષતા છે.

"સામર્થ્યવાળું જીવન" "સામર્થ્ય પ્રાપ્ત કરવાની કલા" "સુખસાધક વિદ્યા" વગેરે લેખોમાં કર્તા એક જ ફરિયાદ કરે છે કે, પ્રારબ્ધને જ પોતાના જીવનનો ચાલક-રક્ષક-સૂત્રધાર માનતા ઘણા મનુષ્યો આ જગતમાં જન્મે છે, મોટા થાય છે, ખાય છે, પીએ છે, ઊંઘે છે, ઘર માંડે છે અને લોકરૂઢિ તથા પરંપરિત પ્રણાલિકા મુજબનું એકવિધ જીવન જીવી કાળની રેતી પર કશાં પણ પગલાં પાડ્યા વિના તેઓ મૃત્યુને શરણ થાય છે. તેઓની કોઇ સ્વતંત્ર પ્રતિભા કે પૃથક્ વ્યક્તિત્વ (Distinct Personality) ન હોવાને લીધે તેમના જન્મ-મરણની પણ કોઇ વિશેષ નોંધ લેતું નથી. પરંતુ અન્ય પક્ષે બુધ્ધ કે શંકર, કબીર કે કાલિદાસ, ભવભૂતિ કે ભાસ, બાણ કે સૂરદાસ, તુકારામ કે તુલસીદાસ વગેરે પ્રતિભાશાળી વિરલ વિભૂતિઓને કે નેપોલિયન, સેમ્સન કે મૂડી જેવા સમર્થ શક્તિશાળી પુરુષોને આજે પણ લોકો યાદ કરે છે. આવું ચમત્કારિક સામર્થ્ય દરેક વ્યક્તિમાં નિગૂઢ રૂપે રહેલું હોવાથી ગમે તે વ્યક્તિ ઇપ્સિત

ધન, સુખ, સામર્થ્ય કે પ્રતિભા મેળવી શકે છે, પરંતુ કમનસીબીની વાત એ છે કે એ કલાથી મોટાભાગના પ્રજા અનભિજ્ઞ છે.

સામર્થ્યનાં અમૂલ્ય રત્નોની મંજૂષા આત્મસ્વરૂપમાં — અંત:કરણમાં રહેલી છે. અંત: કરણ અથવા મન એ અધ્યાત્મબળનું ઉત્પત્તિસ્થાન હોવાથી તે ચિંતામણિ કે કલ્પવૃક્ષ જેવું ચમત્કારિક ફલપ્રદાતા છે. પરંતુ કેટલાક અધિકારી સાધકો કૂવો, દોરડું, ઘડો વગેરે સર્વ સાધનો સુલભ હોવા છતાં અંત:કરણરૂપ કૂવામાંથી વૃત્તિરૂપ ઘડાને અધ્યાત્મબળ રૂપ જળમાં ડૂબાડી જરૂરી જળ પ્રાપ્ત કરવાની યથાર્થવિધિ જાણતા નથી.

જડ અક્રિય મન આત્માની સત્તાથી પ્રેરાઇને જે તે ક્રિયા કરવા સમર્થ બની શકતું હોય છે. આત્મા—અન્ત: કરણ—ચૈતન્ય અથવા ચિતિશકિત, એ તેનો ચાલક—પ્રેરક સ્વામી હોવા છતાં આપણે અજ્ઞાનથી મનના દાસ થઇ ગયા છીએ. પરંતુ વાસ્તવમાં આપણે મનના માલિક હોવાથી આપણી ભાવના—ઈચ્છા પ્રમાણે મન પાસે અપેક્ષિત કાર્ય લઇ શકીએ છીએ. માસ્તરસાહેબ દૃષ્ટાંત આપતાં કહે છે,

"એન્જીનનો હાંકનાર એન્જીનને મુંબઇ ભણી જવાનો વેગ આપે છે, તો તે શું ભાવનગર ભણી ધસી ગયેલું સાંભળ્યું છે ? નહિ જ. કારણ કે એન્જીન જડ છે. પણ તમે ઘોડાને સ્ટેશન ભણી હાંકવા ઇચ્છતા હોય, પણ તેની વૃત્તિ માંડવી ભણી જ જવાની દૃઢ થઇ હોય તો તમે તેને સ્ટેશન પર હાંકી જવાના નહિ જ. કારણ ઘોડો ચૈતન્ય છે. મન જડ હોવાથી તેના પ્રેરક જે આપણે તેના પ્રેર્યા વિના તે કોઇ કાળે કોઇ પણ ક્રિયા કરવા સમર્થ નથી જ, એ અચલ સુદૃઢ સિધ્ધાન્ત છે, અને તેથી જ સત્શાસ્ત્રોમાં કોઇ કોઇ સ્થળે પોકાર પાડીને કહેવામાં આવ્યું છે કે એક આંખનો પલકારો મારવો એમાં કંઇક પરિશ્રમ જેવું છે, પણ આ

મનને ઈચ્છાનુકૂળ પ્રવર્તાવવામાં લેશ પણ પરિશ્રમ જેવું નથી. કારણ આ મન જડ છે."[1]

"અધ્યાત્મબલપ્રાપ્તિના ઉપાયો" નામના લેખમાં કર્તા લાક્ષણિક શૈલીમાં સૂચવે છે તે પ્રમાણે વર્ષોથી ચાલ્યા આવતા પરંપરિત પ્રવાહને માન્ય રાખી, આપણે આપણી જાતને - વીરગર્જનાથી પ્રાણિમાત્રને ભયભીત કરતા કેસરીને - નાહકની કાયર કે નિર્બળ માની બકરીઓના સંગનો નિત્ય સહવાસ સેવી સિંહપણું વીસરી ગયા છીએ, પરંતુ હવે આત્મજ્ઞાન થતાં પણ બકરીઓનાં ટોળામાં બેં બેં કરતા પડી રહેવું તે આપણને છાજતું નથી. શ્રધ્ધા, સંકલ્પ અને સદ્ગુરુની શરણાગતિ દ્વારા, યોગ્ય સાધનક્રમ અને વિધિથી અધિકાર કેળવી, શુધ્ધવિચારનું તેજોમય વાતાવરણ રચવું જોઇએ અને આ જે કંઇ જણાય છે તે સર્વ બ્રહ્મ છે, હરિ એ જ જગત છે અને જગત એ જ હરિ છે - એ સિધ્ધાન્તને સત્યરૂપ સ્વીકારી તેને અનુભવમાં ઉતારવા શુધ્ધભાવનાથી પ્રયત્ન કરવો જોઇએ.

માસ્તરસાહેબને આંદોલન કે ધોતનકળામાં સંપૂર્ણ શ્રધ્ધા હતી તેની "**આરોગ્યવિષયક લેખમાળામાં** "માનસોપચારવિધિ"માં આપણને સ્પષ્ટ પ્રતીતિ થાય છે. પરંતુ જીવનમાં પણ ડગલે ને પગલે તેઓશ્રી યોગવિધા, ચિતિશકિત, ધોતન વગેરે પરમાત્મસ્વરૂપની જ સમર્થ શકિતઓનો શ્રધ્ધાપૂર્વક સ્વીકાર કરી, તેની નિત્ય સાધના કરતા અને જરૂર પડે ત્યાં રચનાત્મક (Constructive) - વિધેયાત્મક (Positive) રીતે, કોઇને પણ ઉપકારક થાય તે રીતે, તેનો વ્યવહારમાં પણ સમુચિત વિનિયોગ કરતા. ભગંદરના ઓપરેશન

---

૧. "વિ. કિ.", પ્રથમ કિરણ, પૃ. ૧૨

વખતે દર્દીને શસ્ત્રક્રિયા સમયે દુઃખ-દર્દ મુક્ત રાખવા કલોરોફોર્મની અત્યંત આવશ્યકતા છતાં માસ્તરસાહેબે-સિધ્ધ સાધકે - વગર કલોરોફોર્મ યોગસામર્થ્યથી હસતાં હસતાં ઓપરેશન કરાવ્યું હતું, તે પ્રચલિત પ્રસંગ વિશાળ સાધક સમુદાયમાં સુપ્રસિધ્ધ છે.[1] તેવી જ રીતે યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિઃ એ આર્યશાસ્ત્રકારોના અનુભવપ્રમાણિત સુવર્ણસૂત્રને માસ્તરસાહેબ દૃઢ રીતે માનતા-સ્વીકારતા હોવાથી, તેઓશ્રીએ સુખ, સામર્થ્ય કે સિધ્ધિ પ્રાપ્ત કરવા ઝંખતા જિજ્ઞાસુ સજ્જનો માટે "અધ્યાત્મ બલપોષક મંડળ"ની સ્થાપના પણ કરી હતી તથા તે ઉચ્ચ ભાવનાપ્રયોગથી કેટલાયે મનુષ્યોના જીવનમાં અદ્ભુત, અલૌકિક પરિવર્તન પણ આણ્યું હતું શરૂઆતમાં તો "મહાકાલ"ના આ તંત્રીએ લોકોનાં દુઃખદારિદ્ર્ય દૂર કરવા અથવા તેમની અન્ય ઉચિત મુશ્કેલીનું નિવારણ કરવા સાત્ત્વિક આંદોલનો અનુકૂળ સમયે ફેલાવવાનું પણ સ્વીકાર્યું હતું.

મનુષ્યમાં રહેલી હૃદયસ્થ ચિતિશક્તિ એ પરમાત્માનું જ શુધ્ધ સ્વરૂપ છે. સુખ, જ્ઞાન, ધન, શક્તિ વગેરેનો તે ભંડાર હોવાથી ચિતિશક્તિ દ્વારા મનુષ્ય ગમે તે પ્રાપ્ત કરી શકે છે. પરંતુ તેને પ્રાપ્ત કરવા માટે પર્વતની ગુફામાં, સિધ્ધના આશ્રમમાં કે ગાઢ અરણ્યમાં જવાની જરૂર નથી. કારણ કે પ્રત્યેક મનુષ્યના

---

૧. આ અને અન્ય પ્રસંગો અંગે નીચેના ચરિત્ર ગ્રંથો જોવા ભલામણ કરવામાં આવે છે :

(૧) શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી તથા શ્રીમતી જયંતીદેવી રચિત "શ્રી વિશ્વવંદ્યવિભૂતિ વૈભવ" (પ્રકાશન સાલ - ઇ.સ. ૧૯૩૯)

(૨) શ્રી મહેન્દ્રકુમાર મો. દેસાઇ રચિત "શ્રીમન્નૃસિંહાચાર્યજી" (પ્રકાશન સાલ - ઇ.સ. ૧૯૪૫)

(૩) શ્રી ચૂનીલાલ જ. ઓઝા રચિત "શ્રી છોટાલાલ જીવનલાલ" (પ્રકાશન સાલ - ઇ.સ. ૧૯૬૩)

હૃદયમાં અનન્ત બ્રહ્માંડાધિપતિ ચિતિશક્તિનું દિવ્ય સિંહાસન છે, ત્યાં ઐશ્વર્યસમૃધ્ધ પરમાત્મા બિરાજે છે. પરમ શ્રધ્ધા, ભક્તિ અને ધૈર્યથી પ્રણવમંત્રના વિધિપૂર્વક ઉચ્ચાર દ્વારા ચિતિશક્તિ અથવા પરમાત્મા તરફ અભિમુખતા સાધવાની જરૂર છે. પરંતુ જેઓ વૃત્તિને અંતર્મુખ કરી ચિતિશક્તિ પ્રતિ અભિમુખતા નથી સાધી શકતા અને અનેક અવરોધો કે પ્રતિબંધોનો જાણે-અજાણે ભોગ થઇ પડે છે, તે સર્વને સહાય કરવા "અધ્યાત્મબલપોષક મંડળ"ની સ્થાપના કરવામાં આવી હતી.

"અધ્યાત્મબલપોષક ગ્રંથમાલા"ના પ્રથમ અક્ષમાં દર્શાવ્યું છે તે પ્રમાણે ઉપરોક્ત મંડળમાં પ્રવેશેલા ઉચ્ચ, મધ્યમ કે મંદ એમ સર્વ ધર્મો[1] અને સર્વકક્ષાના સજ્જનો તેઓના ઘરમાં કોઇ પવિત્ર એકાન્તસ્થળમાં નિયત સમયે બેસી ચિતિશક્તિ પ્રત્યે સ્વસ્થતાથી ચિત્ત એકાગ્ર કરી, અંતરમાં ઉતરી સામૂહિક શુભ આંદોલનો ફેલાવે છે. પ્રત્યેક સાધક પૃથક્પણે પોતાનું અધ્યાત્મબલ વધારવા સમર્થ હોય છે તેના કરતાં આ સામાજિક પ્રયત્નમાં ભળવાથી અધિક પ્રમાણમાં તે વધારવા શક્તિમાન બની શકે છે. કારણ કે વિદ્યુત્ કરતાં પણ સહસ્ત્રગણાં અતિવેગવાળાં પ્રબળ આંદોલનો ન્યૂન આંદોલનોવાળા પદાર્થો પર સર્વદા સત્તા ભોગવી શકવા સમર્થ હોય છે. આથી મંદ કે મધ્યમ સાધકના વિચારો સજાતીય પ્રબળ આંદોલનોના પ્રભાવથી અને સહાયથી અતિઅલ્પ સમયમાં ચમત્કારિક રીતે ઉત્કૃષ્ટ કક્ષાના બને છે.

---

૧. પ્રસ્તાવનામાં જ માસ્તર સાહેબ આ અંગે સ્પષ્ટતા કરે છે :-

" અધ્યાત્મબલપોષક મંડળ" એ કોઇ પંથ અથવા ધર્મનું અભિમાન ધરાવનાર મંડલ નથી. શુધ્ધ વિચારને યત્નથી નિરંતર અંત:કરણમાં સેવવો, એ તેનો સિધ્ધાન્ત છે, અને એવો કોઇ પણ ધર્મ અથવા પંથ નથી કે જેને આ સિધ્ધાન્ત સાથે કાંઇ વિરોધ હોય."

("અધ્યાત્મબલપોષક ગ્રંથમાલા", પ્રથમ અક્ષ, પ્રસ્તાવના, પૃ. ૧૬ )

પ્રસ્તુત પુસ્તિકામાં ગંભીર મુદ્દાને સમજાવતી તેમની રૂપક કે દૃષ્ટાંત શૈલી સર્વત્ર પ્રસન્નપ્રવાહી પ્રેરક અને પ્રસાદ ગુણવાળી જણાય છે. તેમાંનું એક ઉદાહરણ લઇએ :

"દીપક ઉપર કાળી હાંડી ઢાંકતાં કાળો પ્રકાશ આવે તેમાં દીપકનો દોષ છે ? અથવા તેના ઉપર ઘડો ઢાંકતાં બિલકુલ પ્રકાશ ન આવે તેમાં દીપકનો અપરાધ છે ? કાળી હાંડીમાં દીપક મૂકો, તમને કાળો પ્રકાશ મળશે ; લીલીમાં મૂકો, લીલો મળશે, અને ઘડામાં મૂકો, તમે અંધારામાં રહેશો. દીપકનો શુધ્ધ પ્રકાશ જોઇતો હોય તો તેના ઉપર સ્વચ્છ પારદર્શક આચ્છાદન મૂકો – તેનો પ્રકાશ આવી શકે તેવું આચ્છાદન મૂકો. અથવા કેવળ દીપકનો જ લાભ જોઇતો હોય તો આચ્છાદન માત્ર દૂર કરો.

o o o

અશુધ્ધ વિચાર એ ચિતિશક્તિના ઉપર માટીના ઘડાનું ઢાંકણ છે. શુધ્ધવિચાર એ સ્વચ્છ પારદર્શક કાચનું ઢાંકણ છે. અવિદ્યા અને તેનાં કાર્યોના મલિન નિન્દ્ય વિચાર સેવતાં તમને ચિતિશક્તિનો શુધ્ધ પ્રકાશ, શુધ્ધ સામર્થ્ય નહિ જ મળે. વિદ્યા અને તેના કાર્યોના વિહિત શુધ્ધ વિચાર સેવવાથી જ ચિતિશક્તિનું સર્વશક્તિમત્વ અને સર્વજ્ઞત્વ પ્રકાશે છે."[૧]

આ વિચારાત્મક તેમ જ ક્રિયાત્મક મનનીય લેખની તે વખતના ગુજરાતમાં મહત્વની અસર પડી હતી તથા ઉપરોક્ત ક્રિયાને વિધિપૂર્વક સેવવાથી ઘણા સજ્જનોને અગણિત અકલ્પનીય લાભ થયા હતા તે સં. ૧૯૬૦ ના "મહાકાલ"ના અંકોમાં છપાયેલા

---

૧. "અધ્યાત્મબલપોષક ગ્રંથમાલા", પ્રથમ અક્ષ, પૃ. ૨૨

વાચકોના વિવિધ પત્રો પરથી સ્પષ્ટ જણાઇ આવે છે. તાત્પર્ય કે, આ બધી માનસશાસ્ત્રીય તથા આધ્યાત્મિક પ્રક્રિયામાં માસ્તરસાહેબનું સ્પષ્ટ સ્વચ્છ વિચારદર્શન તથા સ્વાનુભૂતિની સચ્ચાઇ હોવાથી અસંખ્ય લોકો તેમના પ્રત્યેક બોલમાં દ્દઢ શ્રધ્ધા સ્થાપતા અને ધીરજથી તે રત્નસમા વિચારોને અનુસરીને દિવ્ય લાભ ઉઠાવતા.

આમ માસ્તરસાહેબે બ્રહ્મતત્ત્વથી અભિન્ન સત્યસ્વરૂપ અહમ્‌ની પ્રતિષ્ઠા કરી છે. જગતમાં દેખાતી વિવિધ પ્રક્રિયાઓ એ આત્માનો જ અકળ આવિષ્કાર છે. અસંખ્ય ભેદોવાળું ભિન્ન ભાસતું જગત વાસ્તવમાં તો એક અને અદ્વિતીય છે. ઇન્દ્રિયો વડે જે જે જ્ઞાન થાય છે તે ઝાંઝવાનાં જળ જેવું, મેઘધનુષ્યના રંગો જેવું દેખવા માત્ર ભ્રામક અને કેવળ મિથ્યા છે. આથી મનુષ્યે અજ્ઞાન અને અભાનથી બાહ્ય ઇન્દ્રિયોથી પ્રતીત થતા જગતને સત્ય માનવાનું નથી. પરંતુ આત્મસ્વરૂપની ઐશ્વર્યપૂર્ણ અનાદિ અનંત શક્તિઓમાં સંપૂર્ણ શ્રધ્ધા રાખી માનસિક ચિત્ર રચવાનું છે અને તેને અનુભવમાં ઉતારવાનું છે. કર્તા પણ "સામર્થ્યને પ્રાપ્ત કરવાની કલા" નામના લેખમાં કહે છે,

"હું સર્વશક્ત ઇશ્વર છું, अहं ब्रह्मास्मि એ વેદાંતનું મહાવાકય રહસ્યનું રહસ્ય છે. એ સત્યની તુલ્ય અન્ય એકે સત્ય નથી. આ સત્ય મનુષ્યને દુઃમાત્રથી તારનાર છે, અને સુખના શિખરે સ્થાપનાર છે."

વેદાંતની જ પ્રચલિત ઉપમા આપી માસ્તર સાહેબ સંસારમાં રચ્યાપચ્યા રહેતા જીવો પ્રતિ સહાનુભૂતિપૂર્ણ કટાક્ષ કરતાં કહે છે,

"આ સત્યને મનુષ્યો નિત્ય મુખે ઉચ્ચરે છે, પરંતુ વિવિધ સ્વાદવાળા પાકમાં ફરતી કડછીની પેઠે તેઓ તેના સ્વાદને જાણતા

નથી. પાસે પડેલું ભોજન ખાધા વિના ક્ષુધાની નિવૃત્તિ કરતું નથી, તેમ જાણેલું સત્ય અનુભવમાં ઉતાર્યા વિના દુઃખને નિવારતું નથી."[1]

"ઇપ્સિતાર્થ શી રીતે સિધ્ધ કરવો ?", "ધનવાન થવાની અમોઘ કલા" વગેરે લેખોમાં માસ્તરસાહેબ, પરમતત્ત્વથી પોષાતા તથા અનંત અગાધ ભંડારથી સમૃધ્ધ મૂળતત્ત્વ પ્રતિ શ્રધ્ધાપૂર્વક ચિત્તને એકાગ્ર કરી, તથા ઇપ્સિત અર્થ સિધ્ધ થઇ રહ્યો છે તેવું વારંવાર ચિત્રદર્શન અનુભવી, ગમે તેટલું ધન કે સુખ પ્રાપ્ત કરવાનો કીમિયો દર્શાવે છે. હરીફાઇ વૃત્તિથી નહીં પરંતુ ઉત્પાદકવૃત્તિથી મળેલા વિહિત ધનના જ તેઓ આગ્રહી છે.

"સુખસાધકવિધા"માં લેખકે ચૈતનકલા અંગે રસપ્રદ અને માનસશાસ્ત્રીય ચર્ચા કરી છે. વ્યવહારમાં સર્વને થયેલો અનુભવ લાક્ષણિક રીતે રજૂ કરતાં તેઓ કહે છે કે નજરમાં આવે ગમે તેમ બોલે જ રાખવું, એ લોઢાના પાટા પરથી એન્જીનને ઉતારીને ગમે ત્યાં દોડાવવા જેવું અનર્થકારી તથા અહિતકારી કાર્ય છે. વાતચીતમાં, ઉપદેશમાં, કોઇના મંદવાડમાં કે ક્ષુલ્લક પ્રસંગોમાં પણ નકારાત્મક વલણ ન અપનાવતાં અનુકૂળ ચૈતન પ્રવર્તાવનારા વિધેયાત્મક વિચારો ઉચ્ચારવા જરૂરી છે. મંદવાડના પ્રસંગે દર્દીના પ્રતિ વારંવાર આત્યંતિક સહાનુભૂતિ દર્શાવવી એ પણ સદ્ગુણ નથી પણ દુર્ગુણ છે. કારણ કે તેથી રોગીનું ચિત્ત તેના મંદવાડ પ્રતિ સતત એકાગ્ર રહે છે. તેવે પ્રસંગે કાં તો કોઇ અન્ય વિષય ચર્ચવો અથવા અપ્રગટ રીતે - મધ્યમાવાણીથી - વારંવાર નિરામયતાની ભાવના કર્યા કરવી. આવાં અનેક દૃષ્ટાંતો આપી માસ્તરસાહેબ કહે છે,

---

૬૯

૧. "વિ. કિ., દ્વિતીય કિરણ, પૃ. ૨૮૪

"વ્યસનોને નિર્મૂળ કરવાને માટે અને દુરાચારને દાબી દેવાને માટે વિધવિધ સ્થળેથી જે ભારે પ્રયત્નો કરવામાં આવે છે, તેથી વાસ્તવિક રીતે કશો જ લાભ થતો નથી. આવા પ્રયત્નોથી વ્યસનો અને દુર્ગુણો ઉલટાં વધે છે. દુરાચારને મારી હઠાવવાનો પ્રયત્ન કરવાથી સદાચારની વૃધ્ધિ થતી નથી, પરંતુ સદાચારનું શિક્ષણ આપવાથી અને તેને કેળવવાથી વૃધ્ધિ થાય છે. અશુભને દાબવાથી અશુભ દબાતું નથી, પણ શુભને પ્રકટાવવાનો પ્રયત્ન કરવાથી અશુભ દબાય છે. અંધારાને હાંકી કાઢવાથી અંધારૂં નાશ પામતું નથી, પણ પ્રકાશને પ્રકટાવવાથી અંધકારનો નાશ થાય છે."[1]

મનુષ્ય છાણના કીડા જેવો કે સામાન્ય તૃણ જેવો તુચ્છ નથી. દીવાસળીમાં દીવો હોવા છતાં જયાંસુધી તેને ઘસવામાં ન આવે ત્યાંસુધી તે શક્તિ સુષુપ્ત રહે છે; ગોટલામાં અમૃત જેવી કેરી રહેલી હોવા છતાં તેને વાવીને ઉગાડવાનો પ્રયત્ન ન કરવામાં આવે તો તે ગોટલો જ જણાય છે; તેમ બ્રહ્મસ્વરૂપ મનુષ્યમાં અનેક શક્તિઓ હોવા છતાં તે અંગે શાસ્ત્રીય જ્ઞાનને અભાવે માનસિક બળ પ્રગટાવ્યું હોતું નથી, તો પોતાને તે ઐશ્વર્યસંપન્ન બ્રહ્મમય માની શકતો નથી. પણ વિસ્મયની વાત તો એ છે કે શ્રધ્ધાપૂર્વક ઉચ્ચભાવના સેવવાને બદલે મનુષ્ય પોતાને જ હલકા પાડતા દીનતાભર્યાં શબ્દોચ્ચારણમાંથી ઉંચો આવતો નથી. માસ્તર સાહેબ, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રવર્તી રહેલી અને શિસ્ત અથવા શિષ્ટતાને નામે પોષાતી પામરતા કે દીનતાની ઝાટકણી કાઢતાં, ક્રાન્તિકારી વિચારો વ્યક્ત કરે છે.

વિચારશક્તિનો મહિમા ગાતો તથા મનની સમગ્ર શક્તિઓની નેત્રી કલ્પનાશક્તિ અથવા ધારણાશક્તિને ત્રિભુવનજિયી-ખડ્ગ માનતો આ ક્રાંતિકારી લેખ સર્વરીતે મનનીય અને નોંધપાત્ર છે.

---

૧. "વિ. કિ."; દ્વિતીય કિરણ, પૃ. ૧૪૭

"બાળકોને કેવી રીતે કેળવવાં" એ વિભાગમાં લેખકે કેળવણીના કૂટ પ્રશ્નોનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ઊહાપોહ કરેલો છે. બાળકમાં વિકસી રહેલા આંતરમનને અભ્યાસકાળ દરમ્યાન પૂરતું પોષણ મળી રહે એ રીતે શિક્ષકો ઉપરાંત વાલીઓએ બાળકો સાથેના વ્યવહાર-વિનિમયનું વિચારપૂર્વક આયોજન કરવું જોઇએ. ૧૯મી સદીના અંતકાળમાં જયારે ભારતમાં માનશાસ્ત્રનો સુશિક્ષિત જનમનમાં આ વિષયનો પ્રવેશ સરખો પણ થયો ન હતો અને માનસશાસ્ત્રનો શિક્ષણ સાથેનો આજે અયુતસિધ્ધ થઇ ગયેલો સંબંધ હોવાની સંભાવના પણ તે વખતે વાતાવરણમાં જન્મી ન હતી - બલ્કે "સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ"નો જડ જમાનો હતો - ત્યારે શ્રીમાન્ વિશ્વવંદ્યે સૌ પ્રથમ આ નવીન વિચારધારા હૃદયંગમ શૈલીમાં જનતા સમક્ષ મૂકી હતી, તે જોતાં તેમને આપણે "દૃષ્ટિસંપન્ન કેળવણીકાર" કહી શકીએ. તેમાંથી એકાદ ઉદાહરણ જોઇએ :

"વડાં આ રીતે થાય, એમ વાતો કરવાથી જેમ વડાં થતાં નથી, પણ સામાન ભેગો કરી ચૂલે તવી ચઢાવી, કરવા માંડવાથી જ થાય છે, અને ભૂખ ભાગે છે, તેમ આખો જન્મારો વાતો કર્યાં કરીએ કે પરમાત્મા બધામાં છે, પણ આપણા ઘરમાં બાળકોમાં જ તેમને જોતાં આપણા જ્ઞાનને ખીંટીએ ભરવી મુકીએ તો તે જ્ઞાનનું ફળ જે પરમ શાંતિ તે કદી પ્રકટતી જ નથી."[1]

મૂળ તો, માસ્તરસાહેબે "મહાકાલ"માં ક્રમશઃ ઉપરોક્ત વિચારમાળા લેખરૂપે પ્રકટ કરી હતી, પરંતુ પાયાની મહત્ત્વની હકીકત તરફ સંસ્કારવાંછુ સજ્જનોનું પણ ધ્યાન ખેંચાય તે અર્થે શ્રી ઉપેન્દ્રભગવાનની સૂચનાથી તેને લઘુગ્રંથ સ્વરૂપે પ્રગટ કરવામાં આવ્યો હતો. લક્ષ્મી-યશોદાની આખ્યાયિકાથી આ માનસશાસ્ત્રીય

---

૧. "વિ. કિ.", દ્વિતીય કિરણ, પૃ. ૪૨૭

વિચારોને - પારિભાષિક શબ્દોનો સ્હેજ પણ ઉપયોગ કર્યા વગર - વધુ સરળ અને રસિક રીતે કર્તાએ નિરુપ્યા છે.

શ્રીમાન્ વિશ્વવંદ્યે જે કેટલાક અધ્યાત્મવિષયક લેખોનાં રૂપાંતરો કે અનુવાદો આપ્યાં છે તેમાં અમેરિકાના સુપ્રસિધ્ધ વિદુષી શ્રીમતી એલિઝાબેથ ટાઉનનો 'Self-Power' લેખનો "આત્મબલ", તથા અસાધારણ સંકલ્પશક્તિસંપન્ન પુરુષ મિ.જોન્સ બાર્ટન સ્ટેના એક લેખનો "સંકલ્પશક્તિ" નામે કરેલા ભાવાત્મક અનુવાદો તેની અનેક લાક્ષણિકતાઓને લીધે આપણું ખાસ ધ્યાન ખેંચે છે. બંને અનુવાદો સાથે શ્રી વિશ્વવંદ્યે તેમાંનાં વિચારો-વિધાનોને સમાંતર અને સમર્થક સિધ્ધાન્તો યોગદર્શનાદિ આર્યશાસ્ત્રોમાંથી તુલનાત્મક રીતે તારવી આપ્યા છે. આમ તો લેખકે અધ્યાત્મબલપોષક વિચાર-પ્રક્રિયાઓ વિશે સ્વતંત્ર રીતે પુષ્કળ લખ્યું છે, છતાં આ અનુવાદોને પુરસ્કૃત કરવામાં તેમનો આશય, તે વખતે "અંગ્રેજી શિક્ષણ પામેલા આ દેશના વિદ્વાનો જેઓ વિદેશી વિદ્વાનોથી સ્વીકારાતા નિશ્ચયોને જ પ્રમાણરૂપ માને છે તેવા વિદ્વાનોને" પ્રાચીન પૌર્વાત્ય શાસ્ત્રોમાં વર્ણવેલી ક્રિયાઓમાં શ્રધ્ધા ઉપજાવવાનો હતો. સર્વ ધર્મ પ્રત્યે સમભાવ અને તેમાં રહેલા સત્યાંશ પ્રત્યે મમભાવ રાખતા હોવાથી તેઓ પોતે જ એક સ્થળે ચેતવણી આપતાં કહે છે,

"મૂળલેખના લેખક ક્રિસ્ચ્યન હોવાથી લેખમાં પ્રસંગે ખ્રિસ્તીધર્મને ઉદ્દેશીને કોઇ વચનો લખાય એ સ્વાભાવિક છે. સારગ્રાહી સત્યશોધક મનુષ્યોને એટલા ઉપરથી લેખમાં રહેલા સત્યાંશનો અનાદર નહિ કરવા પ્રાર્થના છે."[૧]

---

૧. "વિ.કિ.", પ્રથમ કિરણ, પૃ.૩૨૯

"આત્મબલ"[1] લેખનો આધાર ઈશુખ્રિસ્તનું – I am the Son of God – એ મંત્રવાકયનો લેખિકાએ ઘટાવેલો દ્વિ-અર્થ છે. Son ને બદલે Sun કરતાં "હું ઇશ્વરનો સૂર્ય છું" એ વિચારે તેના જીવનમાં વિલક્ષણ સંશોધનપૂર્ણ ચમત્કૃતિ આણી મૂકી.

પ્રત્યેક શરીરમાં નાભિની પાછળ મણિપૂરક ચક્ર (Solar Plexus) નામક વાસ્તવિક સૂર્યરૂપ જ્ઞાનતંતુઓનું કેન્દ્ર આવેલું છે. તેમાંથી અંતરબહિર સર્વ દિશામાં જ્ઞાનતંતુઓ દ્વારા યથાર્થ પ્રકાશરૂપ સામર્થ્ય – ઓજસ્ સ્ફુર્યા કરે છે, અને તેનું એક વાતાવરણ અથવા પ્રકાશપરિવેષ (Halo)બંધાઇ રહે છે. જીવનતત્વની ઉત્પત્તિ આ ચક્રમાં થાય છે. અસૃષ્ટ, અદૃષ્ટ, અકરણ, અચિત્, અને પરિમાણરહિત અહીં સૃષ્ટ, દૃષ્ટ, કરણ અને પરિમાણયુક્ત થાય છે. આ ચક્ર મસ્તિષ્કમાં રહેલા મગજને અધીન વર્તે છે. શુભ વિચારોનાં આંદોલનોથી વિકાસને પામતા મણિપૂરકમાંથી જીવનતત્વ – ઓજસ્નો અધિક પ્રવાહ વહેતો રહે છે, જેના પરિણામે મનુષ્યને સ્વસ્થતા, સુખ, શાંતિ અને પ્રસન્નતાનું ભાન થાય છે. તેથી ઉલટું, અશુભ વિચારોથી સંકોચને પામતા ચક્રમાંથી વહેતા જીવનતત્વનો પ્રતિરોધ થવાથી અપ્રસન્નતા દુઃખાદિનો અનુભવ થાય છે. આથી જ્ઞાનપૂર્વક કરાતો વિચાર ચક્રનો સ્વામી બને છે. આ વાતને લેખિકા પ્રતીતિપૂર્વક કહે છે કે,

"સ્વાનુભવથી આ શોધ મેં કરી છે, અને મારી વૃત્તિઓને દુભાવવાને આ લોકમાં કોઇપણ સમર્થ નથી એ વાતને સિધ્ધ કરી આપી છે. ખરા સૂર્યના વ્યાપારનો અભ્યાસ કરીને, અને હું ઇશ્વરકૃત સૂર્ય છું એ વાતનું સ્મરણ રાખીને નિરંતર પ્રકાશ નાંખવાની કળાને હું સત્વર શીખી છું, અને અભ્યાસથી તે કળાને સિધ્ધ કરી છે."[2]

---

૧. "આત્મબલ" સ્વતંત્ર પુસ્તિકારૂપે પ્રસિધ્ધ થઇ છે.

૨. "આત્મબલ", પૃ. ૨૦

લેખિકાએ આ (દેહાંતરસ્થિત) સૂર્યપ્રકાશવિતરણની પ્રક્રિયાનું પણ પૃથક્કરણ કર્યું છે, અને તેમાં વૃત્તિ (Emotion) અને જ્ઞાનયુક્ત સંકલ્પ-ઈચ્છાશક્તિ (Intelligent Will) પર થતી અસર વિશે માનસશાસ્ત્રીય વિશ્લેષણનો પણ સમાવેશ થાય છે. પ્રયોગ-અભ્યાસ પરથી તેમને પૂર્ણ પ્રતીતિ થઇ કે સામા થવાથી વિકારોનો જય થતો નથી પણ તેમની ઉપેક્ષા કરી શરીરસ્થ સૂર્યમાંથી શુભ વિચારોનો દિવ્યબલયુક્ત પ્રેમપ્રવાહ વહાવવાથી જ તેમનો જય થાય છે. કારણ કે "અવિરોધી (non-resistant) વિચારથી મણિપૂરક ચક્ર વિકાસને પામે છે, વિરોધી (Resistant) વિચારથી તે સંકોચાય છે."[1] વિચારનિરોધની પ્રક્રિયા અને તેની અસર સમજાવવા તેમણે શ્રીમતી ડો.આન્ના કિંગ્ઝફોર્ડનું વાસ્તવ વૃત્તાંત અને પોતાનું પ્રિય વાઘે સતારનું સમુચિત દૃષ્ટાંત આપ્યું છે.

શ્રીમાન્ વિશ્વવંદ્ય જણાવે છે કે આપણા યોગશાસ્ત્રમાં સયુક્તિક વિધિયુક્ત અને પધ્ધતિસર વર્ણવેલી પ્રાણાયામની ક્રિયાઓ સાથે સરખાવતાં પ્રસ્તુત મૂળલેખની ક્રિયા બહુ જ સામાન્ય પ્રકારની તથા પ્રવેશક અધિકારીઓએ કરવા જેવી છે. તો પશ્ચિમનાં વિદુષી બહેનના આ પ્રકારના અનુભવ આલેખનથી તો આપણે આર્યશાસ્ત્રોનાં વિધાનો અને ક્રિયા-રહસ્યો વિશેની પારંપરિક શ્રધ્ધાને સબળ બનાવવી જોઇએ અને તેનો પૂરેપૂરો લાભ ઉઠાવવો જોઇએ.

"સંકલ્પશક્તિ" એ મૂળ સ્કોટલેન્ડમાં જન્મેલા મિ.જોન્સ બાર્ટન સ્ટેનો આત્મવૃત્તાંત હોવાથી, બાળપણથી જ સંકલ્પશક્તિને ચમત્કારિક રીતે કેળવી, નિષ્ઠુરતાથી લિડી નામની બાળા પર

---

૧. "આત્મબલ", પૃ. ૨૬

પ્રેમસ્ફુરણના વિવિધ પ્રયોગો કરી, ઠેઠ આફ્રિકામાં રહ્યે રહ્યે આંદોલનશક્તિ દ્વારા પોતાના પ્રતિ આવવા પ્રેરણા આપી ; તેની સાથે લેખક લગ્ન કરે છે અથવા વિકરાળ સિંહને બકરી જેવો બનાવી શકે છે તેમ જ અઢળક સંપત્તિના પણ તે સ્વામી બને છે... વગેરે પ્રયોગો તેઓ વર્ણવે છે તથા સાથે સાથે પ્રો.થીઓલક, કારડિમોન્ટજરોન, પ્લિની, કાર્ડેનસ, બનીંયર, સ્વિડનબોર્ગ, મોસ્ટ વગેરે વિદ્વાનોના સંકલ્પબળના પ્રયોગોનો પણ સવિસ્તર ઉલ્લેખ કરે છે. પરંતુ આ દિવ્ય શક્તિનો સ્વાર્થી દુષ્ટ હેતુ માટે અનર્થકારી ઉપયોગ કર્યો હોવાથી, વિશાળ સંપત્તિનો માલિક હોવા છતાં લેખક એકરાર કરે છે કે પોતે સુખી નથી.

શ્રીમાન્ વિશ્વવંદ્ય આ અંગે કહે છે કે વિશ્વ એ સંકલ્પશક્તિને કેળવવાની શાળા હોવાથી મનુષ્ય વિધિપૂર્વક તે બળને કેળવી ઉત્તરોત્તર અભ્યુદયને પ્રાપ્ત કરી શકે છે અને પ્રસંગે પરોપકારની પ્રવૃત્તિમાં પણ જોડાઇ શકે છે. તત્ત્વવિચાર, યોગ, ભક્તિ, જપ વગેરે સંકલ્પની એકાકાર સ્થિતિ રચવા માટેનાં વિવિધ સાધનો છે.

"વિજ્ઞાનની રસિક વાર્તાઓ" નામનો રસપ્રદ વિભાગ પણ આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. પ્રગતિશીલ વૈજ્ઞાનિક યુગમાં થતાં નવાં સંશોધનોનો રસિક પરિચય કરાવવા તથા કુદરતના નિયમ પ્રમાણે થતી શોધો એ આર્યશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાન્તોનો સામાન્ય વ્યતિકર છે તે દર્શાવવા માસ્તરસાહેબ વાચકો સમક્ષ વિવિધ વૈજ્ઞાનિક વાર્તાઓ લખતા. પૂર્વે આર્યશાસ્ત્રોએ પ્રતિપાદિત કરેલી યૌગિક સિધ્ધિઓ સંપૂર્ણતઃ સત્ય છે અને પ્રવર્તમાન વૈજ્ઞાનિક નિયમો તો માત્ર ભાષ્યસ્થાનીય છે, એ મુદ્દાને કેન્દ્રમાં રાખી, પ્રસ્તુત વાર્તાઓ દ્વારા કર્તાએ વૈજ્ઞાનિક ઢબે આર્યશાસ્ત્રોના સિધ્ધાન્તો પર વેધક પ્રકાશ નાખ્યો છે.

"ચુતર્થ પરિમાણ" (Fourth dimension) જેવા - શબ્દના માધ્યમ દ્વારા સરળતાથી સમજાવવો દુષ્કર એવા-ગૂઢ વિષયને પણ કર્તાએ રસપ્રદ વાર્તાપ્રવાહમાં કુશળતાથી વણી લીધો છે. શિશિરકુમારનું અચાનક અવસાન થતાં "ભારતમિત્ર"માં આવેલી તેની નોંધ ; સર્વનો તેમના નાનાભાઇ શરત્કુમાર ઘોષ પર દૃઢ થતો શક ; કોર્ટમાં પૂરતા પૂરાવાને અભાવે શરત્કુમારનો થયેલો નિર્દોષ છુટકારો ; મૃત્યુના સમયે શરત્કુમારે એક અપૂર્ણ લેખ દ્વારા કરેલું સ્પષ્ટીકરણ ; અંતમાં સુમતિની મુકાયેલી ટિપ્પણી... વગેરે સુશ્લિષ્ટ એકોડાબધ્ધ પ્રસંગોને લીધે "ચતુર્થ પરિમાણ" કુતૂહલને સાધંત ઉદ્દીપ્ત કરતી સુંદર રહસ્યકથા બની જાય છે. યોગીનું અથવા દેવાદિનું અંતર્ધાન થવું એ કોઇ ચમત્કાર નથી, પરંતુ તેઓનો ચતુર્થ પરિમાણમાં પ્રવેશ થયેલો હોય છે. ગુપ્તવિદ્યાના અભ્યાસી તો આ ચતુર્થપરિમાણના અસ્તિત્વને દીર્ઘકાલથી સ્વીકારતા આવ્યા છે. સામાન્ય પૃથક્જનને પણ સરળતાથી સમજાય માટે વાર્તાપ્રસંગમાં શિશિરકુમાર, કાગળમાં મથાળે સીધી લીટી, તેની નીચે સમચતુસ્ત્ર (Square), તેની પાસે એક વર્તુલ (Circle), તથા સૌથી નીચે એક ઘન (Cube) દોરી વૈજ્ઞાનિક ઢબે શરત્કુમારને ચતુર્થપરિમાણની શકયતા સમજાવે છે. શિશિરકુમાર કહે છે,

"શરત ! હવે મારી સાથે તર્ક કરવામાં એક પગથિયું ઉંચે ચઢ, અને હું ધારું છું કે ચતુર્થ પરિમાણનું અસ્તિત્વ તને સ્પષ્ટ સમજાશે. આપણે મનુષ્ય પ્રાણિઓ આ સમયે ઘન પ્રદેશમાં અર્થાત્ લંબાઇ, ઉંચાઇ તથા પહોળાઇ એ ત્રણ પરિમાણવાળા પ્રદેશમાં રહીએ છીએ. લીટીના પ્રદેશમાં નિવાસ કરનાર પ્રાણીને પૃષ્ઠ (સપાટીનું) પરિમાણ જણાતું નહોતું, તો પણ તેનું અસ્તિત્વ છે જ, અને પૃષ્ઠ પરિમાણમાં નિવાસ કરનારને ઉંચાઇ નામનું ત્રીજું પરિમાણ કયી દિશામાં છે, એ સમજી શકાતું નહોતું તોપણ તે ત્રીજા પરિમાણનું અસ્તિત્વ સપાટીની આજુબાજુ છે, એ આપણે

જાણીએ છીએ. શરત ! શું તને આ ઉપરથી સંભવિત નથી લાગતું કે ચોથું પરિમાણ યદ્યપિ હજી સુધી શોધી કાઢવામાં નથી આવ્યું તો પણ તે આપણી આજુબાજુ છે ?"[1]

આમ કર્તાએ તાર્કિક બુધ્ધિગમ્ય દલીલો દ્વારા તેમ જ જરૂર પડે ત્યાં આકૃતિની સહાયથી શુધ્ધ વૈજ્ઞાનિક ઢબે યોગશાસ્ત્રના વિશિષ્ટ વ્યતિકર ચતુર્થ પરિમાણને સમજાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

"અલ્પજ્ઞાનનો પરિમાણ"માં શ્રીમાન્ વિશ્વવંદ્યે અપૂર્વ બોધપ્રદાનની સાથે હાસ્યરસ પણ ઠીક ઠીક પ્રમાણમાં નિષ્પન્ન કર્યો છે. ચન્દ્રધર સ્વામી, રમેશ અને માધવગીર નામના શિષ્યોને અલગ અલગ રીતે સ્થૂલશરીરમાંથી સૂક્ષ્મશરીરને છૂટું પાડવાનો વિધિ શીખવાડે છે તથા ગુરુઆજ્ઞા વિના સૂક્ષ્મશરીરથી પર્ણકુટીની બહાર ભ્રમણ ન કરવાની કડક સૂચના આપે છે. પરંતુ પ્રાપ્ત થયેલી વિદ્યાનો તત્કાળ અખતરો કરવાના લોભમાં ગુરુઆજ્ઞાને નેવે મૂકી રમેશ પોતાની એક વખતની વિવાહિત લાવણ્યમતી કન્યા સુભદ્રાને ત્યાં વાયુશરીરે જવાનો સંકલ્પ કરે છે. સંજોગવશાત્ માધવગીર પણ તેવી જ વૃત્તિથી ત્યાં ભટકાય છે. પરંતુ સૂક્ષ્મશરીરમાંથી સ્થૂલશરીરમાં પાછા ન આવી શકવાથી બંને શિષ્યો અત્યંત મૂંઝાય છે. બીજી બાજુ, તેઓના સ્થૂલ શરીરને દાહ આપવાની તૈયારી ચાલે છે. ચન્દ્રધરસ્વામીના શિષ્ય મદનમોહનની સહાયથી બંને શિષ્યોનો અંતે છુટકારો થાય છે અને સ્થૂલ શરીરમાં પુનઃ પ્રવેશી શકે છે. આ સળંગ હાસ્યરસિક વાર્તા દ્વારા માસ્તર સાહેબ યોગવિષયક તાત્વિક બોધ કરે છે. સમર્થ શક્તિશાળી સદ્‌ગુરુ શિષ્યોને સામૂહિક રીતે યોગવિદ્યાનું અધ્યયન કરાવતા નથી,

---

૧. "વિ. કિ.", પ્રથમ કિરણ, પૃ. ૩૭૫

પરંતુ પ્રત્યેક શિષ્યનો વૈયક્તિક અધિકાર નાણી, તેને ઉચિત સાધનાક્રમ દર્શાવી, અંતે પરમપદનો અધિકારી બનાવે છે. પરંતુ અલ્પજ્ઞાની અધીરો શિષ્ય ગુરુની કડક સૂચનાઓનો અમલ ન કરતાં પોતાને સર્વસામર્થ્યવાળો માની, વિવિધ વિધિ-પ્રયોગો કરવા ઉદ્યુક્ત થાય છે તો તેઓની સ્થિતિ હાસ્યાસ્પદ બને છે, કયારેક પૂર્વસંચિત સામર્થ્યને ગુમાવે છે, કયારેક અધોગતિની ગર્તામાં ધકેલાઇ જાય છે અથવા મૃત્યુને વશ પણ થાય છે.

સ્વરનાં આંદોલનોનો પ્રભાવ પશુસૃષ્ટિ, વનસ્પતિસૃષ્ટિ તથા મનુષ્ય સૃષ્ટિ પર ચમત્કારિક રીતે પડતો હોવાનું, આજનું વિજ્ઞાન તો વિવિધ પ્રયોગોને છડે ચોક માનતું થયું છે. પરંતુ માસ્તર સાહેબે તો તેમના જમાનામાં "સ્વરનાં આંદોલનોનું સામર્થ્ય" વાર્તા દ્વારા વિવિધ રોગોના નિવારણાર્થે સ્વરસૃષ્ટિ કેવી રીતે ઉપકારક થાય છે, તે રસિક રીતે સમજાવ્યું છે.

વિલાયતથી પાછા વળતાં દારૂ અને સીગારેટનો વ્યસની બનેલા ડૉ. રતિપ્રસાદ સૌ પ્રથમ અડગ સંકલ્પ અને પ્રબળ પુરુષાર્થથી પોતાના વ્યસનને જીતી શકે છે. એકદિવસ મુંબઇનિવાસી શેઠ કાસમભાઇનો તાર આવતાં, ડૉકટર તેમને જોવા લાનોલી જાય છે. પરંતુ સન્મુખ સૂતેલા શેઠ પર એકાગ્રવૃત્તિ સ્થાપતાં તે શેઠનું સમગ્ર શરીર તથા જઠર પાસે રહેલી વિદ્રધિ (Cancer) ની ગાંઠ સ્પષ્ટ જોઇ શકે છે. દૃઢસંકલ્પથી વૃત્તિને ચિતિશક્તિ પ્રતિ અંતર્મુખ કરતાં ડૉકટરને સ્પષ્ટ જણાય છે કે,

"કેન્સર એ બીજું કંઇ જ નથી, પણ શરીરનાં જીવનમય અણુઓ (Cells) ની અવ્યવસ્થા છે. જે ભાગમાં જીવનમય અણુઓ આ પ્રમાણે અવ્યવસ્થ થયાં છે, ત્યાં તેમની પુનઃ વ્યવસ્થા કરવામાં આવે તો તત્કાળ આ દુષ્ટ ગ્રંથિનો અભાવ થાય. આ દુષ્ટ ગ્રંથિનાં અણુઓનાં આંદોલનોનું હાલ જે પ્રમાણ છે, તે પ્રમાણ

અવ્યવસ્થાવાળું છે, તેથી તે ફેરવીને નીરોગ અણુઓનાં આંદોલનોનું જે પ્રમાણ હોય છે, તે પ્રમાણ કોઇ ઉપાયથી કરવામાં આવે તો જે વ્યવસ્થાની આપણને ઇચ્છા છે, તેવી વ્યવસ્થા થઇ રહે, એ સ્પષ્ટ છે. આથી આ ગ્રંથિનાં અણુઓનાં આંદોલનોને ચઢતા પ્રકારનાં કરવાં, એ જ આ રોગને ટાળવાનો ઉપાય છે. સ્વરનાં આંદોલનો વડે જીવનતત્વનો પ્રવાહ આ રોગી અણુઓમાં પ્રેરી શકાય, અને તેમ થતાં તે અણુઓનાં આંદોલનોનું પ્રમાણ અધિક વેગવાળું કરી શકાય."[1]

નિઃસંકલ્પ અવસ્થામાં જે સ્વર સંભળાય છે તેને તેઓ માનસપટ પર નોંધી લે છે અને વિદ્રધિનો વ્યાધિ દૂર કરવા એક લોહચુંબકને શેઠના પેટ પર, બીજાને સામી બાજુએ વાંસા પર મૂકી, તારથી તેઓને જોડી સ્વરનાં આંદોલનોનો પ્રયોગ શરૂ કરે છે. સાંભળેલા સ્વરોને મયૂરવીણામાંથી વહેવડાવતાં આખો ઓરડો સ્વરનાં આંદોલનથી ભરાઇ જાય છે. સમુદ્રનાં ઉપરાઉપરી મોજાંની જેમ શેઠના શરીરમાં કંપારી વછૂટવા માંડે છે અને આ સતત પ્રયોગને લીધે પેલી ગાંઠ ધીમે ધીમે ઓગળવા માંડે છે. કર્તાશ્રી તે પ્રક્રિયાનું વર્ણન કરતાં લખે છે,

"જેમ કોઇ ખાંડની કોથળીમાંથી ખાંડને પોતાના દરમાં લઇ જવાને, સેંકડો કીડીઓ, એક લાંબી હારમાં બંધાઇને, ભારે ધમાચકડી મચાવી મૂકે છે તે જ પ્રમાણે પેલાં સૂક્ષ્મ સ્ત્રીપુરુષોનાં ટોળેટોળાં કોઇ ભારે ઉદ્યોગમાં પડેલાં જણાતાં. તેઓ જઠરમાં ગ્રંથિની મધ્યમાં જણાતી આસ્માની જ્યોતિ તરફ વેગથી ધસતાં, અને ત્યાંથી સૂક્ષ્મ રજકણો લઇને પાછાં તાર ઉપર આવતાં, અને તે લાવેલાં રજકણોને ખાલી આકાશમાં ફેંકી દેતાં."[2]

---

૧. "વિ. કિ.", પ્રથમ કિરણ, પૃ.૪૦૭

૨. "વિ. કિ.", પ્રથમ કિરણ, પૃ.૪૧૦

શ્રી વિશ્વવંદ્યે વિધિપૂર્વક ઉત્પન્ન કરેલાં સ્વરનાં આંદોલનોમાં કેવું સમર્થ ચમત્કારિક પ્રભાવક તત્ત્વ છે, તેનો આ વાર્તા દ્વારા પરિચય કરાવ્યો છે.

"મંગલપ્રેરિત સંદેશ અથવા દૂરદર્શક તરુનું અદ્ભુત પ્રકાશન" નામની કૌતુકપ્રધાન છતાં વિજ્ઞાને કરેલી શોધોના આધાર પર લખાયેલી, કલ્પનાપ્રચૂર છતાં વાસ્તવિક રહસ્યનો સ્ફોટ સૂચવતી, અવિચ્છિન્ન રસથી અને સત્યોથી પૂર્ણ રોમાંચક વાર્તા છે. રોબિન્સન ક્રૂઝો અને ગુલિવરની જેમ આ રોમાંચક વાર્તાનો નાયક લક્ષ્મીપ્રસાદ ચીલાચાલુ અભ્યાસથી કંટાળી ઘેરથી નીકળી પડે છે અને મુંબઇમાં થોડા દિવસ પસાર કરી એક નાવમાં બેસી તે સમુદ્રયાત્રાએ ઉપડી જાય છે. માર્ગમાં નાવ તૂટતાં તે રોકસાણાના અદ્ભુત બેટમાં આવી પહોંચે છે. ત્યાં પવિત્ર દૂરદર્શક તરુનો સ્પર્શ કરવા માટે લક્ષ્મીપ્રસાદને દેહાંતદંડની સજા થતાં, વાર્તાની નાયિકા પૂજારણ રેમંડા તેને ઉગારી લે છે. તેનું, તથા ઉભય વચ્ચેના ઉત્કૃષ્ટ નિર્મળ પ્રેમના નિર્વહણનું અને મંગળ ગ્રહ સાથે સંપર્ક સાધવાના જનપ્રયાસનું વર્ણન વિશદ શૈલીમાં થયું છે. તેમાં સત્ય (Fact) અને કલ્પના (Fiction)નું જે રીતે સુભગ સંમિશ્રણ થયું છે તે નિર્વાહ્ય અને અત્યંત પ્રતીતિકર – આજના અવકાશયુગમાં પણ – લાગે છે.

યોગશાસ્ત્રનાં સૂક્ષ્મ અને ગૂઢ રહસ્યોને વિરલ પુરુષો જ સતત સાધનાને અંતે પામી-માણી શકે છે. પરંતુ તેમાં ય તે રહસ્યોનો વિનિયોગ પરમપદ પ્રાપ્તિ કે નિજ અભ્યુદય માટે તો અત્યલ્પ સાધકો કરતા હોય છે. આથી સ્વાર્થવૃત્તિ કે દુષ્ટકાર્ય માટે અથવા વેરની વસૂલાત કરવા માટે આ વિદ્યા યોજાતાં, તે ઉભયને સર્વથા દુઃખદાયક અને અહિતકારક નીવડે છે. અહીં મંગલના ગ્રહની સૃષ્ટિનું આપણને માત્ર આછેરું દર્શન કરવા મળે છે તથા પરમસ્તિષ્ક પ્રવેશવિધિ વિશે માત્ર સંક્ષેપમાં માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ કર્તાએ તારકાપ્રસાદ, ડી મોશિયો તથા ગામ્બા વચ્ચેની

દુશ્મનાવટની ગાથાને અહ્રે વધુ વાચા આપી છે. અહીં પણ, તારકાપ્રસાદ સૂક્ષ્મશરીરે અન્યના શરીરમાં પ્રવેશવાનો તથા તે વ્યક્તિના જ્ઞાનને સંપૂર્ણત: પામવાનો અધિકારી હોવા છતાં લોભ, અસૂયા, અસંતોષ અને વેરની ભાવનાથી જયારે તે જ્ઞાનનો દુરુપયોગ કરે છે ત્યારે કેવા અનર્થને પામે છે, તેનો પ્રસ્તુત લાંબી વાર્તા દ્વારા સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે.

"વાયુમાં છિદ્ર" એ ચતુર્થ પરિમાણને ભિન્ન સ્વરૂપે સમજાવતી વૈજ્ઞાનિક વાર્તા છે. પ્રાચીન નિગૂઢ વિદ્યાના અભ્યાસી તથા "વિજ્ઞાન" માસિકના તંત્રી, પાશ્ચાત્યવિદ્યાને જ પ્રમાણભૂત માનનારા અને યોગશાસ્ત્રના વિવિધ વ્યતિકરોને કપોલકલ્પિત ગપાટા તરીકે ગણાવનારા ઈશ્વરરાય સમક્ષ "વાયુમાં છિદ્ર" પાડવાની કલા દ્વારા અદૃશ્ય રીતે તેઓ હવામાં તરી શકે છે તથા ચતુર્થ પરિમાણમાં રહી પરોપકારાર્થે વિવિધ પ્રક્રિયાઓ પણ કરી શકે છે, તે એક પ્રયોગ દ્વારા દર્શાવ્યું છે.

તર્કવાદી બુધ્ધિશાળી ઈશ્વરરાય અનેક શંકા-કુશંકાને અંતે પ્રશ્ન પૂછે છે કે તેઓ આ અગમ્ય વિદ્યાને કેવી રીતે પ્રાપ્ત કરી શકયા, ત્યારે તેના અનુસંધાનમાં "વિજ્ઞાન" માસિકનો તંત્રી જે સ્વાનુભવ વર્ણવે છે તે સાતમી વૈજ્ઞાનિક વાર્તા : "પૃથ્વી ઉપર ભૂસકો મારતાં પૃથ્વી ઉપર ન પડતાં પૃથ્વીની દૂરના લોકમાં જઇ પડેલો પુરુષ."[1]

"ટાઇમ્સ"માં વિજ્ઞાનવિભાગમાં નોકરી કરતા હોવાથી આ તંત્રી અને તેમના મિત્ર દીનાનાથ ઓસ્ટ્રેલિયાના સુપ્રસિધ્ધ વૈજ્ઞાનિકની મુલાકાત લેવા "તાજમહાલ"હોટલમાં જાય છે ત્યારે

---

૧. પદ્યની માફક ગદ્યમાં પણ કેટલાંક પ્રકરણોનાં શીર્ષકો એટલાં જ લાંબાં અને કિલષ્ટ છે ।

૨૧ નંબરની ઓરડીમાં ચારેક ફીટ ઊંચાઇના એક ઠીંગણા મનુષ્યને હવામાં અધ્ધર ઉભા ઉભા ભીંતે ટાંગેલી છબીને અવલોકતો જોઇ, - તથા પછીથી બારીએથી પડતું નાખી રસ્તા પર ચાલતો અને પાછો તરત જ ચોથે મજલે તેને બારી પર ઉભેલો જોઇ તેઓ આશ્ચર્ય પામે છે. તેની મુલાકાત લેતાં, તે વિલક્ષણ વ્યક્તિ પ્રસન્નચિત્તે "વિજ્ઞાન" માસિકના તંત્રીને જણાવે છે :

".....અને તમને એ જ્ઞાન થવામાં હું નિમિત્તરૂપ થાઉં એમ મને લાગે છે. લક્ષમાં રાખજો કે હું માત્ર નિમિત્તરૂપ થવાનું તમને કહું છું. કેમ કે હું અથવા કોઇપણ મનુષ્ય તમને જ્ઞાન આપી શકે એમ નથી. પરંતુ તમને તે જ્ઞાન થવામાં હું અથવા કોઇપણ નિમિત્તરૂપ કે સાધનરૂપ થઇ શકે એમ છે. અને જીવનના પ્રત્યેક રહસ્યમાં એમ જ બને છે. તે કોઇનાથી આપી શકાતું નથી."[1]

પ્રસ્તુત વાર્તા દ્વારા ઈશ્વરરાયના શંકાશીલ માનસને સંતોષવા ઉપરાંત માસ્તરસાહેબ રહસ્યવિદ્યાના એક મહત્ત્વના સૂત્રને કલાત્મક રીતે નિરૂપે છે કે ગૂઢ તત્ત્વજ્ઞાન અપાતું-લેવાતું નથી પણ યોગ્ય અધિકાર પ્રાપ્ત થતાં તેનું સ્વયંભૂ સ્ફુરણ થાય છે.

ઉપરોક્ત સાતે વાર્તાઓનો અભ્યાસ કરતાં જણાશે કે તે સર્વ માત્ર વૈજ્ઞાનિક વાર્તાઓ નથી પણ સાથે સાથે આધ્યાત્મિક રહસ્યો પર સૂચક પ્રકાશ પાડતી ગૂઢ વાર્તાઓ છે.

વિશાળ જનસમુદાયનાં બુધ્ધિ-હૃદયને સમર્થ રીતે સ્પર્શવા માટેનાં પ્રબળ માધ્યમો "મહાકાલ" અને "પ્રાતઃકાલ" માસિકો દ્વારા શ્રીમાન્ વિશ્વવંદ્યે માત્ર આધ્યાત્મિક સાહિત્ય નથી આપ્યું પણ સાથે સાથે લોકહિતાર્થે સામાજિક, વ્યાવહારિક અને આરોગ્યવિષયક વિચારોનો ધોધ પણ વહેતો મૂકયો છે. નિમ્ન

---

૧. "વિ. કિ." પ્રથમ કિરણ, પૃ.૪૫૨

કક્ષાના જીવોથી માંડીને તે ઠેઠ અધિકારી મુમુક્ષુ સાધકોને કેન્દ્રમાં રાખીને તેઓશ્રીએ વિવિધ હિતકારી વિષયોને છેડયા છે. વિજ્ઞાનની થતી નવી શોધોથી અજ્ઞાત એવો સામાન્ય વર્ગ રોજબરોજ થતાં સંશોધનોથી ગુમાહિતગાર થાય તેમ જ અકારણ આશ્ચર્યભાવને ન અનુભવે, તો અન્યપક્ષે પાશ્ચાત્ય પ્રવાહના સંસ્પર્શથી પોતાની જાતને સુધારક કહેવડાવતો નવીન યુવાનવર્ગ માત્ર વૈજ્ઞાનિક પ્રયોગો, પ્રમાણો કે સિધ્ધિઓને જ પ્રમાણભૂત સ્વીકારી, સૂર્ય સમા તેજસ્વી પ્રતાપી અને સર્વશક્તિશાળી આર્યશાસ્ત્ર પ્રતિપાદિત સિધ્ધિઓને વહેમ ગણી તેની અવહેલના કે ઉપેક્ષા ન કરે તે માટે શ્રીમાન્ વિશ્વવંધે આ પ્રકારની વાર્તાઓ લખી છે. તેમાંથી નીચેના મુદ્દાઓને અલગ તારવી શકાય :

(૧) આજની છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધ એ આર્યશાસ્ત્ર પ્રતિપાદિત સિધ્ધિનો અત્યંત નાનકડો વ્યતિકર-અંશ છે. વિજ્ઞાન હજુ પણ જેને જાણી-પામી શક્યું નથી તેવી અનેકવિધ સિધ્ધિઓ પૂર્વે ભારતવર્ષમાં હતી અને આજે પણ છે. ચિતિશક્તિ, સંકલ્પબળ, નિરોધ, ચૈતન, ચતુર્થ પરિમાણ, પરમસ્તિષ્કપ્રવેશવિધિ વગેરે પર જેમણે સંપૂર્ણ સ્વામિત્વ પ્રાપ્ત કર્યું છે તેવાઓને અધતન શોધો નાનકડા બાળકની રમત જેવી લાગે છે.

કર્તાએ ઉપરોક્ત મુદ્દાઓને સુવ્યવસ્થિત, તાર્કિક અને વૈજ્ઞાનિક ઢબે સમજાવવા માટે આજનાં વિકસિત વિજ્ઞાન-મનોવિજ્ઞાનનો, પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોનાં પ્રમાણોનો તથા જરૂર પડે ત્યાં આકૃતિનો પણ સંપૂર્ણતઃ ઉપયોગ કરેલો છે.

(૨) આ વિલક્ષણ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે આર્યશાસ્ત્રોએ વર્ણવેલ વિધિ-પ્રયોગોમાં અડગ શ્રધ્ધા, અચળ ધૈર્ય અને સર્વશક્તિમાન્ પરમાત્મશક્તિ પ્રતિ સંપૂર્ણ વિશ્વાસ જરૂરી છે. સદ્ગુરુ કે વિલક્ષણ પુરુષો આ વિધાપ્રદાન પ્રક્રિયામાં માત્ર નિમિત્તરૂપ હોય છે. યથાયોગ્ય સમયે સાધકનો વિશિષ્ટ અધિકાર કેળવાતાં આ

વિદ્યાનું પરમાત્માની કૃપાથી સ્વયંભૂ જ્ઞાન થાય છે. શાળા-કોલેજની માફક ઉપરોક્ત વિદ્યાઓનું પધ્ધતિસર અધ્યયન-અધ્યાપન નથી થતું.

(૩) સદ્‌ગુરુ કે અદૃષ્ટ પરમાત્મા સિધ્ધિને પામવા માટે મથતા સાધકનો અધિકાર યથાયોગ્ય ક્રમવિધિથી ઘડતા હોય છે. પરંતુ તે સમય દરમ્યાન વિધિનો કે ગુરુઆજ્ઞાનો ભંગ કરી અનધિકારચેષ્ટા દ્વારા સત્વરે વિદ્યાપ્રાપ્તિ કે પ્રયોગસિધ્ધિ માટે જો પ્રયત્ન કરવામાં આવે છે તો તેની - શિશિરકુમાર, રમેશ, માધવગીર કે ખગોલવેત્તા જેવી - દુઃખદ સ્થિતિ થાય છે. તેથી અધિકારપ્રાપ્તિ પૂર્વે પ્રપન્નભાવ, શ્રધ્ધા અને ધૈર્યનો સાધકે ત્યાગ ન કરવો જોઇએ.

(૪) આ દિવ્ય અલૌકિક ચમત્કારિક વિદ્યા સાત્વિક સ્વરૂપની છે. ગુપ્તવિદ્યાના નિખાલસ નિઃસ્વાર્થી નિષ્કપટી સંવાહક બનવાથી જીવનો સર્વતોમુખી વિકાસ થાય છે તથા પરમાત્માથી અભિન્નસ્વરૂપને પણ તે પામે છે. પરંતુ સંકુચિત સ્વાર્થ કે મેલી મુરાદ માટે જો આ રહસ્યમય વિદ્યાનો ઉપયોગ કરવામાં આવે છે તો સાધકની વિનાશક અધોગતિ થાય છે. આ ગુપ્તવિદ્યાનાં રહસ્યો પ્રાપ્ત કરનાર સિધ્ધ ઉચ્ચકક્ષાનો ઉદાત્તદિલનો પરોપકારવૃત્તિવાળો હોવો જરૂરી છે.

(૫) આવી ગૂઢ અને ગંભીર બાબતોને રજૂ કરી હોવા છતાં શ્રીમાન્ વિશ્વવંદ્યની - "યોગિનીકુમારી" નવલકથાની માફક - કુશળ વાર્તાકાર તરીકેની હથોટી પ્રત્યેક વાર્તામાં છતી થાય છે. કર્તાએ ગોપનીય રહસ્યને અંતભાગમાં જ ખુલ્લું કરી, જિજ્ઞાસારસને સાદ્યંત જાળવી, હસતાં હસતાં - વાર્તાની સાથે સાથે - રહસ્યવિદ્યા પર પ્રકાશ પાડયો છે.

(૬) જાણીતા સાહિત્યકાર એચ.જી.વેલ્સે તો વૈજ્ઞાનિક વાર્તાઓ લખી એક નવો પ્રકાર આંગ્લસાહિત્યને ચરણે ધર્યો છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં સાહિત્યપ્રકાર તરીકે તે ઝાઝો ખીલવી શકાયો નથી, ત્યારે તેવી પરિસ્થિતિમાં આજથી લગભગ ૬૦ વર્ષ પૂર્વે માસ્તરસાહેબે "વિજ્ઞાનની રસિક વાર્તાઓ" લખીને દ્વારા સાહિત્યક્ષિતિજરેખાને વિસ્તૃત કરી, આ દિશામાં નવું પ્રશસ્ય અનુકરણીય પગલું ભર્યું છે, તેની પણ ગુજરાતી સાહિત્યમાં ખાસ નોંધ લેવાવી જરૂરી છે.

"વિચારરત્નરાશિ"માં માસ્તરસાહેબે અત્રતત્ર વેરેલી અમૂલ્ય ચિંતનકણિકાઓ પૈકી માત્ર કેટલીકનો એક સ્થળે સંગ્રહ કરવામાં આવ્યો છે; "પરિમલ અને પરિચય"માં શ્રી વિશ્વવંદ્યના વિપુલ સાહિત્યમાંથી મઘમઘતા મોગરા સમા નાના-મોટા લેખો અને કાવ્યોને ચૂંટી પરિમલ પ્રસરાવવાનો તથા તેઓના સત્વશાળી સાહિત્ય વિશે વિવિધ વિદ્વાનોના અભિપ્રાયો એકસ્થળે પ્રકાશિત કરી તેમની સાહિત્ય સેવાનો યત્કિંચિત્ પરિચય કરાવવાનો પ્રકાશકોએ અભિનંદનીય પ્રયત્ન કર્યો છે; તો "પ્રાસંગિક ઉક્તિઓ"ને સુહૃત્પુષ્પાંજલિ" પુસ્તકમાં, મહાકાલમાં "પ્રાસંગિક ઉક્તિઓ" શીર્ષક નીચે માસ્તરસાહેબે સાહિત્ય, સમાજ, ધર્મ, તત્વજ્ઞાન તેમ જ તત્કાલીન ઘટનાઓ વિશે જે વિચારો અને મંતવ્યો દર્શાવ્યાં હતાં તેનો, તથા "સુહૃત્પુષ્પાંજલિ" વિભાગમાં તેઓએ સમયાનુસાર જે કેટલાક પત્રો પ્રગટ કર્યા હતા તેનો અત્રે એકસ્થળે સંગ્રહ કરી, માસ્તરસાહેબની બહુમુખી પ્રતિભા અને પ્રસન્ન વ્યક્તિત્વનો તેજસ્વી રેલો વાચકોના હૃદય સુધી પહોંચાડવાનું નિમિત્તરૂપ કાવડિયાનું પવિત્રકાર્ય સાધકબંધુ ડૉકટર જગન્નાથે બજાવ્યું છે. આપણે તો "તાત્વિક ચર્ચા"ના વિવેચનમાં માસ્તર સાહેબના ગ્રંથસ્થ લેખોનો અને "મહાકાલ"માં સચવાયેલા કેટલાક

નોંધપાત્ર મનનીય લેખોનો જ માત્ર ઉલ્લેખ કરેલો છે, પરંતુ તે સિવાય તે તે માસિકોમાં હજારો પૃષ્ઠોનું દળદાર માતબર સાહિત્ય દટાયેલું પડયું છે.

અલબત્ત, "મહાકાલ"ના અંકોમાં કટકે કટકે તેઓશ્રીનું સાહિત્ય પ્રકટ થતું હોવાથી તેમ જ ઘણીવાર જિજ્ઞાસુ સાધકે કે સજ્જને પૂછેલા પ્રશ્નનો અને શંકાનું તેમાં સયુક્તિક સપ્રમાણ નિરાકરણ કે નિરસન કરવાનું હોવાથી, તેમની ભિન્ન ભિન્ન વિષયો પર પ્રકટ થતી લેખમાળામાં પુનરાવર્તન થતું હોય છે ; તો કયારેક તેમાં દીર્ઘસૂત્રિતા પણ આવી જતી હોય છે. પરંતુ તેમ છતાં માસ્તરસાહેબના સાદા સંયમી નીતિપૂર્ણ આડંબરરહિત વિશુધ્ધ ચારિત્ર્યનો પ્રભાવ તે વખતે એટલો બધો વ્યાપક હતો કે ગુજરાતની શિક્ષિત ધર્માભિમુખ જનતા "મહાકાલ" અને તેમાં પ્રગટ થતી તેમની લેખમાળા વાંચવા-સમજવા અને જીવનમાં તે સિધ્ધાન્તોને ચરિતાર્થ કરવા સદાયે ઉત્સુક રહેતી. "મહાકાલ"માં પ્રગટ થયેલો એક એક બોલ એ સ્વાનુભૂતિનો સચોટ રણકો હોવાથી સમગ્ર પ્રજા તેમનામાં અડગ વિશ્વાસ મૂકતી. વિચાર, વાણી અને વર્તનમાં સંપૂર્ણ સમાનતા હોવાથી આ મિતાહારી મિતભાષી તપસ્વી મહાત્માનું જીવન સૌ સાધકોને માટે આદરણીય અને આદર્શરૂપ બન્યું હતું. સાધકવર્ય સેવાભાવી માસ્તરસાહેબ નૃસિંહાશ્રમના ઓરડાઓ વાળીઝૂડી સાફ કરી નમ્રસેવક બનવામાં ગૌરવ અનુભવતા અને સાથે "મહાકાલ"માં પણ સેવા-સાધનાની પ્રતિષ્ઠા કરતા. શરીરને સાચવવા-કેળવવા માત્ર પૂરતો પોષક આહાર તેઓ નિત્ય જીવનમાં લેતા તથા વર્ગના માસિકમાં આહારોપચાર, ઉપવાસોપચાર, દીર્ઘ આયુષ્ય વગેરેની રસપ્રદ પર્યેષણા કરતા. સતત પ્રવૃત્તિમય જીવનમાં પણ શેષ સમય કાઢી એકાન્તમાં બેસી તેઓ એકાગ્રચિત્તથી ઈશ્વરોપાસના કરતા અને "મહાકાલ"ના લેખોમાં આંદોલન, ચૈતન્ય, સંકલ્પ વગેરે ચમત્કારિક શક્તિઓનો આ અનુભવી સિધ્ધ પુરુષ

પરિચય આપતા. વસ્ત્રમાં, વિહારમાં કે વાતચીતમાં તેઓ કલાત્મક સંયમ રાખતા અને તે રીતે અન્યને ઉપદેશતા. આવા સ્વચ્છ અને સ્પષ્ટ વિચારદર્શનથી તથા તેવી જ આદર્શ આચાર-સંહિતાથી વિદ્વાનોના વિશાળ સમુદાયમાં તેમની કીર્તિ અત્તરની જેમ ચોમેર પ્રસરી હતી. વર્ગમાં કે વર્ગ બહાર તેમણે કદી પોતાના વિચારો લાદવાનો પ્રયત્ન કર્યો નથી કે પોતે જે કહે છે તે જ સત્ય છે અને બીજાઓના વિચારોમાં સત્યાંશ નથી એ રીતનું એકાંગી આલેખન પણ કર્યું નથી. બલ્કે, પોતે પૂર્વકાળે પ્રકાશિત કરેલા કોઇ પણ વિચાર કે વિધાનમાં પાછળથી કાંઇક દોષ જણાયો હોય તો તેને સત્વરે સંબંધકર્તા સમક્ષ - અને જાહેરમાં પણ - નિખાલસતાથી કબૂલ કરી તેને સુધારી લેતા. વિધ્વત્તાની સાથે નમ્ર નિખાલસ હ્રદયની ઉદાત્તતા અને અનાવિલ આર્જવની ગુણસમૃધ્ધિ વિના આમ બનવું સહજ અને સરળ નથી.

માસ્તરસાહેબનું વિશાળ ગદ્યસાહિત્ય સમગ્રતયા અવલોકતાં કદાચ કોઇને એક જ વિષયમાં ભિન્ન ભાસતી કે વિરોધી જણાતી વિચારસરણી પણ જોવા મળે તો આશ્ચર્ય નહીં. પરંતુ વાસ્તવમાં તેઓશ્રીએ વિશાળ જનસમુદાયને લક્ષમાં રાખી એક જ ચરમ લક્ષ્યને પહોંચવા માટેની સહસ્ત્ર કેડીઓ કુશળતાથી સૂચવી છે. જેને જે કેડી અનુકૂળ આવે, તે એને શ્રધ્ધા અને ધીરજપૂર્વક વળગી રહી પરમતત્ત્વને પામે તેવી માસ્તરસાહેબની તેમાં દીર્ઘદ્રષ્ટિ રહેલી છે. "મહાકાલ"ના અસંખ્ય વાચકો ભિન્ન ભિન્ન સોપાન પર ઉભા રહેલા સાધકો હોવાથી તેઓ સમક્ષ એકસરખી વિચારસરણી કે પ્રયોગવિધિ વર્ણવવી, તે સર્વથા ઉપકારક ન પણ નીવડે. આ અંગે માસ્તરસાહેબ ઉલ્લેખ કરે છે તે પ્રમાણે,

"મહાકાલ એક જ વાચકને માટે અથવા એક જ અધિકારવાળા વાચકને માટે લખવામાં આવતું નથી. તેને વાંચનારા હજારો મનુષ્યોમાંથી કોઇના અંત:કરણની સામગ્રી એકપ્રકારની હોય છે

તો કોઇની બીજા પ્રકારની હોય છે. કોઇ વ્યાવહારિક સુખની સિધ્ધિને જ પોતાનું પરમ કર્તવ્ય માને છે, તો કોઇ તે સુખનાં વિરાગવાળા હોઇ પારમાર્થિક સુખની સિધ્ધિને જ પોતાનું પરમ કર્તવ્ય માને છે. કોઇ જૂના વિચારોમાં અત્યંત દૃઢ મમત્વવાળા છે તો કોઇ નવા વિચારોમાં અને કોઇ જૂના તથા નવા વિચારોમાં જે પોતાને ખરા લાગે તેવા વિચારોમાં અત્યંત દૃઢ મમત્વવાળા છે. આવા ભિન્નભિન્ન સામગ્રીવાળા અંતઃકરણના હજારો વાચકો અર્થે લખાતા ભિન્નભિન્ન લેખોના વિચારો પરસ્પરથી જુદા તથા પ્રસંગે વિરોધનું ભાન કરાવનારા હોય તો તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી."[1]

આથી શ્રી વિશ્વવંદ્યના વિચારપ્રવાહને વિશદ રીતે સંપૂર્ણતયા સમજવા અસમર્થ એવા કેટલાક મંદ જીવોએ તે વખતે એમ પણ માની લીધું હતું કે માસ્તરસાહેબ વર્ગના આદ્યસંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજીની મૂળ વિચારવીથિથી સહેજ વંકાઇને સ્વકીય મન્તવ્યો વર્ણવવાનું વલણ ધરાવે છે । પરંતુ હકીકતમાં તો તેઓશ્રી તેમના પરમ ઉપાસ્ય સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના જ વિચારોને તેમની લાક્ષણિક શૈલીમાં રજૂ કરે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી, શ્રીમદ્ઉપેન્દ્રાચાર્યજી તથા શ્રી વિશ્વવંદ્ય – ત્રણેય મહાનુભાવો અભિગમ અને અભિવ્યક્તિમાં પોતપોતાની અનોખી ભાત પાડે છે, પરંતુ તે તો એક જ પોત પર ચિત્રાંકિત થયેલી ડીઝાઇનની જેમ માત્ર બાહ્ય દેખાવમાં ભિન્ન લાગે છે તેટલું જ, પરંતુ તેનું આંતરસ્વરૂપ તો ત્રણેયમાં એક અવિચ્છિન્ન અને અભિન્ન છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જે સિધ્ધાન્તો પ્રતિપાદિત કર્યા તેને માસ્તરસાહેબ પ્રાચીન પૌરસ્ત્ય આર્યશાસ્ત્રકારોનાં આધાર-પ્રમાણોથી પુષ્ટ કરે છે એટલું જ નહીં પણ તે જમાનામાં વિકસી

---

૧. "મહાકાલ", પુ. ૨૩, સં. ૧૯૬૭, અંક ૫, પૃ. ૧૮૭

રહેલા મનોવિજ્ઞાન અને શુધ્ધવિજ્ઞાનનાં પરિણામોને તથા પાશ્ચાત્ય વિદ્વાનોનાં વિધાનોને પણ સમાંતર રીતે – તુલનાત્મક દૃષ્ટિથી – મૂકતા જાય છે. સામાન્યમાંથી સિધ્ધ બનેલા માસ્તરસાહેબને આંગ્લકેળવણીનો સંસ્પર્શ હોવાથી તથા પશ્ચિમના આરોગ્ય, વિજ્ઞાન અને અધ્યાત્મશાસ્ત્રનાં માસિકોનું અવલોકન–પરિશીલન કરવાનો પ્રથમથી જ અભ્યાસ હોવાથી, તેઓ સ્વાનુભવને અને સદ્ગુરુના વિચારપ્રવાહને આધુનિક વિજ્ઞાન–મનોવિજ્ઞાનને સાથે રાખી નવીન દૃષ્ટિથી વ્યક્ત કરે, તે સ્વાભાવિક છે.

સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જ સાધકબંધુ શ્રી જેકિશનદાસ કણિયાને માસ્તરસાહેબ વિશે આ પ્રકારના શબ્દો કહયા હતા :–

"પ્રજાપતિ જેમ હાંલ્લાં તૈયાર કરી પછી તે બરાબર પક્વ થયાં છે કે નહિ તે માટે તેને ટકોરા મારી જુએ છે અને એ રીતે જે બરાબર પાકેલાં પાત્ર હોય તેને પૃથક્ સ્થાપે છે, તેમ આપણા મંડલમાં જો કોઇ બરાબર તૈયાર થયા છે – સાધક મટી સિધ્ધ થયા છે, શિષ્ટ મટી ગુરુપદને યોગ્ય થયા છે, મંડલના નેતૃત્વની યોગ્યતાવાળા થયા છે તો તે એક "માસ્તર" જ છે."[1]

તેમ છતાં, આ મહત્વની બાબતમાં શ્રી માસ્તરસાહેબ ક્ષણે ક્ષણે કેટલા બધા જાગૃત હતા, તે "મહાકાલ"ના કેટલાક અંકોમાંની "પ્રાસંગિક ઉક્તિઓ" તથા તેમનું પદ્યસાહિત્ય વાંચવાથી સ્પષ્ટ તરી આવે છે.

ખાસકરીને, સ્ત્રીઓની ઉન્નતિ, સ્ત્રીઓ પ્રતિ સન્માનબુધ્ધિ, બુધ્ધિમાન્ પુરુષોના મર્યાદાપૂર્વકના સહવાસથી સ્ત્રીઓનાં અંતઃકરણ પર સારી અને ઉન્નત અસર થવાની શકયતા....વગેરે

---

૧. શ્રીમતી જયન્તીદેવી : "શ્રી વિશ્વવંદ્યવિભૂતિવૈભવ" – "શ્રી વિશ્વવંદ્ય–ચરિતદર્શન", પૃ. ૧૮

બાબતો સંબંધમાં, કોઇ કોઇ ગણી ગાંઠી ચુસ્ત જૂનવાણી સાધક કે સજ્જન વ્યક્તિઓએ આ પ્રકારનો વિરોધ-વંટોળ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો હશે પણ તેની કાંઇ અસર ઉપજી નથી. કારણ કે તે વિરોધ સત્યથી વેગળો હતો. શ્રીમન્નૃસિંહાચાર્યજીના "ભામિનીભૂષણ", "સિધ્ધાન્તસિંધુ" વગેરે ગ્રંથોમાં તથા માસ્તરસાહેબના "યોગિનીકુમારી"મં અને અન્યત્ર વર્ણવાયેલા પ્રસંગો અને વિચારોનું તટસ્થપણે તુલનાત્મક અધ્યયન કરનારને દીવા જેવું સ્પષ્ટ સમજાય તેમ છે કે, પોતાના સદ્ગુરુનાં જ કેટલાંક શ્રેયસ્કર વિચારબીજકોનો તેમના સદ્શિષ્યે ઉત્ફુલ્લ વિકાસ કરીને તેનો આકર્ષક શૈલીમાં પ્રસ્તાર-પ્રચાર કર્યો છે. શૈલીની નૂતનતા સિવાય, તેમણે કાંઇ જ નવું કહયું નથી એમ તેઓ ડિંડિમ વગાડીને "મહાકાલ"માં વારંવાર કહે છે.

તે જ પ્રમાણે, શ્રેયસ્સાધક અધિકારી વર્ગના વિચારો સંબંધમાં સ્પષ્ટતા કરતાં તેમણે લખ્યું હતું કે આચાર્યશ્રીના અનુગ્રહથી વર્ગના અનેક ઉત્તમ પ્રતિભાશાળી વિદ્વાનો, વર્ગમાં અને વર્ગ બહાર ઉત્તમ કોટિનું સાહિત્ય સર્જે છે, પ્રવચનો પણ કરે છે, માસિકો અને પુસ્તકો પણ પ્રકટ કરે છે. તે લખાણોનો વર્ગના સિધ્ધાન્તોથી કોઇપણ પ્રકારનો વિરોધ જણાતો નથી. પરંતુ તેમાં - તેમની શૈલીમાં તે તે લેખકોની વૈયક્તિક પ્રતિભા અને વ્યક્તિત્વની મુદ્રા અંશતઃ પણ અંકિત થાય એ સ્વાભાવિક છે, પણ

"જેટલું ભિન્નભિન્ન વિદ્વાન તથા અવિદ્વાન શ્રેયસ્સાધકોએ લખ્યું તથા હવે પછી લખશે તે સર્વ શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના જ નિશ્ચયો છે, એવો ભૂલભરેલો નિશ્ચય બાંધવાની કોઇએ અગત્ય નથી. શ્રેયસ્સાધક જે કંઇ લખે છે, અને બોલે છે તેમાં તેના પોતાના અંતઃકરણનો રંગ આવી ગયા વિના રહેતો નથી, અને તેથી બુધ્ધિમાને તેમાંથી પોતાને ગ્રહણ કરવા યોગ્ય ભાસે તેટલું જ ગ્રહણ કરવું, એ જ યોગ્ય છે."

ઉપરનું વિધાન માસ્તર સાહેબ તેમનાં પોતાનાં લખાણોને પણ લાગુ પાડીને જણાવે છે કે,

"........શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જે કંઇ લખ્યું છે, અથવા વૈખરી દ્વારા પ્રબોધ્યું છે, તે જ વસ્તુતઃ શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના પોતાના નિશ્ચયો તથા વિચારો છે. આ વિના પાછળથી જે કંઇ લખાયું છે, તથા લખાય છે, તેના જવાબદાર તેના લેખકો છે."[1]

ગદ્યકાર માસ્તરસાહેબ :-

ગ્રંથસ્થ થયેલું અને "મહાકાલ"નાં હજારો પૃષ્ઠોમાં સચવાયેલું માસ્તરસાહેબનું ગદ્યસાહિત્ય બેઠાણ વિપુલ પ્રમાણમાં થયેલું છે એટલું જ નહીં પણ પદ્યના મુકાબલે ગદ્ય વધુ સત્ત્વશાળી, તેજસ્વી અને ખમીરવંતુ છે. અત્યારસુધી આપણે માસ્તરસાહેબે વિવિધ વિષયો પર વ્યક્ત કરેલી વિચારસૃષ્ટિને અવલોકી ગયા, પરંતુ હવે તે વિચારોને વહન કરતી તેમની ગદ્યશૈલી પ્રસંગે પ્રસંગે કેવી વિવિધ છટા ધારણ કરે છે, તેની સદૃષ્ટાંત ચર્ચા કરીશું.

"પ્રસન્નતાને કદી ના ત્યજીએ, પ્રસન્ન સઉ સ્થિતિમાં રહીએ"નો તાત્ત્વિક બોધ કરનાર શ્રીમાન્ વિશ્વવંદ્યની ગદ્યશૈલીની ભવ્ય ઇમારત પ્રસન્નતાના પાયા પર ઉભેલી છે. શુષ્ક વેદાન્તચર્ચામાં, વિજ્ઞાનની રસિક વાર્તાઓમાં, વ્યાવહારવિષયક પ્રશ્નોની પર્યેષણામાં કે કોઇ જિજ્ઞાસુએ પૂછેલા પ્રશ્નના અથવા કોઇએ દ્વેષથી વર્ગ પ્રતિ કરેલા આક્ષેપના અનુસંધાનમાં તેમની ગદ્યશૈલી તાર્કિક બને છે, વિચારને વધુ સ્પષ્ટ કરવા દૃષ્ટાંતમાલા પ્રયોજે છે, જરૂર પડે તો નાની આખ્યાયિકાથી અલંકૃત બને છે, પરંતુ

---

1. "મહાકાલ", પુ. ૨૩, સં. ૧૯૬૭, અંક ૫, પૃ. ૧૯૦

પ્રસન્નતા-પ્રફુલ્લતાને કદી ત્યજતી નથી. વિરોધી મતોનું નિરસન કરતાં પણ તેમની શૈલી કદી મિથ્યા આવેશ કે રોષને ધારણ કરતી નથી પરંતુ વિધેયાત્મક અભિગમ (Positive approach) થી સ્વમતની વારંવાર પ્રતિષ્ઠા કરે છે. માસ્તર સાહેબની લેખિની-નિર્ઝરિણીમાંથી કેટલાયે હતાશ-નિરાશ થયેલા મનુષ્યોએ પ્રેરણાજળ પી પોતાના જીવનનું ચમત્કારિક પરિવર્તન કર્યું છે, કારણ કે માસ્તરસાહેબના લખાણોમાં જીવનની ઉપેક્ષા નથી, પણ જીવનનો સ્વીકાર છે. આધ્યાત્મિક ચિંતન તેમાં ભારોભાર હોવા છતાં તેમના લખાણની ગતિ પ્રેયસ્ અને શ્રેયસ્ વચ્ચે ઝોલાં ખાતા અને તેમાંથી બચવા-ઉગરવા કશાકનો આધાર-ટેકો લેવા મથતા-ઝઝૂમતા માનવ પ્રતિ છે. આથી નિર્વેદ, નૈરાશ્ય, ક્લેશને નિર્મૂળ કરી. આશા, ઉત્સાહ અને પ્રસન્નતા ધારણ કરવાની વાચક-સાધકને પ્રેરણા આપતી તેમની ઊર્ધ્વમુખી વિચારધારા સંસારનાં દુ:ખથી સંતૃપ્ત હૃદયોને શીતળ અમીરસપાનનો અનુભવ કરાવી ગઇ છે.

તેઓ સ્પષ્ટ માને છે કે, જીવનમાં જેને પ્રસન્નતાનું મહત્ત્વ સમજાયું નથી તે ગમે તેટલો વેદાદિ પારંગત વ્યુત્પન્ન વિદ્વાન હોય પણ તેની વિદ્વત્તાનું મૂલ્ય એકડા વગરના મીંડા જેવું નહીંવત્ છે.

"વૃક્ષનું મૂલ્ય તેના ઉપર આવતાં ફળથી અંકાય છે. આંબો દશે દિશાએ ફાલ્યો હોય છતાં, તેના ઉપર આવેલી કેરી ખાટી ચીચોડા જેવી હોય તો તે આંબો મનોહર દીસતો હોય તો પણ તેથી શું ? શાસ્ત્રાભ્યાસ અને વિદ્વત્તાનું ફળ જો મધુર ન પ્રગટ્યું, તો તે શાસ્ત્રાભ્યાસનો પરિશ્રમ શા અર્થનો ? શુધ્ધ વિચારવાળું નિર્મળ પ્રસન્ન અંત:કરણ તથા તેવું જ વર્તન એ જ શાસ્ત્રાભ્યાસનું ફળ છે. શાસ્ત્રાભ્યાસના વૃક્ષ ઉપર સુવાસવાળું પુષ્પ આવવાને બદલે કંટક ઉગ્યા તો તે શાસ્ત્રાભ્યાસ નિષ્ફળ છે."[1]

---

૧. "વિચાર રત્નરાશિ", પૃ. ૧૦

તેઓશ્રી સંસારથી ભાગીને એકાંત અરણ્યમાં કે પર્વતની ગુફામાં સ્થિત થઇ આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો બોધ કરતા નથી, પરંતુ સંસારમાં અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે રહીને પણ સંસારને જીતી સર્વતોમુખી વિકાસ થઇ શકે છે, તેમ દૃઢપણે માને છે. તેઓશ્રી વાસનાથી ભડકી તેનાથી બાર ગજ દૂર રહેવાની ભલામણ કરતા નથી, પરંતુ વાસનાને વિહિતમાર્ગે પોષી, સંતોષી અને પછી તેનો સદંતર ક્ષય કરી વાસનાના દાસ ન બનતાં સ્વામી થવાનું જણાવે છે. તેઓ જયાં ત્યાં બિનજરૂરી અનર્થકારી દારિદ્રયપૂર્ણ શબ્દો ઉચ્ચારવાની મના કરે છે પરંતુ આપણે સર્વ પરમાત્મસ્વરૂપ છીએ તેવી ઉચ્ચભાવના સેવી અહમ્‌ની પ્રતિષ્ઠા કરવાનું સૂચવે છે -

"સ્વસ્વરૂપની ભાવના એ સિંહનું બાળક છે. તે એક ક્ષણનું નાનું બાળક હશે તો પણ એક એક ક્ષણ વડે મોટું થતાં, કાળે કરીને બકરીઓના સૈન્ય જેવી તમારી અસંખ્ય અયોગ્ય ભાવનાઓનો તે લય કરી નાંખશે. તેથી એકાંત સ્થલમાં જાઓ, અથવા જયાં બેઠા હો ત્યાં નેત્ર મીંચો, હૃદયમાં ઊંડા ઉતરો, બાહ્ય દૃશ્ય વિચાર પરિત્યજો, સ્થિર થાઓ, અને "હું હું" એવું ભાન જયાં થાય છે, તે સ્થળે, તમારા અપૂર્ણપણાના ભાનનો બાધ કરી, "હું પૂર્ણ ચિતિસ્વરૂપ છું", "હું સત્‌ચિત્‌આનંદસ્વરૂપ છું", એ ભાનને, અર્થમાં તન્મય થઇ સ્પષ્ટ અનુભવો."[1]

આમ માસ્તરસાહેબનો બોધ નકારાત્મક નહીં પણ રચનાત્મક હોવાથી, તેમના ગદ્યમાં એક પ્રકારની તાજગી કે ઉષ્મા વર્તાતી હોય એમ જણાય છે. સતત સાધનાભ્યાસને અંતે સદ્‌ગુરુકૃપાથી સિધ્ધદશાને પામેલા તથા વર્ગનું અને તેનાં માસિકોનું કુશળતાપૂર્વક સફળ સંચાલન કરનારા માસ્તરસાહેબના નિત્ય દૈનિક જીવનથી

---

૧. "વિચારરત્નરાશિ", પૃ.૩૮

"મહાકાલ"ના મોટાભાગના વાચકો અને સાધકો પરિચિત હતા તેમના સાદા સંયમી નીતિવિશુધ્ધ ચારિત્ર્યસંસ્કારની તેઓ પર વિશેષ અસર હતી. "મહાકાલ"ના લેખોમાં પણ એ જ સ્વાનુભૂતિનો સચ્ચાઇનો રણકો હોવાથી તેમના બોધની અદ્ભુત અસર આમજનતામાં પડે તે સ્વાભાવિક હતું. "શીલ તેવી શૈલી"નું અતિચર્ચિત સૂત્ર ગોવર્ધનરામ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરે સાક્ષરરત્નોથી જેમ માસ્તરસાહેબનાં લખાણોને પણ એટલું જ લાગું પડે છે. પ્રસન્નતા, સરળતા, નિખાલસતા, ધ્યેયલક્ષિતા એ તેમના જીવનની જેમ કવનનાં પણ પ્રધાન લક્ષણો ગણાવી શકાય.

મનુષ્યમાં રહેલી નિર્બળતાને શ્રીવિશ્વવંદ્ય કઠોરતાથી કે કટુતાથી હસી કાઢતા નથી પરંતુ સહૃદયતાથી સમભાવપૂર્વક દોષદર્શન કરાવી તેને દૂર કરવા પ્રેરણા-પ્રોત્સાહન આપે છે. આવા મનનીય વિચારોને વધુ સુસ્પષ્ટ કરવા વ્યવહારના ખૂણામાંથી જે પદાર્થો મળી આવે તેનો ઉપમા-દૃષ્ટાંતાદિમાં સુંદર વિનિયોગ કરે છે, તેમાં કર્તાની કુશળતાની પ્રતીતિ થાય છે. તેમાંથી કેટલાંક ઉદાહરણો જોઇએ :

( ૧ ) કર્તા પરાવલંબી બનેલા અદ્ભુત શક્તિવાળા યુવકને હતાશા અને નિર્બળતા ત્યજવાનું તથા સ્વાવલંબી થવાનું પ્રશ્નાર્થ શૈલીમાં સૂચવે છે –

"બીજાની સલાહ લેવી હોય તો લેવી, પણ તે કયાં સુધી ? શું મરણની પથારી ઉપર સુઇએ ત્યાં સુધી ? તમને સલાહ આપવા જેવું બીજાઓનામાં સામર્થ્ય કયાંથી આવ્યું ? બીજાઓ શું આકાશમાંથી ઉતરી આવ્યા છે, અને તમે છાણમાંથી પેદા થયા છો ? જે બીજામાં છે તે તમારામાં છે, તો પછી પોતાનો અનાદર કરી પારકાનું નિત્ય અવલંબન સેવ્યા કરવું, અને સર્વદા પરતંત્ર રહેવું એ શું યોગ્ય છે ?

સાઠ વર્ષના ડોસા જેવડા થતાં છતાં પણ શું બાળકના બાળક જ રહેવું, અને માતાની કેડ ઉપરથી ન ઉતરવું ? પરંતુ અસંખ્ય મનુષ્યો આમ જ કરે છે. ખાવામાં, પીવામાં, વસ્ત્ર પહેરવામાં, રહેવામાં, વિચાર કરવામાં, અને આ વિનાની પ્રત્યેક ક્રિયા કરવામાં બીજાના જ વિચારોને અનુસરે છે. તેઓ જીવતાં છતાં પણ કાષ્ઠની પુતળીઓ જેવા રહે છે, અને બીજાના વિચારરૂપી સૂત્રધાર જેમ નચવે તેમ નાચ્યા કરે છે.

શાસ્ત્રો અને સત્પુરુષોની આંગળી ઝાલીને સર્વદા બેશી ન રહો. પવિત્ર પુરુષો જેમ બીજાનું રાંધેલું અને બીજાનું એઠું ખાતા નથી, તેમ બીજાઓએ સ્વાનુભવથી પ્રકટાવેલું અને અનુભવેલું એઠું જ્ઞાન નિત્ય ખાવાની અયોગ્ય ઇચ્છાને વશ ન થાઓ. માતાની કે પિતાની થાળીમાં તેમના ભેગા બાળક હો ત્યાં સુધી જમો તો કંઇ અડચણ જેવું ગણાતું નથી, પણ દાઢીમૂછો આવ્યા પછી તેવી ને તેવી બાળચેષ્ટા જારી રાખો, એ જેમ તમારી અયોગ્યતાને સૂચવે છે, તેમ માતાપિતાને પણ ત્રાસજનક થાય છે."[1]

(૨) પારકાને સલાહ-ઉપદેશ આપવામાં આપણે જ અગ્રણી હોઇએ છીએ, પરંતુ તે જ ઉપદેશ પ્રમાણે આચાર કરવાનો આપણે પ્રયત્ન પણ નથી કરતા, તે ભાવને અનેકવિધ દૃષ્ટાંતોથી કેવો વેધક રીતે મૂકયો છે !

"અન્યને બોધ આપતાં આપણે ગરૂડ બની જઇ ગગનમાં ઉડીએ છીએ. પરંતુ એ બોધ પ્રમાણે વર્તન કરવાનું આપણને પોતાને પ્રાપ્ત થતાં આપણે કીડા થઇ છાણમાં અને માટીમાં આળોટીએ છીએ. બોધ આપવામાં આપણે બૃહસ્પતિ બનીએ છીએ ; બોધ પ્રમાણે વર્તન કરવામાં આપણે વાણી અને વર્તનનો ભેદ રાખનાર

---

૧. "વિ. કિ.", પ્રથમ કિરણ, પૃ. ૩૬

કોઇ ધૂર્તનું પણ વિસ્મરણ કરાવીએ છીએ. આપણા ચાવવાના અને દેખાડવાના દાંત ભિન્ન ભિન્ન છે.

o o o

મનુષ્યોનું વાણીનું બળ વધ્યું છે, આચારમાં આમળા જેવડું મીંડું પડ્યું છે. વાણીમાં પ્રતાપનું કે પૃથુરાજનું શૌર્ય વ્યાપી રહ્યું છે, આચારમાં પુંશ્ચલીની કાયરતા છવાઇ રહી છે. વાણીમાં નાયગરાના ધોધ જેવો પ્રબળ પ્રવાહ વહે છે, આચારમાં જળના બિંદુ વિનાનું મારવાડનું કે કચ્છનું રેતીનું રણ દૃષ્ટિએ પડે છે. વાણીરૂપ મ્યાન, રત્ન તથા મૌક્તિક વડે અત્યંત સુશોભિત કર્યું છે, આચારરૂપ તરવાર, ખરા લોઢાની તીખી અસિ હોવાને બદલે મોરનું પીછું છે."[1]

(૩) તેથી બીજાઓના વર્તનની ટીકા કરવામાં કે અન્યને ઉપદેશ આપવામાં, આપણો ભવ્ય ભૂતકાળ ઉખેડવામાં કે ભવિષ્યનાં મોહક સ્વપ્નાં રચવામાં સમયનો દુર્વ્યય ન કરતાં વર્તમાનની એક એક ક્ષણનો સદુપયોગ કરવો જરૂરી છે. માસ્તરસાહેબ કહે છે :

"તમારે તો તમારો વર્તમાનકાળ કેવો છે એ જ સર્વદા જોવાનું છે. ક્ષણ પછી તમે ઇંદ્રનું ઇંદ્રાસન ડોલાવી નાંખે એવી તપશ્ચર્યા કરવાના હો, પણ તે અનિશ્ચિત ભવિષ્યકાળની જ વાતો છે. કોણ ખાતરી આપે છે કે ક્ષણ પછી તમારે પગને અંગુઠે મૃત્યુરૂપી સર્પ નહિ ડસે, અને ઇંદ્રનું ઇંદ્રાસન ડોલાવતાં તમે જ જાતે નહિ ડોલી જાઓ ! જો તમારો વર્તમાન કાળ પ્રયત્નથી શૂન્ય છે, વર્તમાનકાળમાં તમારી છાતી ઉપર આળસરૂપી રાક્ષસી ચઢી બેશી તમારૂં રુધિર પીએ છે, વર્તમાનકાળમાં તમે માલ વિનાના મનની, વાણીની અને શરીરની ક્રિયાઓ કરી તમારા

---

૧. "વિચારરત્નરાશિ", પૃ.૯૧, ૯૨

મગજના અણુઓમાં જીવત્વના સંસ્કારોને પુષ્ટ કર્યા કરો છો, તો ભવિષ્યકાળમાં મોતીના ચોક પૂરવાની તમારા મનને તમે ભલે મોટી મોટી આશાઓ આપી દેડકીની પેઠે ફુલાવતા હશો, પણ તમારી આશાના રંગબેરંગી પરપોટા દેડકીના પેટની પેઠે ફાટી ગયા વિના રહેવાના નથી, એ નિશ્ચય માનજો. તેથી કાલે તમે શું કરવાના છો, એ વિચારને બાજુએ મૂકી આજ તમે શું કરો છો, આ ક્ષણે તમે શું કરો છો, વર્તમાનકાળ તમારો કેવો વ્યતીત થાય છે, વર્તમાનકાળમાં તમારાં મન, વાણી અને શરીરની ક્રિયાઓ કેવી છે, તે જુઓ, અને તે જો જીવભાવના કાદવથી ખરડાયલી હોય તો તત્કાળ બ્રહ્મભાવના જળથી તેમને અત્યંત વિશુધ્ધ કરો. જે કરવાનું હોય તે વર્તમાનકાળમાં જ કરો, કારણ કે વર્તમાનકાળનો પ્રયત્ન જ વિજયની વરમાળા તમારા કંઠમાં આરોપનાર છે."[૧]

ઉપરોક્ત દૃષ્ટાંતો પરથી સ્પષ્ટ જણાશે કે ૧૯મી સદીના અંતભાગમાં અને વીસમી સદીના પ્રથમ દશકામાં – પંડિતયુગમાં – વિપુલ સાહિત્યસર્જન કરનાર માસ્તરસાહેબનું ગદ્ય સંસ્કૃત શબ્દોથી અલંકૃત છે ખરું, પરંતુ દીર્ઘસમાસો, ભદ્રંભદ્રીય સંસ્કૃત શબ્દો, પ્રલંબ વાક્યરચના વગેરે તત્કાલીન પંડિતયુગનાં પ્રચલિત લક્ષણોથી તદ્દન મુક્ત છે. મણિલાલ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરેની જેમ માસ્તરસાહેબે તત્ત્વજ્ઞાનના અઘરા વિષયને શક્ય તેટલી સરળતાથી સમજાવવા પ્રયત્ન કર્યો છે, તેમાં તેમની નિરુપણપધ્ધતિ શાસ્ત્રીય, સરળ અને સંકલનાબધ્ધ હોવા છતાં ક્લિષ્ટતા કે કટુતાનો અંશ સરખો પણ નથી. બલ્કે તેઓશ્રીનું નિર્મળ કાચ જેવું સ્વચ્છ વિચારદર્શન હોવાથી વ્યવહારમાંના ક્ષુલ્લક ગણાતા પદાર્થોને ઉપમાન તરીકે યોજ્યા હોવા છતાં આધ્યાત્મિક વિષયોનું ગૌરવ જળવાયું છે અને તે સર્વ સરળતાથી અને સચોટતાથી કુશળતાપૂર્વક નિરુપાયા છે.

---

૧. "વિ.કિ.", પ્રથમ કિરણ, પૃ. ૬૪, ૬૫

દા.ત. મન પર સ્વામિત્વ મેળવવું એ દુષ્કર કાર્ય નથી પરંતુ અતિસરળ કાર્ય છે ; તે માટે યથાર્થ પ્રયત્ન કરવો જોઇએ. તે પ્રયત્ન પણ કેવો આનંદદાયક લાગે છે તે સમજાવવા તેમણે હાફુસકેરીનું કેવું સુંદર દૃષ્ટાંત આપ્યું છે !

"આપણા સાધકોએ જે પ્રયત્ન સેવવાનો છે, તે જરા પણ કઠિન નથી. હાથમાં કુહાડો લઇ આખો દિવસ લાકડાં ચીરવાનાં નથી, કે તગારાં વહી વહીને થાકીને લોટપોટ થવાનું નથી. આપણે વેતરું કરવાનું તો છે જ નહિ, તથાપિ કદાચ તે છે, એમ માનીએ તો તે કપૂરનું વેતરું છે. આપણો શ્રમ અણગમાનો નથી, પણ પ્રેમનો છે. હાફુસની કેરી છોલવાનું કોઇને કામ સોંપીએ તો તે તેને શ્રમ જેવું લાગે, પણ તેને કાપેલી ચીરીઓ મુખમાં મૂકવાને આપીએ તો તે ખાવાનો શું તેને શ્રમ જણાય છે ? નહિ જ. કારણ કે તે ખાતાં થતા વિલક્ષણ સુખના આનંદમાં ચાવવાનો પરિશ્રમ થાય છે કે કેમ તેનું તેને ભાન પણ થતું નથી. મનના ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરવાનો શ્રમ પણ આવો જ છે, કારણ કે શ્રમની પ્રત્યેક ક્ષણે મન ઉપર સ્વલ્પ સ્વલ્પ સ્વામિત્વ પ્રાપ્ત થતું રહેતું હોવાથી તેના આનંદમાં તે શ્રમનું ભાન પણ થતું નથી. હાફુસની કેરી કદી ન ખાનાર ભલે તેને ખાટી કે કડવી કહી તેને ખાવાના પરિશ્રમને લોઢાના ચણા ચાવવાના પરિશ્રમ જેવો જાણી તેથી વિરક્ત રહે પરંતુ અનુભવ કરનાર પછી તેથી વિરક્ત રહેતો નથી, તેમ મન ઉપર સ્વામિત્વ મેળવવાનો કદી પણ પ્રયત્ન ન કરનાર અસંખ્ય મનુષ્યો ભલે તેમાં પરિશ્રમ અને કંટાળો સૂચવે, પરંતુ આપણે જેને યથાર્થ પરિશ્રમ સત્શાસ્ત્રો કહે છે તેવો કરી જોયા વિના કંટાળો કે પરિશ્રમ સૂચવવો યોગ્ય નથી."[૧]

---

૧. "વિ. કિ.", પ્રથમ કિરણ, પૃ. ૧૯, ૨૦

માસ્તરસાહેબે પ્રતિષ્ઠાપ્રાપ્તિ અર્થે સાહિત્ય સર્જ્યું નથી પરંતુ વર્ગના અને વર્ગબહારના ધર્માભિમુખ સજ્જનોનો શ્રેયસ્ના પથે ઉત્તરોત્તર વિકાસ થાય તે રીતે અંતરાત્માના અવાજને અનુસરીને સાત્ત્વિક સર્જનાત્મક પ્રવૃત્તિ આદરી છે. "મહાકાલ"ના અંકોનું મોટાભાગનું લખાણ (ખાસકરીને આરંભમાં) પોતે એકલા જ લખતા હોવાથી, તેમ જ તે સિવાય વર્ગની અનેકવિધ જવાબદારીનું નિર્વહણ કરતા હોવાથી તેમને સર્જનપ્રવૃત્તિ માટે વિચારવિનિમયનો કે એકાંતચિંતનનો શેષ સમય પણ રહેતો ન હતો. પરંતુ સદ્ગુરુની પ્રેરણાથી જે અનુભવવચનો હૃદયમાં આકાર લેતાં તેને તેઓ તરત જ શબ્દસ્થ કરતા. સિધ્ધપદે આરૂઢ થયેલા આ દિવ્ય તપસ્વી મહાત્માનું વિચારદર્શન એટલું બધું તો નિર્ભેળ અને નિર્મળ હતું કે વિચારોને વ્યક્ત કરવા માટે શબ્દો કે ઉપમાનો શોધવા તેમને યત્કિંચિત્ આયાસ કરવો પડતો ન હતો પરંતુ ઉપમાનોની વણઝાર તેમના ચિત્ત સમક્ષ રમતી. આથી કેટલીકવાર એક જ વિચારને વધુ વિશદ રીતે સમજાવવા તેમણે પ્રયોજેલી દૃષ્ટાંતમાલા, ઉપમાપરંપરા કે રૂપકોની સંખ્યા વધુ પડતી પણ લાગે છે. પરંતુ અન્યપક્ષે તે ગહન વિચાર એકદમ સુસ્પષ્ટ થાય છે અને અનેક દૃષ્ટાંતોને લીધે વાચક-સાધકના ચિત્તમાં તે સદ્વિચારનું દૃઢીકરણ થાય છે. આપણે કેટલાંક ઉદાહરણો જોઇએ :

(૧) આ જગતમાં ભય જેવું કાંઇ છે જ નહિ. પરંતુ મનુષ્ય ખોટા વસ્તુવિચારથી પ્રતિકૂળ ધોતન કરનારા ભયનું સ્વરૂપ રચે છે. પણ,

"ભયનું આ મોટું ગંજાવર મકાન રેતીના પાયા ઉપર ચણાયલું હોય છે. તે દોરડીમાં જણાતા સાપ જેવું મિથ્યા છે. તે કાગળમાં ચિત્રેલા વાઘની પેઠે વૃથા જ છળાવી મારનાર છે.

તે લાકડાના ઠુંઠામાં જણાતા ચોરની પેઠે મિથ્યા ધ્રુજાવનાર છે. અનાદિ કાળથી મનુષ્યોએ પોતાની કલ્પનાથી જ આ ભયના અસંખ્ય વિચારોને રચેલા હોય છે. જેમ ચોરની અને ભૂતની વાતો સાંભળીને અજ્ઞાન મનુષ્યો ઘરમાં બિલાડીનો પગરવ થતાં છળી મરે છે, પવનથી બારણું ખખડતાં કંપી ઉઠે છે, અને તેમને પરસેવાના રેબઝેબ છૂટી જાય છે, તેમ મનુષ્યો મિથ્યા કલ્પના વડે જ, ભયનાં સ્વરૂપો રચી છળી મરે છે, અને કંપી ઉઠે છે. તેમની મિથ્યા કલ્પના જ, તેમના મિથ્યા વિચારો જ, તેમને ભયના પ્રસંગો તેમના આગળ મૂર્તિમાન રચી દેખાડે છે."[1]

: ૨ : ખાનપાનના ક્ષુલ્લક સ્વાદમાં આનંદ માનનારા અને ચિરસ્થાયી વાસ્તવિક આનંદથી અનભિજ્ઞ મનુષ્યો પર હળવો કટાક્ષ કરતાં માસ્તરસાહેબ કહે છે –

"આવા વિચારોમાં અને આવી ક્રિયામાં નિરંતર જોડાતું મન ઉચ્ચ સુખનો શી રીતે અનુભવ કરે ? ખાળકુંડીના મલિન જળને ઉછાળી અત્તરના સુવાસને શી રીતે ગ્રહણ કરે ? વિષ્ઠાનો શરીરે લેપ કરી ચંદનના લેપનું સુખ શી રીતે અનુભવે ? રેતીને ચાવી સાકરનો સ્વાદ શી રીતે ગ્રહણ કરે ? અને તો પણ અસંખ્ય મનુષ્યો આવી ક્રિયાઓ કરતાં છતાં સુખને ઇચ્છે છે. બાવળને વાવે છે અને આમ્ર ઉપર ઉગતી કેરીઓ વેડવા આશા રાખે છે, અને કેરીને બદલે કાંટા આવેલા જોઇને, કેરી કેમ ન આવી એવા શોકના ઉદ્ગારો કાઢયા કરે છે."[2]

ગુજરાતી સાહિત્યમાં નર્મદથી આરંભાયેલું ચિંતનાત્મક ગદ્ય ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર છતાં અણઘડ અને અવ્યવસ્થિત છે.

---

૧. "વિચારરત્નરાશિ", પૃ. ૬૬

૨. એજન, પૃ. ૮૬

પણ તેનો વિકાસ મણિલાલના ગદ્યમાં થયેલો જોઇ શકાય છે. મણિલાલનું ગદ્ય નર્મદના મુકાબલે વધુ વ્યવસ્થિત, તર્કશુધ્ધ અને શાસ્ત્રીય ખરું, પણ તેમાં પાંડિત્યપ્રચુરતા અને સ્વમતપ્રતિષ્ઠાનો દુરાગ્રહ ડોકિયાં કરતાં જણાય છે. મણિલાલ નભુભાઇ દ્વિવેદીના સમકાલીન માસ્તરસાહેબનું તત્ત્વવિષયક ગદ્ય પ્રસાદ અને માધુર્ય ગુણોથી દીપતું પ્રસન્નપ્રવાહી વિશેષ જણાય છે. માસ્તરસાહેબને કોઇ મત કે સંપ્રદાયનું ખંડન કરવાનું ન હોવાથી તેમની દૃષ્ટિ સારદર્શી અને સમન્વયી છે. તેઓએ વર્ગના સિધ્ધાંતોની વારંવાર ચર્ચા-પ્રતિષ્ઠા કરી હોવા છતાં સ્વમતાગ્રહી બની તે વિશે આત્યંતિક વિધાનો કે વલણો વ્યકત્ત કર્યાં નથી કે અન્ય પ્રતિપક્ષના વિચારોનું નિરસન કરવા કમર કસી નથી. બલ્કે તે બહુશ્રુત વિદ્વાને ઘણીવાર અન્યધર્મો અને પાશ્ચાત્ય સાહિત્યમાંથી પણ સ્વમતની પુષ્ટિ કરતા સમાંતર મતો પ્રદર્શિત કર્યા છે અને કયારેક પ્રારંભમાં પોતે જ વ્યકત્ત કરેલા વિચારો ઉચિત ન જણાતાં, પાછળથી પ્રામાણિકપણે તેનો એકરાર પણ કરેલો છે. આ આદર્શ શિક્ષક એક એક મુદ્દાનું વ્યવસ્થિત વર્ગીકરણ કે પૃથક્કરણ કરી તેને અત્યંત સરળભાષામાં નિરૂપવાનો પ્રયત્ન કરે છે. સંસ્કૃતના તેઓ ઊંડા અભ્યાસી હોવા છતાં અને તે વખતના પંડિતયુગનું વલણ કિલષ્ટ અને પ્રલંબ દીર્ઘસમાસયુકત વાકયરચનાવાળા ગદ્યખંડો સર્જવાનું હોવા છતાં, આ નિજાનંદ મહાત્માએ અર્થઘન સ્વમુદ્રાંકિત વાકયપદાવલિઓથી દીપતા અનેક સમર્થ લેખો લખ્યા છે. વાચકોને સીધું ઉદ્બોધન, તળપદાં રૂપકો કે દૃષ્ટાંતો, સર્વધર્મના સત્યાંશને વેદાંતવિચારધારાના પ્રકાશમાં નવીન તાર્કિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવાની પધ્ધતિ વગેરેને લઇને માસ્તરસાહેબે અર્પેલું વિચારપાથેય આજે ય તેટલું જ નિત્યનવીન, તેજસ્વી અને આહ્લાદક લાગે છે.

ડૉ. ધીરુભાઇ ઠાકર, માસ્તરસાહેબ અને મણિલાલ ન. દ્વિવેદીની ગદ્યશૈલીની તુલના કરતાં જણાવે છે,

"તેમના (માસ્તરસાહેબના) લેખોમાં મૌલિક ચિંતન છે. ધર્મ અને તત્વજ્ઞાનનાં પ્રચલિત સૂત્રોનો વ્યાવહારિક સંદર્ભમાં અર્થ સમજાવવાની સૂઝ તેમની એક વિશિષ્ટ સિધ્ધિ છે. તેમનું ગદ્ય વિચારની પ્રૌઢિ અને કથનની સચોટતાથી અંકિત છે. વાચકને પ્રત્યક્ષ સંબોધન કરીને તેનો વિશ્વાસ સંપાદન કરી, તેના અંતરમાં પ્રવેશ કરવાની તેમની સામાન્ય પધ્ધતિ હતી. આવી પધ્ધતિ સ્વ.મણિલાલ નભુભાઇની હતી. પરંતુ મણિલાલના લખાણમાં પાંડિત્યનો ભાર વરતાય છે. વિશ્વવંદ્યનાં લખાણો મુકાબલે હળવાં ને સરસ લાગે છે. મણિલાલના લેખોમાં સ્વમતપ્રતિપાદનના આગ્રહને કારણે પક્ષવાદ ડોકિયાં કરે છે. વિશ્વવંદ્ય સનાતન ધર્મકર્મની મર્યાદામાં ફરે છે, પણ પક્ષવાદથી ઘણુંખરું સાવધાનીપૂર્વક દૂર રહે છે. તેથી વિચારોનો સંઘર્ષ અને તેમાંથી ઝરતા વાણીના તણખાનો અનુભવ તેમનાં લખાણોમાં બહુધા જોવા મળતો નથી."[૧]

સનાતન આર્યધર્મના રક્ષકનો ઐકાન્તિક સ્વાંગ ન સજનાર આ સમન્વયદર્શી મધુભાષી માસ્તરસાહેબના સરળ સુંદર છતાં ભવ્ય તેજસ્વી ગદ્યમાં ગાંધીયુગના ગદ્યનાં લક્ષણોનાં બીજ પડેલાં કોઇને પણ દેખાય, તો એ સ્વાભાવિક છે. માસ્તરસાહેબના આચાર અને વિચારમાં અથવા દર્શન અને જીવનમાં કલાત્મક એકતા વણાયેલી જોઇ અને તેની પ્રભાવક અસર વિશાળ બહુ જનસમાજ પર અંકિત થયેલી જોઇ ગાંધીયુગના સાહિત્યકાર શ્રી રમણલાલ વ. દેસાઇ નોંધે છે :

---

૧. ડૉ. ધીરુભાઇ ઠાકર, "ગુજરાત સમાચાર", "સાહિત્ય અને સંસ્કાર" વિભાગ, ૨૩મી ઓગષ્ટ, ૧૯૬૪.

"આ સ્થલે છોટાલાલ જીવનલાલનું સાધુજીવન અને દેહઘાટ મહાત્મા ગાંધીજીના સાધુજીવન અને દેહઘાટ સાથે સરખાવવાનું મન થઇ આવે છે. અક્રોધ, પ્રેમ, સાદાઇ, આસ્થા, સત્યનિષ્ઠા, મિતાહારનો આગ્રહ અને છતાં કલાપ્રિયતા એ બંને વિશિષ્ટ વ્યક્તિઓમાં આપણે જોઇ શકીએ છીએ. શ્રી છોટાલાલને તેમના વર્ગે "વિશ્વવંદ્ય"નું બિરદ આપ્યું હતું એ બહુ વાસ્તવિક હતું. તેમના ચારિત્ર્યની બહુ ભારે અસર હતી. માસ્તરસાહેબ અને મહાત્મા બંને દુર્બળદેહી તપસ્વી સરખા."[1]

અંતમાં, શ્રી વિશ્વવંદ્યના સમસ્ત જીવન અને કવનના અંતસ્તત્વને, વાઙ્મયવિચાર અને આકારના સૌન્દર્યસત્ત્વને તથા તેમના - જીવમાત્રના - પરમશ્રેય (Highest Bliss) ના પુરુષાર્થની અમોઘ વિજયચાવીને - નિસ્તરંગ સરોવરના જલમાં ઝિલાતા રસચન્દ્રની જેમ - નિઃશેષતઃ સાકાર કરતા નીચેના પરિચ્છેદથી આ પ્રકરણની સમાપ્તિ કરીશું.

"પ્રતિદિન ગગનમાં નિત્ય થોડીવાર પણ ઉડ્યા કરો. પૂર્વે કોઇ દિવસ કોઇ મનુષ્ય જેટલે ઊંચે ન ગયો હોય તેટલે ઊંચે જાઓ. પાંખ વિના શી રીતે ઉડીએ, એમ પૂછો છો ? તમારી પાસે કલ્પના નામની અદ્દ્ભુત અને મહાસમર્થ પાંખ છે, એ શું તમે નથી જાણતા ? એ પાંખ વડે ક્ષણમાં તમારે સૂર્યલોકમાં જવું હોય તો તમે જઇ શકો એમ છો ; અને બીજી જ ક્ષણે છેક પાતાળમાં ઉતરી જવું હોય તો તમે ઉતરી શકો એમ છો. ત્યારે કલ્પના વડે શુધ્ધ ચૈતન્યના અપરિમિત આનંદના, નિઃસીમ શાંતિના, અનંત જ્ઞાનના પ્રદેશમાં ઉડો. તે પ્રદેશમાં આવી ત્યાં પાંખો પસારીને પડ્યા રહો. ત્યાં તમારા મનને શાંતિથી રમવા દો. અનંત ચૈતન્યના

---

૧. શ્રી રમણલાલ વ. દેસાઈ, "જીવન અને સાહિત્ય" ભાગ ૨, "શ્રેયઃસાધક વર્ગ અને તેનું સાહિત્ય", પૃ. ૩૨૫.

એ મહોદધિ સાથે એકાકાર થાઓ. તમે જાણે નથી, અને એ જ જાણે છે, એમ ધારો. એ પરમતત્ત્વની સાથે તમે પણ પરમ તત્ત્વમય થઇ રહો. એ અમર્યાદ સત્ સ્વરૂપમાં તમારું મર્યાદાવાળું મિથ્યા અભિમાન ઓગાળી નાંખો. એ તત્ત્વનું જ તમારી વૃત્તિમાં ભાન કરતા કરતા જગતને વિસરી જાઓ. સમગ્ર જીવનની સાથે, સમગ્ર જ્ઞાનની સાથે, સમગ્ર સામર્થ્યની સાથે, કલ્પના વડે – વિચાર વડે – અભિન્ન થાઓ. પ્રાતઃકાળે શય્યામાં જાગ્રત થાઓ, તેવા જ આ ક્રિયા કરો. રાત્રે નિદ્રામાં પ્રવેશો તે પૂર્વે આ ક્રિયા કરો ; દિવસે જ્યારે જ્યારે અનુકૂળતા મળે ત્યારે આમ કરો. પ્રત્યેક પ્રસંગે દશ મિનીટ અથવા પા કલાક આ ક્રિયામાં ગાળો. તમે નવા જ્ઞાનથી, નવા સામર્થ્યથી, નવા આનંદથી યુક્ત થઇને ગગનમાંથી નીચે આ પૃથ્વી ઉપર આવશો."[1]

---ooo---

---

૧. "વિચારરત્નરાશિ", પૃ. ૧